# આદિવાસીઓમાં વ્યવસાયિક વૈવિધ્યતાના પ્રવાહો
# એક સમાજશાસ્ત્રીય અભ્યાસ

**Trends of Occupational Diversification Among The Tribal A sociological study**

## (ડાંગ જિલ્લાના આહવા તાલુકાને કેન્દ્રમાં રાખીને)

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિર્વસિટીના એમ.ફિલની પદવી માટે અભ્યાસક્રમના ભાગરૂપે
કરવામાં આવેલ સંશોધન પ્રસ્તાવ


માર્ગદર્શકઃ
ડૉ. અશોકભાઇ પટેલ
શ્રીમતી પી.આર.પટેલ આર્ટ્સ કોલેજ,પલાસર

સંશોધકઃ
ધર્મેન્દ્રભાઇ બી.ગાયકવાડ


**સમાજશાસ્ત્ર એમ.ફિલ.વિભાગ**
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિર્વસિટી,
પાટણ - 384265.
**વર્ષ 2017-18**

# પ્રખ્યાપન

હું **ગાયકવાડ ધર્મેન્દ્રભાઈ બાપુરાવભાઈ** માસ્ટર ઓફ ફિલોસોફી સમાજશાસ્ત્ર વર્ષ 2018-19ની વિદ્યાર્થી છું. આ સાથે વિભાગમાં સુચના અનુસાર ડૉ.અશોકભાઈ પટેલનાં માર્ગદર્શન હેઠળ નિબંધ "**આદિવાસીઓમાં વ્યવસાયિક વૈવિધ્યતાના પ્રવાહો – એક સમાજશાસ્ત્રીય અભ્યાસ**" વિષય પર લઘુશોધ નિબંધ (Dissertation)નું કાર્ય પૂર્ણ કરી રજુ કરું છું.

આથી હું સ્વીકૃત અને પ્રમાણિત કરું છું કે પ્રસ્તુત લઘુશોધ નિબંધ સ્વરૂપે રજુ થયેલ અભ્યાસ સંશોધન કાર્યમાં સંલગ્ન ગ્રંથસૂચિમાં નિર્દિષ્ટ સંદર્ભગ્રંથો વગેરેનાં આધારે તૈયાર કર્યું છે. તેમાંના નિરૂપણ અને નિષ્કર્ષ મૌલિક છે.આ શોધકાર્યમાં રજુ થયેલા મંતવ્યો અને વિગતો માટેની જવાબદારી મારી પોતાની છે.

સ્થળ – પાટણ **ગાયકવાડ ધર્મેન્દ્રભાઈ બાપુરાવભાઈ**

તા. / /2018

**Master of Philosophy In Sociology**
**Department of M.Phil.**
**Hemchandracharya North Gujarat University, Patan**
**Year : 2018-19**

# પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી એમ.ફીલ. સમાજશાસ્ત્રમાં અભ્યાસ કરતા **ગાયકવાડ ધર્મેન્દ્રભાઈ બાપુરાવભાઈ** રોલ નં.07 એ એમ.ફિલ. સમાજશાસ્ત્રની પદવી માટે પ્રસ્તુત લઘુશોધ નિબંધ **"આદિવાસીઓમાં વ્યવસાયિક વૈવિધ્યતાના પ્રવાહો – એક સમાજશાસ્ત્રીય અભ્યાસ"** એ શીર્ષક હેઠળ તેમણે મૌલિક અને સ્વતંત્ર રીતે સંશોધન, અધ્યયન, પરામર્શન નિષ્ઠાપૂર્વક તૈયાર કરેલ છે. જેમાં તેમણે ઉપયોગમાં લીધેલા સંદર્ભ ગ્રંથોનો ઉચિત સ્થાને ઉલ્લેખ કરેલ છે.

સ્થળ : પાટણ
તારીખ : / /2018

માર્ગદર્શક
**ડૉ.અશોકભાઈ પટેલ**
સમાજશાસ્ત્ર વિભાગ
શ્રીમતી પી.આર.પટેલ આર્ટ્સ કૉલેજ,
પલાસર

# ઋણ સ્વીકાર

મનુષ્ય પોતાના જીવનમાં કોઈપણ કાર્યને સફળતાપૂર્વક પરિપૂર્ણ કરવા માટે અન્ય વ્યક્તિઓની પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદની જરૂર પડે છે. પ્રસ્તુત સંશોધનકાર્યમાં શરૂઆતથી અંત સુધી દરેક તબક્કે મને મદદ કરી તે સર્વનો હું આભારી છું.

સૌ પ્રથમ તો હું મારા માતા-પિતા, ભાઈ-બહેનનો આ સંશોધનકાર્યમાં મને હરપળ આર્થિક અને માનસિક બળ પૂરું પાડવા બદલ આભારી છું કે જેમણે મને ઉચ્ચ શિક્ષણ સુધી અભ્યાસ કરવાની પ્રેરણા અને સહકાર આપ્યો અને મને આ સ્થાને પહોંચાડ્યો.

પ્રસ્તુત શોધકાર્યમાં પ્રારંભથી અંત સુધી પોતાનો સમય આપી સલાહ સૂચનો આપનાર મારા માર્ગદર્શક ડૉ.અશોકભાઈ પટેલનો હું હૃદયપૂર્વક આભાર માની વંદન કરું છું. તેમની પ્રેરણાથી મને આ કાર્ય કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું છે. તેમના સહજ,આત્મીય અને માર્ગદર્શનના કારણે હું આ કાર્ય પૂરું કરી શક્યો છું તે માટે તેમનો ઋણી છું.

સંશોધનકાર્ય માટે જરૂરી માહિતી પૂરી પાડનાર ગ્રામપંચાયતો અને ગામના ઉત્તરદાતાઓ કે જેમણે તેમનો કિંમતી સમય આપી જરૂરી જવાબો આપ્યા તેમનો હું ખૂબ જ આભાર માનું છું.

સંશોધનનાં શરૂઆતથી અંત સુધી વખતો વખત માર્ગદર્શન આપનાર મારા સ્નેહી મિત્રો કે જેમણે મને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદ કરનાર એવા દરેક મિત્રોનો આભાર વ્યક્ત કરું છું. તદ્ઉપરાંત ટૂંક સમયમાં સુંદર મુદ્રણકાર્ય કરી આપવા બદલ શ્રી કલ્પેશભાઈ વ્યાસનો હું આભાર માનું છું.

તારીખ :　　　　　　　　　　　　　　　　　　　　　　સંશોધકની સહી

સ્થળ : પાટણ　　　　　　　　　　　　　　　　　　ગાયકવાડ ધર્મેન્દ્રભાઈ

બાપુરાવભાઈ

# અનુક્રમણિકા

| ક્રમ | પ્રકરણનું નામ | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| 1 | સંશોધન આયોજન | 1-12 |
| 2 | સંદર્ભ સાહિત્યની સમીક્ષા | 13-28 |
| 3 | કાર્યક્ષેત્રનો પરિચય અને ઉત્તરદાતાની પ્રાથમિક માહિતી | 29-58 |
| 4 | પરંપરાગત વ્યવસાયો અને વ્યવસાયિક વૈવિધ્યતા | 59-98 |
| 5 | વ્યવસાયિક વૈવિધ્યથી સામાજિક અને આર્થિક પરિવર્તન | 99-126 |
| 6 | તારણો | 127-139 |
| • | સંદર્ભસૂચિ | 140-141 |
| • | મુલાકાત અનુસૂચિ | |

# કોષ્ટક સૂચિ


| ક્રમ | કોષ્ટક ક્રમ | કોષ્ટકની વિગત | પૃષ્ઠ |
|---|---|---|---|
| 1 | 3.1 | ઉત્તરદાતાની ઉંમર અંગેની વિગત | 42 |
| 2 | 3.2 | ઉત્તરદાતાની જાતિ અંગેની વિગત | 43 |
| 3 | 3.3 | ઉત્તરદાતાની ધર્મ અંગેની વિગત | 44 |
| 4 | 3.4 | ઉત્તરદાતાની વ્યવસાય અંગેની વિગત | 45 |
| 5 | 3.5 | ઉત્તરદાતાના કુટુંબના પ્રકાર અંગેની વિગત | 46 |
| 6 | 3.6 | ઉત્તરદાતાના વૈવાહિક દરજ્જા અંગેની વિગત | 48 |
| 7 | 3.7 | કુટુંબના સભ્યોની જાતિ અંગેની વિગત | 49 |
| 8 | 3.8 | કુટુંબના સભ્યોની ઉંમર અંગેની વિગત | 50 |
| 9 | 3.9 | કુટુંબમાં અભણ, આશ્રિત અને શિક્ષણ અંગેની વિગત | 51 |
| 10 | 3.10 | કુટુંબના સભ્યોનું ચાલુ શિક્ષણ અંગેની વિગત | 52 |
| 11 | 3.11 | કુટુંબના સભ્યોનો વૈવાહિક દરજ્જા અંગેની વિગત | 54 |
| 12 | 3.12 | કૌટુંબિક વ્યવસાય અંગેની વિગત | 55 |
| 13 | 3.13 | કુટુંબની વાર્ષિક આવક અંગેની વિગત | 56 |

| | | | |
|---|---|---|---|
| 14 | 3.14 | આધુનિક સાધનો અંગેની વિગત | 58 |
| 15 | 4.1 | જમીન અંગેની વિગત | 61 |
| 16 | 4.2 | જમીનના પ્રમાણ અંગેની વિગત | 62 |
| 17 | 4.3 | પરંપરાગત વ્યવસાય અંગેની વિગત | 63 |
| 18 | 4.4 | વ્યવસાયનું પ્રમાણ અંગેની વિગત | 64 |
| 19 | 4.5 | પરંપરાગત વ્યવસાય જાળવવાનું ગમે છે તે અંગેની વિગત | 66 |
| 20 | 4.6 | પાકોના વાવેતર અંગેની વિગત | 66 |
| 21 | 4.7 | ખેતી માટે બિયારણ અંગેની વિગત | 67 |
| 22 | 4.8 | ખેતીના ઉપયોગમાં લેવાતા સાધનો અંગેની વિગત | 69 |
| 23 | 4.9 | પરંપરાગત વ્યવસાય જાળવો છો કે નહિ તે અંગેની વિગત | 70 |
| 24 | 4.10 | પરંપરાગત વ્યવસાયથી ગુજરાન ચાલે છે કે નહિ તે અંગેની વિગત | 71 |
| 25 | 4.11 | ગુજરાન ચલાવવા કયા વ્યવસાયે જાય તે અંગેની વિગત | 72 |
| 26 | 4.12 | પશુપાલન અંગેની વિગત | 73 |
| 27 | 4.13 | પશુઓ અંગેની વિગત | 74 |
| 28 | 4.14 | મરઘાપાલન અંગેની વિગત | 75 |
| 29 | 4.15 | ખેતી માટે નાણાં અંગેની વિગત | 76 |

| | | | |
|---|---|---|---|
| 30 | 4.16 | ખેતીમાં સિંચાઈ પદ્ધતિનો ઉપયોગ અંગેની વિગત | 77 |
| 31 | 4.17 | ખેતીમાં ખાતરનો ઉપયોગ અંગેની વિગત | 78 |
| 32 | 4.18 | શિકાર અંગેની વિગત | 79 |
| 33 | 4.19 | જંગલમાંથી મેળવતા વનપેદાશો અંગેની વિગત | 81 |
| 34 | 4.20 | પરંપરાગત વ્યવસાયનું જ્ઞાન બાળકોને આપવા અંગેની વિગત | 82 |
| 35 | 4.21 | વ્યવસાયમાં પરિવર્તન અંગેની વિગત | 84 |
| 36 | 4.22 | વ્યવસાયમાં પરિવર્તનના પ્રમાણ અંગેની વિગત | 85 |
| 37 | 4.23 | વ્યવસાય સ્વીકારવાની પ્રેરણા અંગેની વિગત | 86 |
| 38 | 4.24 | નવો વ્યવસાય સ્વીકારવાના પ્રેરણા અંગેની વિગત | 87 |
| 39 | 4.25 | ખેતી સિવાયના અન્ય વ્યવસાયમાં જોડાવા અંગેની વિગત | 88 |
| 40 | 4.26 | બાળકોને શિક્ષણ આપવા અંગેની વિગત | 89 |
| 41 | 4.27 | નવા વ્યવસાય અંગેના મત અંગેની વિગત | 90 |
| 42 | 4.28 | નવા વ્યવસાય સ્વીકારવાની મુશ્કેલી પડે છે કે નહિ તે અંગેની વિગત | 91 |
| 43 | 4.29 | નવા વ્યવસાયની તાલીમ અંગેની વિગત | 92 |
| 44 | 4.30 | કયો વ્યવસાય વધુ ફાયદાકારક છે તે અંગેની વિગત | 93 |

| | | | |
|---|---|---|---|
| 45 | 4.31 | બાળકોને ઔદ્યોગિક કામ કરવા મોકલો છો તે અંગેની વિગત | 94 |
| 46 | 4.32 | સહકારી મંડળી અંગેની વિગત | 95 |
| 47 | 4.33 | રહેણીકરણીમાં પરિવર્તન અંગેની વિગત | 96 |
| 48 | 4.34 | નવા વ્યવસાય માટે લોન લીધી હોય તે અંગેની વિગત | 97 |
| 49 | 4.35 | કામ માટે બહાર જતા હોય તે અંગેની વિગત | 98 |
| 50 | 5.1 | નવા વ્યવસાયથી સામાજિક જીવનમાં પરિવર્તન અંગેની વિગત | 102 |
| 51 | 5.2 | કયા વ્યવસાય સ્વીકારવાથી સમાજમાં પરિવર્તન આવશે તે અંગેની વિગત | 103 |
| 52 | 5.3 | કયો વ્યવસાય બાળકોને ભણવામાં ઉપયોગી થાય તેની વિગત | 104 |
| 53 | 5.4 | નવા વ્યવસાયથી વ્યક્તિના સ્થાનમાં પરિવર્તન અંગેની વિગત | 105 |
| 54 | 5.5 | નવા વ્યવસાથી શિક્ષણમાં વધારો થયો છે કે નહીં તે અંગેની વિગત | 106 |
| 55 | 5.6 | બાળકોને શિક્ષણ આપવા અંગેની વિગત | 107 |
| 56 | 5.7 | કુટુંબના સભ્યોને નોકરી અંગેની વિગત | 108 |
| 57 | 5.8 | પુત્ર-પુત્રીના શિક્ષણ અંગેની વિગત | 109 |
| 58 | 5.9 | નોકરી કરતા વ્યક્તિને વિશેષ મહત્વ આપવા અંગેની વિગત | 110 |
| 59 | 5.10 | બાળકોને કયા માધ્યમમાં ભણાવા માંગો છો તે અંગેની વિગત | 111 |

| | | | |
|---|---|---|---|
| 60 | 5.11 | સમાજના સામાજિક સંબંધોમાં પરિવર્તન અંગેની વિગત | 112 |
| 61 | 5.12 | નવા વ્યવસાયથી યુવા વર્ગમાં ગતિશીલતા અંગેની વિગત | 113 |
| 62 | 5.13 | આર્થિક પરિસ્થિતિમાં સુધારા અંગેની વિગત | 116 |
| 63 | 5.14 | આવકમાં વધારો થયો છે તે અંગેની વિગત | 117 |
| 64 | 5.15 | વ્યવસાયમાંથી મળતી આવક બચત અંગેની વિગત | 118 |
| 65 | 5.16 | દેવું કરેલ હોય તે અંગેની વિગત | 118 |
| 66 | 5.17 | ખેતીની વસ્તુની યોગ્ય કિંમત મળી રહે તે અંગેની વિગત | 119 |
| 67 | 5.18 | શાકભાજી, અનાજનું હાટબજારમાં વેચાણ અંગેની વિગત | 121 |
| 68 | 5.19 | વધુ મહેનતાણું અંગેની વિગત | 122 |
| 69 | 5.20 | આદિવાસીઓની અર્થવ્યવસ્થા અંગેની વિગત | 123 |
| 70 | 5.21 | સહકારી મંડળીથી સમાજનો આર્થિક પ્રવાહ અંગેની વિગત | 124 |
| 71 | 5.22 | નવા આર્થિક વ્યવસ્થા સાથે જોડાતા ભૌતિક સંસ્કૃતિમાં પરિવર્તન અંગેની વિગત | 126 |

# પ્રકરણ-1

# સંશોધન આયોજન

1.1 પ્રસ્તાવના

1.2 સંશોધન વિષયની પસંદગી

1.3 સંશોધનના હેતુઓ

1.4 અભ્યાસનું મહત્વ

1.5 અભ્યાસનું ક્ષેત્ર

1.6 ઉત્તરદાતાની પસંદગી

1.7 માહિતી એકત્ર કરવાની પ્રયુક્તિઓ

1.8 વર્ગીકરણ અને કોષ્ટકીકરણ

1.9 અભ્યાસના અનુભવો અને મર્યાદાઓ

પ્રકરણ-1

# સંશોધન આયોજન

1.1 પ્રસ્તાવના :

આદિવાસી સમુદાય ભારતીય સમાજવ્યવસ્થાનું એક મહત્વનું અંગ છે. વર્ષોથી જંગલ અને પર્વતીય પ્રદેશોમાં કુદરતના ખોળે રહેતો આવ્યો છે. આદિવાસી સમુદાયો વિશિષ્ટ ને આગવી ઓળખ અને જીવનશૈલી ધરાવે છે. તેમની સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક, ધાર્મિક તથા કળા કારીગરી વૈવિધ્યપૂર્ણ અને આગવી છે. ભારતની પૂર્ણકાલીન જાતિઓમાં આદિવાસી જાતિની ગણના કરવામાં આવે છે. આદિવાસી આદિકાળથી ભારતમાં વસતા હોવાથી તેમને 'આદિવાસી' કે 'આદિજાતિ' તરીકે ઓળખવામાં આવે છે. આદિજાતિ એટલે પ્રાચીન સમયથી રહેતો આવેલો અને હાલ માનવસંસ્કૃતિનાં પ્રારંભિક સ્તરે જીવન જીવતો જનસમૂહ આદિજાતિ માટે અંગ્રેજી શબ્દો વપરાય છે. ભારતમાં આદિજાતિ માટે અંગ્રેજીમાં 'એબોરિજનલ' (મૂળ વતનીઓ) અનુસૂચિત જનજાતિ 'આદિમ' જેવા શબ્દો વપરાય છે.

વર્તમાન આદિવાસી સમાજ પહેલાના આદિવાસી સમાજ કરતા વૈવિધ્યસભર જોવા મળે છે. પરંપરાગત આદિમ સમાજનું આધુનિક આદિમ સમાજમાં રૂપાંતર શક્ય બન્યું છે. આઝાદી બાદ આદિવાસી સમાજમાં પરિવર્તનની પ્રક્રિયા ખુબ જ ઝડપી બની છે. સ્વતંત્રતા બાદ કેટલાક કાનુની પગલાંઓ, સામાજિક આંદોલનો, ઉદ્યોગીકરણ, શહેરીકરણ, સામાજિક-આર્થિક સુધારણાના પગલાંઓ અને સામાજિક જાગૃતિ વગેરે પરિબળો થકી ભારતીય સમાજની સાથો-સાથ આદિમ સમાજમાં પણ પરિવર્તનો આવ્યાં છે. ભારતના આદિવાસીઓની આર્થિક પ્રવૃત્તિમાં પ્રવેશેલ વૈવિધત્યના લીધે તેઓની પરંપરાગત અર્થવ્યવસ્થામાં આધુનિકતાના તત્વો પ્રવેશ્યા છે. આ ઘટનાના પરિણામ સ્વરૂપે આદિવાસી અર્થવ્યવસ્થા સમૃદ્ધ બની છે.

વર્તમાન યુગ શિક્ષણ, સાક્ષરતા અને વિજ્ઞાનનો યુગ ગણવામાં આવે છે. શિક્ષણ દ્વારા સમાજમાં દુરોગામી પરિવર્તન ઉદ્ભવ્યા છે. શિક્ષણ દ્વારા સામાજિક વિકાસની ગતિ ઝડપી અને વ્યાપક બની છે. ભારતનાં વિભિન્ન સમુદાયો પર વ્યાપક બની છે. ભારતનાં વિભિન્ન સમુદાયો પર શિક્ષણનો પ્રભાવ જોવા મળે છે. શિક્ષણ વ્યક્તિના વિકાસનું પરિબળ ગણવામાં આવે છે. શિક્ષણ વ્યક્તિ અને સમગ્ર સમાજને સામાજિક, ભૌતિક, બૌદ્ધિક, સાંસ્કૃતિક અને મનોવૈજ્ઞાનિક વિકાસની દિશામાં દોરી જાય છે. આદિવાસી સમુદાયમાં વિભિન્ન પ્રયાસોનાં ભાગરૂપે પડેલી શિક્ષણની અસરથી આદિવાસી સમુદાયની પેટા વ્યવસ્થાઓમાં પરિવર્તન આવ્યું છે.

ડાંગના આદિવાસી સમુદાયમાં ઉદ્ભભવેલ વ્યવસાયિક વૈવિધ્યતાના લીધે ડાંગના આદિવાસી સમાજમાં પરિવર્તનનો આધુનિક પ્રવાહ વિકાસ પામ્યો છે. આજે ડાંગ આદિવાસીઓ પણ વ્યવસાયોમાં જોડાયેલા આદિવાસીઓ મુખ્યત્વે પરંપરાગત વ્યવસાયો સાથે જોડાયેલા જોવા મળે છે. પણ આજે પોતાના વ્યવસાયો બદલવા લાગ્યાં છે. આજે ડાંગ જેવા દુર્ગમ વિસ્તારના લોકો ખેતીમાં નવી પદ્ધતિનો ઉપયોગ કરવા લાગ્યાં છે. ખાસ કરીને શિક્ષણનો વિકાસ થવાથી વિવિધ સરકારી કે અર્ધસરકારી નોકરીનાં વ્યવસાયોમાં જોડાવા લાગ્યા છે. ખેતીમાં પણ પરંપરાગત ખેતી અને પશુપાલન સાથે જોડાયેલા હતા. આજે ખેતી સાથે ગૌણ વ્યવસાય કરતાં થયા છે. જેમાં આજે ડેરીઉદ્યોગ અને ગૃહઉદ્યોગમાં પણ ભાગીદારી વધી છે. આજે સુધારીકામ, લુહારીકામ, કડિયા કામ, દરજી કામ વગેરેમાં સ્ત્રી અને પુરુષો પણ આ વ્યવસાય કરતા થયા છે. ડાંગના આદિવાસી સમુદાયોની કેટલીક વ્યક્તિઓ તેમનાં જીવન નિર્વાહ માટે વ્હાઈટ કોલર પ્રકારનાં વ્યવસાયો અને કાર્યો સ્વીકારવા લાગ્યા છે. આજે આ વિસ્તારના લોકો અન્ય કામ માટે ડાંગ છોડીને બહાર જવા લાગ્યા છે. તો કેટલાક લોકો દ્રાક્ષના કામ માટે મહારાષ્ટ્રમાં જાય છે. આવી રીતે આદિવાસી મજૂરો મોટાભાગે જુદા-જુદા ઉદ્યોગમાં કામ કરતાં થયા છે. ડાંગના આદિવાસીઓમાં વ્યવસાયમાં પ્રવેશેલ વૈવિધ્યથી આદિવાસી જીવનશૈલી, વપરાશની ઢબમાં, રહેણીકરણી, આર્થિક પરિસ્થિતિમાં પરિવર્તનનો ઉદ્ભવ્યાં છે.

આજે આ વિસ્તારની આદિવાસીઓમાં પરંપરાગત અસ્તિત્વ ધરાવતી અર્થવ્યવસ્થા પરંપરાગત સ્થાનિક ક્ષેત્ર સુધી સીમિત ન રહેતા વિશાળ અને આધુનિક સ્વરૂપની અર્થવ્યવસ્થાનો વિકાસ થતો ગયો છે.

## 1.2 અભ્યાસ વિષયની પસંદગી :

દરેક સમાજ પરિવર્તનશીલ છે. આદિવાસી સમાજ પણ પરિવર્તનની પ્રક્રિયામાંથી પસાર થઈ રહ્યો છે. પરંતુ આદિવાસી સમાજ વિકસિત સમાજથી અલગ અને દુર્ગમ જંગલ અને પહાડી વિસ્તારમાં રહેતો હોય છે. તેથી પરિવર્તનની અસર ખૂબ જ ધીમી ગતિએ થઈ રહી છે. ભારતના બંધારણમાં કરવામાં આવેલી જોગવાઈઓ અને અનામત પ્રથાના આધારે આદિવાસી સમુદાયોમાં વ્યવસાયિક વૈવિધ્યતાનો વિકાસ થયો છે.

સામાજિક સંશોધન મુખ્યત્વે સમાજ જીવનને લગતા વૈજ્ઞાનિક જ્ઞાનમાં વૃદ્ધિ કરવા સાથે સંકળાયેલી પ્રક્રિયા છે. સામાજિક જીવનને લગતા સિદ્ધાંતો કે નિયમો પ્રસ્થાપિત કરવાનું ધ્યેય સંશોધનનું છે. સામાજિક સંશોધન દ્વારા માનવીના વિચારો, વલણો, ખ્યાલો તેમજ સમાજ કે સમુદાયની મૂળભૂત પરંપરા કે પ્રણાલીઓ વિશેની વાસ્તવિકતા જાણીને તે પ્રદેશ, સમુદાય કે સમાજ વિશેની પરિસ્થિતિની સમજ મળી રહે છે.

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના એમ.ફિલ.ના સમાજશાસ્ત્ર વિભાગમાં એમ.ફિલ.ની પદવી મેળવા માટે એક લઘુશોધ નિબંધ તૈયાર કરવાનો હોય છે. આ અભ્યાસના ભાગરૂપે સમાજના કોઈ એક પાસાની જાણકારી થાય અને સંશોધન અંગેની સૂઝ કેળવાય. આ બાબતનો ખ્યાલ રાખીને મારા માર્ગદર્શક સાથે ચર્ચા-વિચારણા કરી પ્રસ્તુત સંશોધન "આદિવાસીઓમાં વ્યવસાયિક વૈવિધ્યતાના પ્રવાહો" વિષય પસંદ કર્યો છે. અગાઉ આદિવાસી સમાજના વિવિધ અભ્યાસો થયા છે પણ ડાંગ જિલ્લાના આદિવાસીઓના વ્યવસાયિક

વૈવિધ્યતાના પ્રવાહો વિશેના અભ્યાસો થયેલ હોય એવું ધ્યાનમાં આવેલ નથી. તેથી આ વિષયની પસંદગી કરેલ છે.

## 1.3 અભ્યાસના હેતુઓ :

કોઈપણ અભ્યાસ કે સંશોધન કરવા માટે તેના હેતુઓ સ્પષ્ટ કરવા જરૂરી બને છે. પ્રસ્તુત અભ્યાસ આદિવાસીઓમાં વ્યવસાયિક વૈવિધ્યતાના પ્રવાહો વિષય પર સંશોધન કરવા માટે અભ્યાસના હેતુઓ સ્પષ્ટ કરવા તેમજ ધ્યાનમાં રાખવા જરૂરી છે. સંશોધકે નીચે મુજબના હેતુઓને ધ્યાનમાં રાખીને સંશોધન કરેલ છે.

1. આદિવાસીઓના પરંપરાગત વ્યવસાયોની જાણકારી મેળવવાનો હેતુ.
2. વર્તમાન સમયના આદિવાસીઓના વ્યવસાયિક વૈવિધ્યતાનો પ્રવાહ જાણવાનો હેતુ.
3. વર્તમાન સમયમાં વ્યવસાયિક વૈવિધ્યથી આવેલું સામાજિક અને આર્થિક પરિવર્તન જાણવાનો હેતુ.

## 1.4 અભ્યાસનું મહત્વ :

આદિવાસી સમાજમાં કેટલાંક અંશે પરિવર્તન આવેલું જોવા મળે છે. વ્યવસાયિક વૈવિધ્ય કેવું જોવા મળે છે તેનાથી તેઓના જીવનમાં સામાજિક, આર્થિક, પરિવર્તન કેવા પ્રકારનું આવેલું તે જાણી શકાય. આ સંશોધન કરવા પાછળ સંશોધકે તેનું મહત્વ નીચે મુજબ જણાય તેમ લાગે છે.

1. આ વિષય સંબંધિત સંશોધન કરનાર અન્ય ભાવી સંશોધક માટે આ અભ્યાસ ઉપયોગી પુરવાર થઈ શકે છે.
2. પ્રસ્તુત અભ્યાસમાં આદિવાસીઓમાં વ્યવસાયિક પરિવર્તનના પ્રવાહો કેવા છે તે જાણવા માટે પ્રસ્તુત અભ્યાસનું મહત્વ જોઈ શકાશે.

3. વ્યવસાયિક વૈવિધ્યથી સામાજિક પરિવર્તન સમાજમાં આવ્યું છે કે નહીં તે જાણવા માટે ઉપયોગી બનશે.

4. વ્યવસાયિક વૈવિધ્યથી આર્થિક સ્થિતિ સુધરી છે કે નહિ તે જાણવામાં અભ્યાસનું મહત્વ જાણી શકાશે.

5. આજે પણ ઘણા આદિવાસીઓ મુખ્યત્વે પરંપરાગત વ્યવસાયો તરફ જ જોડાયેલા છે તેઓને નવા વ્યવસાય તરફ વાળવા માટે કેવા ઉપાયો કરવા જોઈએ અથવા કઈ નીતિનું ઘડતર કરી નવા વ્યવસાય તરફ દોરવા માટે અને આયોજન કરવા માટે આ અભ્યાસ ઉપયોગી નીવડી શકે છે.

## 1.5 અભ્યાસનું ક્ષેત્ર :

સંશોધન કરવા માટે ક્ષેત્રની પસંદગી કરવાનું આવશ્યક હોય છે. તેથી કોઈપણ સંશોધન કરતી વખતે અભ્યાસનું ક્ષેત્ર નિશ્ચિત કરવું પડે છે. સંશોધકની અનુકૂળતા માટે સમય અને નાણાંનો ખર્ચ વગેરે બાબતોને ધ્યાનમાં રાખીને નક્કી કરેલા ક્ષેત્રમાંથી જ અભ્યાસને અનુરૂપ સાચી, સચોટ અને સ્પષ્ટ માહિતી મળી રહે છે. જો તે ક્ષેત્ર મર્યાદિત હોય તો વધુ ઉંડાણપૂર્વક અને વધુ વિશ્વાસપાત્ર માહિતી સરળ બને છે. પ્રસ્તુત અભ્યાસમાં આદિવાસીઓના વ્યવસાયિક વૈવિધ્યતાના પ્રવાહ જાણવા માટે સંશોધકે સંશોધન અભ્યાસમાં અભ્યાસ વિસ્તાર તરીકે ડાંગ જિલ્લાના આહવા તાલુકાના 4 ગામોની પસંદગી કરી છે.

## 1.6 ઉત્તરદાતાની પસંદગી :

પ્રસ્તુત અભ્યાસ માટે સંશોધકે સૌપ્રથમ ડાંગ જિલ્લાના આહવા તાલુકાના કુલ 123 ગામ છે. વ્યાવસાયિક વૈવિધ્યતા ધરાવતા આ ગામો છે. તેમાંથી સાદી યદૃચ્છ નિદર્શન પદ્ધતિ

દ્વારા કુલ 123 ગામોની ચિઠ્ઠીઓ બનાવી એક બોક્સમાં નાખી તેમાંથી 4 (ચાર) ચિઠ્ઠીઓ ઉપાડીને 4 (ચાર) ચિઠ્ઠીઓમાં જે ગામના નામ મળ્યા તે ગામને મેં મારા કાર્યક્ષેત્ર તરીકે પસંદ કર્યા છે અને પસંદ થયેલ દરેક ગામમાંથી હેતુલક્ષી બિન યદૃચ્છ નિદર્શન પદ્ધતિ દ્વારા દરેક ગામમાંથી જે પ્રથમ પચીસ લાભાર્થી કુટુંબોની મુલાકાત લીધી તે કુટુંબોના પુખ્ત વયના વ્યક્તિઓને અભ્યાસના ઉત્તરદાતા તરીકે પસંદ કરેલ છે.

## 1.7 માહિતી એકત્ર કરવાની પ્રયુક્તિઓ :

કોઈપણ અભ્યાસ અથવા સંશોધન ત્યારે જ વૈજ્ઞાનિક બને જ્યારે તેમની સમગ્ર પ્રક્રિયા પ્રમાણિત કરેલ વૈજ્ઞાનિક પદ્ધતિથી થઈ હોય. આ રીતે સંશોધન વ્યવસ્થિત અને વિશ્વાસપાત્ર બને છે જેના આધારે તારવેલા તારણો ચોકસાઈભર્યા સ્પષ્ટ અને પૂર્વગ્રહરહિત હોવા જરૂરી છે. કોઈપણ તપાસ માટે ચોક્કસ પદ્ધતિ જરૂરી છે.

સંશોધન અભ્યાસ કરતી વખતે બે પ્રકારે માહિતી મેળવી શકાય છે. પ્રસ્તુત સંશોધન કાર્યમાં બે પ્રકારની માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

(1) પ્રાથમિક માહિતી

(2) ગૌણ માહિતી

### 1. પ્રાથમિક માહિતી :

અભ્યાસ વિસ્તારમાં જઈ લોકોને મળીને પ્રત્યક્ષપણે ક્ષેત્રકાર્ય દ્વારા માહિતી એકત્ર કરવામાં આવે છે. જે વૈજ્ઞાનિક અભ્યાસોમાં આવશ્યક મનાય છે. પ્રસ્તુત શોધનિબંધમાં ક્ષેત્રકાર્યમાં વિવિધ પ્રયુક્તિઓનો ઉપયોગ કરીને આનુષંગિક માહિતી મેળવવામાં આવી છે.

### (અ) મુલાકાત અનુસૂચિ :

માહિતી મેળવવાની વિવિધ પ્રયુક્તિઓમાં મુલાકાત અનુસૂચિ મહત્વની છે.

અનુસૂચિ એ પ્રશ્નોનો સંકુલ છે. તે શ્રેણીબદ્ધ પ્રશ્નોનું બનેલું પત્રક છે. મુલાકાત લેનાર અભ્યાસ હેઠળની વ્યક્તિને રૂબરૂ મળીને પત્રક અનુસાર પ્રશ્નો પૂછે છે અને મળતા જવાબો આ પત્રમાં મુલાકાત લેનાર પોતે જ ભરે છે. આથી જણાશે કે મુલાકાત અનુસૂચિ પ્રશ્નાવલીની જેમ જ પ્રશ્નોનું બનેલું પત્રક છે. પરંતુ તેમાં મુલાકાત લેનાર જાતે માહિતીદાતાને રૂબરૂ મળીને પ્રશ્નો પૂછી ઉત્તરદાતા જે જવાબ આપે તે જવાબ અનુસૂચિમાં ભરે છે.

-ગુડે અને હટ

અનુસૂચિ એ પ્રાથમિક માહિતી મેળવવા માટે ઉપયોગમાં લેવાતી પ્રયુક્તિ છે. અનુસૂચિ એક એવી પ્રશ્નાવલી છે કે જેમાં પ્રશ્નો અગાઉથી લખીને રાખવામાં આવે છે અને ઉત્તરદાતાઓ દ્વારા જે ઉત્તરો અપાય તે ત્યાં ને ત્યાં જ નોંધવામાં આવે છે. આ પ્રયુક્તિમાં મુલાકાત અને પ્રશ્નાવલિ બંને પ્રયુક્તિઓને સુભગ સંયોજન કરવામાં આવે છે. અનુસૂચિ સંજ્ઞીકૃત અને બિનસંજ્ઞીકૃત હોઈ શકે.

**પારિભાષિક કોશ - સમાજશાસ્ત્ર** :

પ્રસ્તુત અભ્યાસની માહિતી મેળવવા માટે મુલાકાત અનુસૂચિ પ્રયુક્તિનો ઉપયોગ કરેલ છે. આ માટે અભ્યાસનાં હેતુઓને ધ્યાનમાં રાખી આદિવાસીઓમાં વ્યાવસાયિક વૈવિધ્યતાના પ્રવાહો સંદર્ભમાં માહિતી એકઠી કરવા માટે અનુસૂચિ તૈયાર કરવામાં આવી તેમાં જરૂરી સુધારા-વધારા કરી આખરી ઓપ આપવામાં આવ્યો. આ અનુસૂચિ દ્વારા આદિવાસીઓની પ્રાથમિક માહિતી, કૌટુંબિક, ભૌતિક, પરંપરાગત વ્યવસાયો, વ્યવસાયિક વૈવિધ્ય, વ્યાવસાયિક વૈવિધ્યથી સામાજિક-આર્થિક પરિવર્તન વગેરે જુદા-જુદા મુદ્દાઓને આવરી લઈને વ્યવસ્થિત યાદી બનાવી વિગતવાર માહિતી પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કર્યો છે.

**(બ) મુલાકાત** :

મુલાકાત એક એવી પ્રવિધિ છે. જેના દ્વારા સંશોધક જેમનો અભ્યાસ કરવાનો હોય તે કુટુંબ કે વ્યક્તિગત રૂબરૂ મળીને સંશોધન હેતુને અનુરૂપ પ્રશ્નો પૂછી માહિતી એકઠી કરે છે. મુલાકાત એ મૂળભૂત રીતે સામાજિક આંતરક્રિયાની પ્રક્રિયા છે. તેમાં સંશોધક અને ઉત્તરદાતા

બંને પક્ષોની ભૂમિકા નિશ્ચિત હોય છે. સંશોધક માહિતીદાતાના જવાબો ઉપરાંત હાવભાવને નિરીક્ષણ પણ કરે છે. પ્રસ્તુત અભ્યાસમાં આ પ્રવિધિનો ઉપયોગ કરે છે.

આમ, આદિવાસી જાતિના આગેવાનો, કુટુંબના વડીલ, સ્ત્રી-પુરુષો, ઉંમરલાયક અનુભવી વ્યક્તિઓ વગેરેની મુલાકાત લઈ માહિતી એકઠી કરેલ છે. મુલાકાત પ્રવિધિમાં મુલાકાત અને મુલાકાત માર્ગદર્શિકાઓ બંને પ્રયુક્તિનો અભ્યાસમાં ઉપયોગ કરેલ છે.

**(ક) નિરીક્ષણ** :

નિરીક્ષણ એટલે જે પરિસ્થિતિ કે ઘટનાનો અભ્યાસ કરવાનો હોય તે ઘટના લગતી હોય ત્યારે ઘટના સ્થળે એ ઘટનાને જ્ઞાનેન્દ્રિયો દ્વારા સહેતુક જોવી અને તેને લગતી માહિતી મેળવવી પ્રસ્તુત અભ્યાસમાં માહિતી એકત્ર કરવા માટે સમાજમાનશાસ્ત્રની આગવી અને અતિપ્રસિદ્ધ પ્રવિધિ તરીકે નિરીક્ષણ પ્રવિધિનો ઉપયોગ કરેલ છે.

નિરીક્ષણ પદ્ધતિ દ્વારા ક્ષેત્રકાર્યમાંથી ઉંડાણમાં પડેલી સંશોધન વિષય અંગેની માહિતી એકત્રિત કરી છે. તેમાં ખાસ કરીને તેમની ભૌતિક રાસરચિલું, સામાજિક, આર્થિક બાબતો, ખેતી, પશુપાલન ઉત્પાદન વગેરે અંગેની માહિતી એકઠી કરવા માટે સહભાગી અને અર્ધસહભાગી નિરીક્ષણ પ્રવિધિનો ઉપયોગ કરેલ છે.

પ્રસ્તુત અભ્યાસના હેતુઓને ધ્યાનમાં રાખી વ્યવસાયિક વૈવિધ્યતાના પ્રવાહો અંગેની કેટલીક માહિતીઓ નિરીક્ષણ પદ્ધતિ દ્વારા સંશોધન વિષય અંગેની માહિતી એકત્ર કરી છે.

**(2) ગૌણ માહિતી** :

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે સંશોધન માટે ગૌણ માહિતીના સ્ત્રોત તરીકે ગ્રંથાલયનો ઉપયોગ કર્યો છે. ગૌણ માહિતીના સ્ત્રોત તરીકે જુદા-જુદા ગ્રંથાલયોમાંથી અનુપારંગત અને વિદ્યાવાચસ્પતિ કક્ષાએ થયેલા શોધનિબંધના આધારે માહિતી મેળવવા માટે ગ્રંથાલયનો

ઉપયોગ કર્યો છે. તે ઉપરાંત આદિવાસીઓને લગતા પુસ્તકો, વસ્તી ગણતરીના અહેવાલો, સામયિકો વગેરેમાંથી માહિતી મેળવવાનો પ્રયત્ન કરેલ છે.

## 1.8 માહિતીનું વર્ગીકરણ અને કોષ્ટકીકરણ :

અભ્યાસના વિષયને લગતી વર્ણનાત્મક અને આંકડાકીય માહિતીને વિશ્વસનીય અને નક્કર સ્વરૂપ આપી તેની ચકાસણી માર્ગદર્શક પાસે કરાવી જુદા-જુદા સ્વરૂપે મેળવેલ માહિતીનું એક મુખ્યપત્રકનાં રૂપમાં લખવામાં આવી અને તેમાં યોગ્ય વિગતો જુદી પાડી માહિતીનું યોગ્ય રીતે વર્ગીકરણ કરવામાં આવ્યું છે. સાથે કોષ્ટકીકરણ પણ કરીને કોષ્ટકીય માહિતી મૂકવામાં આવી છે. આ રીતે ગોઠવણી કરવાનો પ્રયત્ન કર્યો છે. આ વિવિધ કોષ્ટકોનો ઉપયોગ જુદા-જુદા પ્રકરણમાં કર્યા છે.

## 1.9 અભ્યાસના અનુભવો અને મર્યાદાઓ :

સંશોધન કાર્યમાં ક્યાંક ઉણપ રહી ગઈ હોય તે સંભવ છે. કોઈપણ સામાજિક સંશોધનમાં તટસ્થતા જાળવવી મુશ્કેલ છે. કોઈ કાર્યનું બીડું ઝડપી લેવામાં આવે ત્યારે તેમાં ઘણા અવરોધો આવતા હોય છે. છતાં પણ અવરોધો સામે કટીબદ્ધ બની હેતુને ધ્યાનમાં રાખીને સંશોધન કાર્ય સરળ અને સંતોષકારક બને તે માટે પ્રયત્ન કરવામાં આવ્યો છે.

સંશોધન અભ્યાસ દરમ્યાન થયેલા અનુભવો અને મર્યાદા નીચે મુજબ છે.

1. સંશોધન હેઠળની જાતિના અમુક લોકોને ગુજરાતી ભાષાનું પૂરતું જ્ઞાન ન હોવાથી તેમને પોતાની બોલીમાં પ્રશ્નોની માહિતીની વિશેષ સમજ આપવી પડતી હતી.

2. મર્યાદિત સમય અને વિશાળ ક્ષેત્રકાર્ય હોવાથી ટૂંકમાં દરેક માહિતી સાંકળવાનો પ્રયાસ કર્યો છે.

3. અભ્યાસ હેઠળના જિલ્લામાં ભૌગોલિક વિષમતા હોવાથી અને પસંદ કરેલ ગામ અલગ-અલગ હોવાથી જવા આવવાની મુશ્કેલી પડતી હતી.

4. મોટાભાગના ઉત્તરદાતાઓ ખેતી સાથે સંકળાયેલા હોવાથી સંશોધકને વધારે સમય આપી શકતા ન હતા તેથી ઊંડાણપૂર્વકની માહિતી મળી શકતી ન હતી.

5. પસંદગી પામેલા ઉત્તરદાતાઓ ક્યાંક બહાર કામે ગયેલા હોય છે. તેથી તેમની પૂરતી માહિતી મેળવી શકાતી નથી.

6. મોટાભાગના ઉત્તરદાતાઓને પરંપરાગત વ્યવસાય અને નવા વ્યવસાયો કયા તેની ખબર નથી.

**પ્રકરણ-2**

## સંદર્ભ સાહિત્યની સમીક્ષા

2.1 પ્રસ્તાવના

2.2 સાહિત્યની સમીક્ષા

2.3 આદિવાસી સંબંધિત થયેલા અભ્યાસો

2.4 પ્રસ્તુત સંશોધન સંબંધિત થયેલા ગુજરાતમાં થયેલા સંશોધનો

# પ્રકરણ-2

## સંદર્ભ સાહિત્યની સમીક્ષા

### 2.1 પ્રસ્તાવના :

કોઈપણ સામાજિક સંશોધનની શરૂઆત જે-તે વિષય સંબંધિત વાંચન તેમજ જે-તે ક્ષેત્રનું અભ્યાસ વિષય સંબંધિત જે માહિતી સંશોધકને મળેલી છે. તેની તુલના કરતાં સંશોધન પ્રશ્નો આરંભ થાય છે. સંશોધન પ્રશ્નની પસંદગી બાદ તેને સંબંધિત વિભિન્ન સાહિત્યનું ગહન ઉંડાણપૂર્વક અને ટિકાત્મક પરિપ્રેક્ષ્યથી અધ્યયન કરવું જરૂરી બની જાય છે. સાહિત્ય સમીક્ષા સૌથી સરળ અને લાભદાયી છે. જેના માધ્યમથી સંશોધન સમસ્યાને સ્પષ્ટ કરી શકાય છે.

સમાજશાસ્ત્રી વાય એ.પરમારના મતે વૈજ્ઞાનિક સંશોધનનું એક લક્ષણ એ છે કે વૈજ્ઞાનિક સિદ્ધાંતો કાયમી હોતા નથી. કારણો તર્કબદ્ધ દલિતો નવા તથ્યો અને પ્રશ્નોને આધારે વિવિધ તથ્યો વચ્ચેના વર્ણનાત્મક સંબંધો શોધીને જૂના સિદ્ધાંતનું ખંડન કરી તેમાં સુધારા વધારા કરી શકાય છે.

યથાર્થ રીતે સંશોધન સમસ્યાની પસંદગી બાદ અભ્યાસ વિષય સંબંધિત સાહિત્યની સમીક્ષા થવી વૈજ્ઞાનિક રીતે અત્યંત આવશ્યક ગણાય છે. આ સાહિત્ય સમીક્ષા અગાઉ થયેલા અભ્યાસો, પુસ્તકો, સંશોધન લેખો વગેરેનું વૈજ્ઞાનિક રીતે અધ્યયન કરવામાં આવેલ છે. સંદર્ભ સાહિત્યના અધ્યયન બાદ તેને આલોચનાત્મક રીતે કરવામાં આવનાર સંશોધન સમસ્યા સાથે તુલનાત્મક રીતે સાંકળવામાં આવેલ છે કારણ કે સંદર્ભ સાહિત્યના અભ્યાસથી ઘણું નવું જ્ઞાન પ્રાપ્ત થાય છે.

## 2.2 સાહિત્યની સમીક્ષા :

સંદર્ભ સાહિત્યની વાંચન દ્વારા સમીક્ષા કરવામાં આવે છે. આ દરમિયાન જે બાબતની સંશોધક સમીક્ષા કરે છે તેના અંતે નવી બાબતો પણ દર્શાવે છે અને ત્યાં એવી નોંધ થાય છે કે મારા અભ્યાસક્ષેત્રમાં આ વિગત બંધબેસતી નથી કે યોગ્ય નથી તેની નોંધ થાય છે અને તેની જગ્યાએ સંશોધક નવા સૂચનો દર્શાવે ત્યારે સંદર્ભ સાહિત્યની સમીક્ષા થઈ કહેવાય.

## 2.3 આદિવાસી સંબંધિત થયેલા અભ્યાસો :

(1) શીર્ષક : આદિવાસીઓ : ગઈ કાલે અને આજે

લેખક : ઘનશ્યામ શાહ

વર્ષ : 1985

**અભ્યાસની રજૂઆત :**

ઘનશ્યામ શાહના મતે અનુસૂચિત જનજાતિ ચૌધરીઓનો એક પુનઃઅભ્યાસ છે. 1960માં બી..એચ. મહેતાએ આ આદિવાસીનો અભ્યાસ કર્યો હતો. જેમાં ગુજરાતમાં વસતા ચૌધરી આદિવાસીઓમાં છેલ્લા 40 વર્ષના સમયગાળામાં આવેલા સામાજિક-આર્થિક પરિવર્તનોની તેમના જીવન પર પડેલી અસરો તપાસ કરી. આ અભ્યાસ કરવામાં આવેલ છે. જે પુસ્તકરૂપે પ્રગટ કરવામાં આવ્યો છે. છેલ્લા 40 વર્ષમાં ચૌધરીઓમાં થયેલા સામાજિક-આર્થિક પરિવર્તનને સમજવાનો તથા અલગ પ્રતિભાને કેટલે અંશે નબળી પાડી છે કે રૂઢ કરી છે તે સમજવાનો છે. તેમજ સુરત જિલ્લાનાં માંડવી તાલુકાના સથવાવ ગામનાં ચૌધરીઓની સામાજિક, આર્થિક અને રાજકીય જીવન પર પડેલી અસરોનો અભ્યાસ કરેલ છે. જેમાં પહેલા જીવન કેવા પ્રકારનું હતું અને આજે કેવા પરિવર્તનો આવ્યા છે તેનો અભ્યાસ કરવામાં આવ્યો છે. જે સમગ્ર ચૌધરી સમાજને લાગુ પડતો હોય છે.

(2) શીર્ષક : આદિવાસીઓની પલટાતી આર્થિક સ્થિતિનો અભ્યાસ

લેખક : મુસ્તાકઅલી ઈ. મસવી

વર્ષ : 1995

**અભ્યાસની રજૂઆત** :

આદિવાસીઓની પલટાતી આર્થિક સ્થિતિનો અભ્યાસ નામક પુસ્તકમાં જણાવે છે કે ભારતમાં સ્વતંત્રતા મળ્યા પછી આદિવાસીઓનાં વિકાસ માટેની આયોજિત નીતિ ઘડવામાં આવેલી છે. આ પુસ્તક 10 પ્રકરણોમાં વિભાજિત કરવામાં આવ્યું છે. આનો મુખ્ય હેતુ આદિવાસીઓને આર્થિક અને શૈક્ષણિક રીતે અન્ય પ્રજાની સમકક્ષ કરવાનો છે. આર્થિક પરિવર્તન એ આજના યુગની મહત્વની ઘટના છે. આયોજિત વિકાસને કારણે આદિવાસી સમાજ અનેક પ્રકારની અસરો તળે આવ્યા છે. જેમાં સામાજિક અને આર્થિક જીવન પર સહકારી વિકાસ યોજનાઓએ આદિવાસી જીવનને સરકારી વિકાસ યોજનાઓએ આદિવાસી જીવનને પલટાવી નાખ્યું હોય જે આ પુસ્તકમાં જાણવા મળે છે.

(3) શીર્ષક : આદિવાસી વિકાસ દર્શનમાં વિકાસ

લેખક : વિદ્યુત જોષી

વર્ષ : 2009

**અભ્યાસની રજૂઆત** :

આદિવાસી વિકાસ દર્શનમાં વિકાસના મહત્વના મુદ્દાઓ, પદ્ધતિઓ, વિકાસ ક્ષેત્રો તરીકે જંગલ અને જમીન, આદિવાસી શિક્ષણ, સંસ્કૃતિ, ખેતી, શ્રમ, રોજગાર વગેરેનું વિશ્લેષણ કર્યું છે. ઉપરાંત કાર્યલક્ષી યોજનાઓમાં આદિવાસી સંસ્કૃતિ માટે, ખેતી, કામદારો અને રોજગાર સંબંધિત કાર્યલક્ષી યોજનાઓની સમજૂતી આપી છે.

(4) શીર્ષક : ગુજરાતના ચૌધરીઓ

લેખક : અરવિંદ ભટ્ટ

વર્ષ : 1985

**અભ્યાસની રજૂઆત** :

પ્રસ્તુત અભ્યાસ પરથી સ્પષ્ટ થાય છે કે, ચૌધરી જાતિ વસ્તી અને સાંસ્કૃતિક દૃષ્ટિએ ગુજરાતની આદિવાસી જાતિઓમાં એક મહત્વની આદિવાસી જાતિ છે. તેમાં વિવિધ આંતર-બાહ્ય પરિબળો, એજન્સીઓ, વિકાસ યોજનાઓ વગેરે જેવા છે. તેમાં વિવિધ આંતર-બાહ્ય પરિબળો, એજન્સીઓ, વિકાસ યોજનાઓ વગેરે જેવા કે, ધાર્મિક સંપ્રદાયો, રાષ્ટ્રીય જાગૃતિનું આંદોલન, ચૌધરી સુધારક મંડળ, રસ્તા, વાહન-વ્યવહાર, વીજળી, નહેર વગેરેની સગવડોનો વિકાસ, શિક્ષણ અને ઉદ્યોગ-ધંધાનો વિકાસ, રાજકીય સવલતો, પક્ષીય રાજકારણ અને ચુંટણીઓ ઉપરાંત વિવિધ વિકાસ યોજનાઓ દ્વારા આયોજિત પરિવર્તનના પ્રયત્નો વગેરેએ પરિવર્તન લાવવામાં ભાગ ભજવ્યો છે.

(5) શીર્ષક : આદિવાસી પરંપરા અને પરિવર્તન

લેખક : ડૉ.ચંદ્રકાંત ઉપાધ્યાય

વર્ષ : 2009

**અભ્યાસની રજૂઆત** :

"આદિવાસી પરંપરા અને પરિવર્તન" નામક અભ્યાસ પુસ્તકમાં ધરમપુર તાલુકાના આદિવાસોનો આ એક અભ્યાસ કરવામાં આવેલ છે. જેમાં ધરમપુર તાલુકાના જુદા-જુદા 14 ગામોનો સર્વેક્ષણ પદ્ધતિ દ્વારા તેમની આર્થિક, સામાજિક પરિસ્થિતિ અંગે માહિતી મેળવવામાં આવી છે. આ પુસ્તક 24 પ્રકરણોમાં વિભાજિત કરવામાં આવ્યા છે.

આ પુસ્તકમાં આદિવાસીઓની આગવી સંસ્કૃતિ, પરંપરા અને તેમના જીવન વિશેની વાત કરવામાં આવી છે. જેમાં ધરમપુર તાલુકાનાં આદિવાસીઓ, પોમલા આદિવાસીઓ, અપંગ આદિવાસી બાળકો, શહેરમાં વસતી આદિવાસીઓ, ભીખાપુરનો લઘુવિસ્તાર, તેઓમાં આવેલું સામાજિક-આર્થિક પરિવર્તન, આદિવાસી ઓળખ, સ્ત્રીઓનો દરજ્જો, આદિવાસી વિકાસ, તેઓની કુટુંબ વ્યવસ્થા, આદિવાસીનાં વિકાસ અને પ્રશ્નો તેમજ આદિવાસી વિકાસમાં આશ્રમશાળાઓનું યોગદાન શું છે ? આ સમગ્ર બાબતોને આવરી લઈ તેઓમાં કેવું પરિવર્તન આવેલું છે તેની ચર્ચા અહીં રજૂ કરવામાં આવી છે.

(6) શીર્ષક : આદિવાસી સંસ્કૃતિ અને પરિવર્તન (કલમકૂઈ ગામના ગામીત અને ચૌધરી આદિવાસીઓ) – તુલનાત્મક અભ્યાસ

લેખક : શ્રીમતિ રેખાબહગેન મહેતા

વર્ષ : 1989

**અભ્યાસની રજૂઆત** :

"આદિવાસી સંસ્કૃતિ અને પરિવર્તન (કલમકૂઈ ગામના ગામીત અને ચૌધરી આદિવાસીઓ) – તુલનાત્મક અભ્યાસ" નામના પીએચ.ડી. સંશોધન ગ્રંથમાં જિલ્લાનાં વાલોડ મહાલમાં આવેલું કલમકૂઈ નામનું એક નાનકડું ગામ પસંદ કરીને તેને સંશોધન ક્ષેત્ર તરીકે પસંદ કર્યું છે. આ મહાશોધ નિબંધ 7 – પ્રકરણોમાં વિભાજીત કરવામાં આવ્યો છે. આ ગામમાં

ગામીત અને ચૌધરી બે જાતિના આદિવાસીઓ સાથે વસે છે. આ બંને જાતિઓનો આદિવાસીઓની સંસ્કૃતિ અને તેમાં આવેલા પરિવર્તન વિશે તુલનાત્મક અભ્યાસ કરવામાં આવ્યો છે. જેમાં એમની સમાજરચનાનું સ્વરૂપ કેવું છે અને કેવી રીતે પરિવર્તન પામ્યું છે. તેની તપાસ કરવામાં આવી છે તેમજ આ બંને જાતિઓમાં સમાજજીવનની સ્થિતિમાં સમયે-સમયે કેવું પરિવર્તન આવ્યું છે તેનો અભ્યાસ કરવામાં આવ્યો છે. એમનાં કુટુંબજીવન, લગ્ન વ્યવસ્થા, સગાઈ સંબંધ વ્યવસ્થા, સામાજિક-ધાર્મિક માન્યતાઓ અને આચાર-વિચારોની ચર્ચા વિચારણા વિગતે અને તલસ્પર્શી રીતે કરી છે. આમ, પરિવર્તન અને વિકાસની પ્રક્રિયા માનવસમાજમાં એક યા બીજી રીતે થતી હોય છે. આમ, ચાર પરિશિષ્ટોના અનુક્રમે સંદર્ભસૂચિ, લગ્નગીતો, સગપણ સંબંધો, શબ્દાવલી, ગ્રામ ભારતી સંસ્થાનો પરિચય વગેરે અહીં રજૂ કરવામાં આવ્યો છે.

## 2.4 પ્રસ્તુત સંશોધન સંબંધિત થયેલા ગુજરાતમાં થયેલા સંશોધનો

**(1) શીર્ષક :** **બી.વી. વસાવા**

**પદવી :** **પીએચ.ડી.**

**યુનિ. :** **સૌરાષ્ટ્ર યુનિવર્સિટી**

**વર્ષ :** **2011**

**હેતુઓ :**

(1) જુનાગઢ શહેરઅને જિલ્લાનાં જનજીવન વિશે સમાજશાસ્ત્રીય જાણકારી મેળવવી.

(2) સ્થળાંતરિત નોકરી કરતા આદિવાસીઓનાં મૂળજીવનમાં પરિવર્તન આવ્યું હોય તો તે પરિવર્તનને સમજવું અને જાણવું.

(3) નોકરી કરતા આદિવાસીઓમાં ધાર્મિક પરિવર્તન તપાસવાનો હેતુ.

(4) નોકરી કરતા આદિવાસીઓમાં રાજકીય પરિવર્તન તપાસવાનો હેતુ.

**તારણો :**

(1) સરકારી ક્ષેત્રમાં વિવિધ પદ ઉપર આરૂઢ થયેલા ઉત્તરદાતાઓ જોવા મળ્યાં હતા.

(2) સ્વતંત્રપણે પોતાનો ધંધો કરતા હોય તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ નહિવત્ હતું.

(3) પતિ તથા પત્ની બંને નોકરી કરતા હોય તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ નહિવત્ જોવા મળ્યું હતું.

(4) ઉત્તરદાતાઓની આર્થિક સ્થિતિમાં સુધારો થયો છે તેવું જણાવતાં ઉત્તરદાતાઓની સંખ્યા 90 ટકા જેટલી જોવા મળી હતી.

(5) ઉત્તરદાતાઓનાં સંતાન અંગેની માહિતી અનુસાર પુત્રની સંખ્યા સૌથી વધુ જોવા મળી હતી.

(6) ઉત્તરદાતાઓ બધા જ હિન્દુ ધર્મ પાળતા જોવા મળ્યા હતા.

(7) મોટાભાગના ઉત્તરદાતાઓ 98.67 ટકા પરંપરાગત લગ્ન સંસ્થામાં પરિવર્તન આવે એવી ઈચ્છા ધરાવે છે.

(8) જાદુ-ટોણામાં માનવા અંગેના વલણ પ્રત્યે મોટાભાગના ઉત્તરદાતાઓ 97.33 ટચકા માનતા ન હતા.

(2) **શીર્ષક :** **કોંકણી આદિવાસીઓમાં સામાજિક પરિવર્તન**

**પદવી :** **પીએચ.ડી.**

**યુનિ. :** **દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**

**વર્ષ :** **2000**

**હેતુઓ :**

(1) કોંકણી આદિવાસી જાતિના પરંપરાગત જીવનમાં આવતા સામાજિક પરિવર્તન તપાસવાનો હેતુ છે. જેમાં સામાજિક, આર્થિક, ધાર્મિક અને સાંસ્કૃતિક પાસાને ધ્યાનમાં લઈ રીત-રિવાજો, માન્યતાઓ અને મૂલ્યો અંગે નૃવંશશાસ્ત્રીય પદ્ધતિનાં આધારે આધુનિક રીતે જોવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

(2) ડાંગ જિલ્લામાં બિન આદિવીસીની વસ્તી ઓછી હોય તેવા વિસ્તારમાં વસતા આદિવાસીઓમાં આવેલા પરિવર્તના લાવનારા પરિબળોની સમજ કેળવવી.

**તારણો :**

(1) કોંકણી જનજાતિએ મુખ્યત્વે તેમના સામાજિક, સાંસ્કૃતિક અને ધાર્મિક જીવનના પરંપરાગત તત્વો જાળવી રાખ્યાં હતાં.

(2) કોંકણી જાતિને મુખ્ય વ્યવસાયખેતી હતો.

(3) કોંકણી આદિવાસીઓનું સમગ્ર જીવન સાથે નૃત્ય અને સંગીત વણાયેલા હતાં.

(4) કોંકણી આદિવાસીમાં શિક્ષણ અને બાહ્ય સંપર્કના કારણે રીત-રિવાજોમાં નહીવત્ પરિવર્તન આવેલું જણાયું હતું.

**(3) શીર્ષક : દક્ષિણ ગુજરાતના ચૌધરી સમાજની પ્રવર્તમાન શૈક્ષણિક, વ્યાવસાયિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિનો અભ્યાસ**

**પદવી : પીએચ.ડી.**

**યુનિ. : વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**

**વર્ષ : 2013**

**હેતુઓ :**

(1) ચૌધરી સમાજના ઉદ્દભવની ઐતિહાસિક ભૂમિકા પ્રાપ્ત કરવી.

(2) દક્ષિણ ગુજરાતના ચૌધરી સમાજની પ્રવર્તમાન શૈક્ષણિક પરિસ્થિતિનું ચિત્ર મેળવવું.

(3) દક્ષિણ ગુજરાતના ચૌધરી સમાજમાં શિક્ષણનાં માળખા અનુસારનું ચિત્ર મેળવવું.

(4) દક્ષિણ ગુજરાતના ચૌધરી સમાજના ઉત્કર્ષ માટે શૈક્ષણિક સંસ્થાઓની ભૂમિકા જાણવી.

(5) દક્ષિણ ગુજરાતના ચૌધરી સમાજની વ્યક્તિઓના વ્યવસાયિક ક્ષેત્રોનો અભ્યાસ હાથ ધરવો.

(6) દક્ષિણ ગુજરાતના ચૌધરી સમાજના સામાજિક રીત-રિવાજો વિશે માહિતી પ્રાપ્ત કરવી.

**તારણો** :

(1) સમસ્ત દક્ષિણ ગુજરાતના ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ અને વલસાડ જિલ્લાઓ પૈકી સુરત અને તાપી જિલ્લાઓમાં ચૌધરી સમાજનાં વિશેષ પરિવારો રહેતા જોવા મળ્યા હતાં.

(2) સુરત જિલ્લાનાં નવ તાલુકાઓમાં કુલ 33641 પરિવારો જોવા મળ્યા હતાં. જે પૈકી માંડવી તાલુકામાં વિશેષ અર્થાત્ *17777* પરિવારો જ્યારે કામરેજ તાલુકામાં કેવળ 40 પરિવારો રહેતા જોવા મળ્યા હતાં.

(3) તાપી જિલ્લાનાં કુલ પાંચ તાલુકાઓ પૈકી વ્યારા, વાલોડ અને સોનગઢ તાલુકાઓમાં કુલ 25293 પરિવારો રહેતા જોવા મળ્યા હતા. તે પૈકી વ્યારા તાલુકામાં મહત્તમ 17071 પરિવારો જ્યારે સોનગઢ તાલુકામાં 2785 પરિવારો રહેતા જોવા મળ્યા હતાં.

(4) ચૌધરી સમાજમાં સૌ સભ્યો મોટેભાગે ખેતી, પશુપાલન તથા મજૂર વર્ગ અને ત્યારપછી શિક્ષણનો વ્યવસાય અને પછી ડૉક્ટર, એન્જીનીયર, બેંક, જી.ઈ.બી., એલ.આઈ.સી., પરિચારીકા, કલાર્ક, પટ્ટાવાળા, દરજીકામ, પાપડ ઉદ્યોગ વગેરે વ્યવસાયમાં જોડાયેલા જોવા મળ્યા હતાં.

**(4) શીર્ષક : ગુજરાતના ચૌધરીઓ**

**પદવી :** **પીએચ.ડી.**

**યુનિ. :** **ગુજરાત યુનિવર્સિટી**

**વર્ષ :** **1981**

**હેતુઓ :**

(1) ચૌધરી જાતિના પરંપરાગત સમાજજીવનને સમજવું અને તેની રજૂઆત કરવી.

(2) ચૌધરી જાતિની સામાજિક સંસ્થાઓ, કુટુંબ, લગ્ન, આર્થિક, ધાર્મિક, જાતિપંચ વગેરેમાં આવતા રચનાતંત્રીય પરિવર્તનો અને તેની પ્રક્રિયા સમજવી.

(3) ચૌધરી જાતિમાં આવતાં પરિવર્તનોને સમાજના એક સભ્ય તરીકે વ્યક્તિ પોતે કઈ રીતચે વિચારે છે તેને સમજવા માટે તેમના સમાજજીવનની કેટલીક મહત્વની બાબતો પરત્વેના અભિપ્રાયો અને મનોવલણો જાણવા.

(4) ચૌધરી જાતિમાં આવતા પરિવર્તનો કયા પરિબળો દ્વારા આવે છે તથા આયોજિત વિકાસના પ્રયત્નો એ પરિવર્તન લાવવા મદદરૂપ થાય છે કે કેમ તે સમજવું.

(5) વિકસિત ગામો કરતાં ઓછા વિકસિત ગામો ઓછા પરિવર્તનશીલ છે કે કેમ તેને સમજવું.

(6) વધુ આદિવાસી વસ્તીવાળા ગામો કરતા ઓછી આદિવાસી વસ્તીવાળા ગામો ઝડપી પરિવર્તન અનુભવે છે કે કેમ તેને સમજવું.

**તારણો :**

(1) આ સમગ્ર અભ્યાસને અંતે ટૂંકમાં જોઈએ તો ચૌધરી સમાજ પરંપરાગત આગવી સામાજિક પ્રથાઓ, રીત-રિવાજો, મૂલ્યો તથા સંસ્થાઓવાળી એક લઘુ સમાજ વ્યવસ્થા હતી.

(2) વિવિધ પરિબળોને કારણે પરંપરાગત રચનાતંત્રમાં કેટલાક ટૂંકાગાળાનાં ફેરફારો આણ્યા હતા.

(3) સવિશેષ સામાજિત બાબતો કરતા ભૌતિક સાધન સંપત્તિમાં સ્પષ્ટ પરિવર્તન આવ્યું હતું.

(4) વિવિધ રીતે-રિવાજો અને તેની માન્યતાઓમાં કેટલાક ફેરફારો દેખાયા હતાં.

(5) શિક્ષણના પ્રસારે સુધારાઓ તરફની નવી જાગૃતિની મનોવૃત્તિ વિકસાવી હતી.

**(5) શીર્ષક : બદલાતી જમી પરિસ્થિતિઓમાં જ્ઞાતિ**

**પદવી : પીએચ.ડી.**

**યુનિ. : વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**

**વર્ષ : 1987**

**પ્રશ્નો :**

(1) બૃહદ સમાજમાં પરિવર્તન આવે ત્યારે તેના ઘટક તરીકે જ્ઞાતિમાં કેવા ફેરફારો થાય છે ?

(2) જ્ઞાતિમાં આર્થિક પાયા પર સ્તરો ઉભા થાય છે ખરા ? આ સ્તરોનું સ્વરૂપ કેવું ?

(3) સામાજિક, આર્થિક સ્તરો ઉભા થયા હોય તો સ્થળો વચ્ચેના આંતર સંબંધો કેવા ? તેઓ એકમેક પ્રતિ અથવા લાગણી ધરાવે છે ? સામાજિક સ્તર એક જુદા જૂથ તરીકે તરી આવે છે ખરું ?

(4) આઝાદી બાદની પરિવર્તન પ્રક્રિયાઓ પરંપરાગત મધ્યમ કક્ષાની આ કોળી જ્ઞાતિમાં કેવી રીતે પ્રતિંબિબત થાય છે.

**તારણો** :

(1) ઈ.સ.1885 થી ઈ.સ.1985ના સમયગાળા દરમ્યાન બૃહદ સમાજમાં આવેલા પરિવર્તનોની અસર કોળી જ્ઞાતિ પર સ્પષ્ટ થવા લાગી છે જે તબક્કાવાર વધી.

પ્રથમ તબક્કો – ઈ.સ.1885 થી ઈ.સ.1925

બીજો તબક્કો - ઈ.સ.1925 થી ઈ.સ.1960

ત્રીજો તબક્કો – ઈ.સ.1960 થી ઈ.સ.1985

આમ, છેલ્લા સૌ વર્ષના સમયગાળામાં જુદા-જુદા તબક્કામાં કોળીઓમાં આર્થિક, શૈક્ષણિક અને રાજકીય બાબતે નવા-મોટા ફેરફારો થવા પામ્યા હતાં. જેમાં વ્યવસાયોના વૈવિધ્યકરણનો વ્યાપ વધ્યાના સંકેતો મળ્યા હતાં. જેથી તેઓની આર્થિક, મિલકતો પણ વધવા પામી હતી.

**(6) શીર્ષક : ગામીત આદિવાસીઓમાં સામાજિક પરિવર્તન -**

**પદવી : પીએચ.ડી.**

**યુનિ. : વલ્લભ વિદ્યાનગર**

**વર્ષ : 2006**

**હેતુઓ :**

(1) ગામીત આદિવાસીઓની જીવનશૈલી પર અનેકવિધ પરિવર્તન લાવનારા પરિબળોની અસરનાં ફળ સ્વરૂપે આવેલાં પરિવર્તન તપાસવા.

(2) ગામીત સમાજની સંરચનામાં શ્રમિક સંબંધોની તરાહ જાણવા.

(3) વિવિધ ધર્મો પાળતાં ગામીત કુટુંબો વચ્ચેના વ્યવહારોને સમજવા.

(4) અભ્યાસ હેઠળનાં ગામીત આદિવાસીઓમાં ઉદ્ભવેલાં અનેકવિધ પ્રશ્ અંગેની માહિતી મેળવવી.

**તારણો :**

(1) કુટુંબ કદ વિશે જોઈએ તો 55 ટકા ઉત્તરદાતાઓ સંયુક્ત કુટુંબમાં જ્યારે 45 ટકા ઉત્તરદાતાઓ વિભક્ત કુટુંબમાં વસવાટ કરતા જોવા મળ્યા હતાં.

(2) આવકનું પ્રમાણ જોઈએ તો 9.75 ટકા ઉત્તરદાતાઓ રૂ.61,000/- થી વધુ 17.50 ટકા ઉત્તરદાતાઓ રૂ.11,000/- થી રૂ.20,000/- સુધીની આવક ધરાવતા હતા અને 26.25 ટકા ઉત્તરદાતાઓ રૂ.1000/- થી 10,000/- સુધીની આવક ધરાવતા જોવા મળ્યા હતા.

(3) શિક્ષણ વિષયક સ્થિતિ જોતા પ્રાથમિક શિક્ષણ ધરાવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 26.25 ટકા હતું.

(4) મિલકત ક્ષેત્રે જોઈએ તો 98.75 ટકા ઉત્તરદાતાઓ જમીનની માલિકી ધરાવતા હતા.

(5) ખેતીના વ્યવસાય સાથે પૂરક વ્યવસાય તરીકે પશુપાલન કરતા 66.75 ટકા ઉત્તરદાતાઓ દૂધાળાં પશુઓ પાળતા જોવા મળ્યાં હતાં.

(7) **શીર્ષક : આદિવાસી સમુદાય ઉપર વનબંધુ કલ્યાણ યોજનાની અસર – એક સમાજશાસ્ત્રીય અભ્યાસ**

**પદવી : પીએચ.ડી.**

**યુનિ. : વલ્લભ વિદ્યાનગર, આણંદ**

**વર્ષ : 2011**

**હેતુઓ :**

(1) આદિવાસી સમુદાયનું સામાજિક માળખું તપાસવું.

(2) આદિવાસી સમુદાયની સાંસ્કૃતિક પૃષ્ઠ ભૂમિકાની જાણકારી મેળવવી.

(3) વનબંધુ કલ્યાણ યોજનાને કારણે આદિવાસી સમુદાયની આર્થિક, શૈક્ષણિક અને આરોગ્ય વિષયક માહિતી મેળવવી.

(4) વનબંધુ કલ્યાણ યોજનાને કારણે આદિવાસી સમુદાયમાં આવેલા પરિવર્તન અને પ્રક્રિયા તથા પરિબળોની શોધ કરવી.

**તારણો :**

(1) પ્રસ્તુત અભ્યાસમાં મોટાભાગના ઉત્તરદાતાઓ તરીકે પુરુષો જોવા મળ્યાં હતાં, જેનું મુખ્ય કારણ ભારતીય હિંદુ સમાજ પુરૂષ પ્રધાન સમાજ હોવાનું જોવા મળ્યું હતું.

(2) આદિવાસીઓ પોતાનો વિશિષ્ટ ધર્મ છોડીને હવે હિન્દુ ધર્મ અને ખ્રિસ્તી ધર્મમાં વધુ શ્રદ્ધા ધરાવતા જોવા મળ્યાં હતાં.

(3) મોટાભાગના કુટુંબો બાળકની વર્ષગાંઠ ઉજવતા નથી. તેઓમાં આધુનિકીકરણની અસર ઓછી જોવા મળી હતી તથા નબળી આર્થિક સ્થિતિ કારણભૂત જણાઈ હતી.

(4) વનબંધુ કલ્યાણ યોજના અગાઉ કાચા મકાન અને છાપરાંમાં રહેતા ઉત્તરદાતાઓનું પ્રમાણ વધારે હતું. જ્યારે યોજના પછી છાપરામાં રહેતા ઉત્તરદાતાઓનું પ્રમાણ ઓછું જોવા મળ્યું હતું.

(5) મોટાભાગના કુટુંબોમાં ભૌતિક સુવિધાઓ સારી હતી છતેં પણ ફ્રિઝ, સોફાસેટ, ઇલેક્ટ્રીક બંધી, ગેસ, સિલિન્ડર વગેરે ખુબ ઓછા પ્રમાણમાં જોવા મળ્યાં હતાં.

## પ્રકરણ-3

# કાર્યક્ષેત્રનો પરિચય અને ઉત્તરદાતાની પ્રાથમિક માહિતી

3.1 પ્રસ્તાવના

3.2 ભારત અને ગુજરાતના આદિવાસીઓનો પરિચય

3.3 ક્ષેત્ર પરિચય

3.4 અભ્યાસક્ષેત્રના ગામોનો પરિચય

3.5 આદિવાસીઓના વ્યવસાયોનો પરિચય

3.6 ઉત્તરદાતાઓની પ્રાથમિક માહિતી

3.7 કૌટુંબિક માહિતી

3.8 ભૌતિક માહિતી

# પ્રકરણ-3

# કાર્યક્ષેત્રનો પરિચય અને ઉત્તરદાતાની પ્રાથમિક માહિતી

## 3.1 પ્રસ્તાવના :

વ્યવસાયિક સ્તરને લક્ષમાં રાખીને ભારતીય આદિવાસી સમાજને દૃષ્ટિપાત કરતાં જણાય છે કે, ભારતમાં આદિવાસી ગ્રામજનો અન્ય ભારતીય ગ્રામજનો અને શહેરીજનોથી તદ્દન ભિન્ન પ્રકારનું સામાજિક જીવન જીવે છે. આર્થિક અને વ્યવસાયિક પછાતપણું ભોગવતી અને મહદ્અંશે પ્રાથમિક કક્ષાનું જીવન જીવતી આદિવાસી પ્રજાને ભારતના રાજ્ય બંધારણમાં આદિવાસીઓને અનુસૂચિત જનજાતિઓ (Scheduled Tribes) તરીકે ઓળખવામાં આવે છે.

ભારતના આદિવાસીઓ જુદા-જુદા ભૌગોલિક વિસ્તારોમાં વસે છે. તેમનાં જાતિતત્વો, ભાષા, સાંસ્કૃતિક સ્તર, વ્યવસાયો વગેરેમાં તફાવત રહેલા છે. આદિવાસી પ્રજા સમગ્ર ભારતીય સમાજરચનાનું મહત્વનું અંગ છે. તેઓ દેશમાં સામાન્ય શહેરી અને ગ્રામજનોથી એકંદરે પછાત અવસ્થામાં જીવે છે. તેમની અર્થવ્યવસ્થા, સમાજજીવન, સંસ્કૃતિ વગેરે એકંદરે આદિમ અવસ્થામાં છે. ભારતના સામાન્ય નાગરિકોની તુલનામાં આદિવાસીઓ પછાતપણું ભોગવે છે. કેટલાક આદિવાસી સમુદાયો સભ્યો સમાજ સાથેના સંપર્કમાં આવ્યા છે તો કેટલાંક આદિવાસી સમુદાયો સભ્ય સમાજ સાથેના સંપર્કથી દૂર અલગતામાં વસે છે.

સભ્ય સમાજના સંપર્કને તથા સંપર્કના અભાવે આદિવાસી સમાજમાં કેટલીક સમસ્યાઓ પેદા થઈ છે. આ સમસ્યાઓ હલ કરવા માટે જુદાં-જુદાં નિષ્ણાતોએ જુદાં-જુદાં દૃષ્ટિબિંદુઓ કે મંતવ્યો રજૂ કર્યા છે. કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ ભારત કેન્દ્ર અને રાજ્ય

સરકારે આદિવાસીઓની સમસ્યાઓ હલ કરવા માટે તેમજ તેમનોમ વિકાસ સાધવા માટે સરકારે ઘનિષ્ટ પ્રયાસો કર્યા છે એટલું જ નહિ પરંતુ આદિવાસીઓના ઉત્કર્ષ માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓ લાગુ પાડીને તેમની વિકાસની નવી તકો પૂરી પાડવામાં આવી છે અને તેનાથી આદિવાસીઓના સમાજ જીવનમાં નવાં પરિવર્તનો દૃષ્ટિગોચર થવા લાગ્યા છે.

## 3.2 ભારત અને ગુજરાતના આદિવાસીઓનો પરિચય :

### ભારતના આદિવાસીઓનો પરિચય

ભારતની આદિવાસી જાતિઓ સામાજિક, આર્થિક, શૈક્ષણિક તથા રાજકીય કારણોસર બાકીની પ્રજાની સરખામણીમાં ઘણા પાછળ રહી છે. આવી જાતિઓની પ્રગતિ ઝડપી બનાવી શકાય તે માટે બંધારણમાં તેમને માટે ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે. રાજ્યના બંધારણના કલમ 46 મુજબ સમાજની અનુસૂચિત જનજાતિઓ અને અનુસૂચિત જાતિઓના વિકાસ અને કલ્યાણ માટે જરૂરી પગલાં લેવા સરકારને જણાવાયું છે.

આદિવાસી રાનીપરજ, ભૂમિજન, ગિરીજન, વનવાસી તરીકે ઓળખાતી બધી જાતિઓનો સમાવેશ અનુસૂચિત જનજાતિઓમાં કરવામાં આવ્યો છે. ભારતમાં રિઝલે, લેસી, એલ્વિન, કીગસન સબર્ટ, સેડવી, માર્ટીન અને ઠક્કરબાપા તેમને 'મૂળવતનીઓ' કહે છે. હટ્ટન એમને આદિવાસીઓ તરીકે ઓળખાવે છે.

### આદિવાસીઓનો અર્થ અને વ્યાખ્યા :

જનજાતિ માટે અંગ્રેજીમાં Tribe શબ્દ વપરાય છે. આ શબ્દ લેટિન ભાષામાં Trube પરથી ઉતરી આવ્યો છે. જેનો અર્થ રોમન લોકોનું ત્રણ વિભાગોમાં વિભાજન કરવું એવો થાય છે. મૂળ Tribe શબ્દનો અર્થ થાય છે. નિર્ધન લોકો, ગણ વિભાગી, રોમન પ્રજા માટે Tribe એ રાજનૈતિક વિભાગ હતો. પશ્ચિમના દેશોમાં અર્થઘટન થાય છે કે જુદા-જુદા કુળો અને ગૌત્રનું જૂથ, દેશનાં વિવિધ પ્રદેશોમાં વસતું હોય અને એકમ ગણીને આપણે જાતિ (Tribe)

કહીએ છીએ. દ્રવિડોના આવ્યા પહેલાં આ સમૂહ દેશમાં વસતા હતા. આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થા (I.L.O.) એ આદિવાસીઓને 'મૂળવતનીઓ' તરીકે ઓળખાવ્યા છે. 'આદિ' એટલે પ્રારંભનું 'વાસી' એટલે વસનારું. આ લોકોનો સમૂહ દેશમાં સર્વપ્રથમ વસનારો હતો.

**ડી. એન. મજમુદાર :**

"આદિવાસી એ પ્રાદેશિક જોડાણ ધરાવતું અંતર્વિવાહી સામાજિક જૂથ છે. જેમાં કાર્યોના વિશેષીકરણનો અભાવ હોય છે. પોતાની વિકસાવેલી સારાન વ્યવસ્થા હોય છે. ભાષા કે બોલીની સમાનતા હોય છે. અન્ય આદિવાસી સમૂહથી અંતર ધરાવે છે અને તેઓ આદિમ પ્રણાલિકાઓ, માન્યતાઓ તથા રિવાજોને અનુસરે છે."

**ઈમ્પિરિયલ ગેઝીટીયર :**

"આદિવાસી કેટલાક કુટુંબોનો સમુદાય છે, જે સમાન નામ અને સમાન બોલી ધરાવતું અંતર્વિવાહી જૂથ છે તથા તેઓ સમાન પ્રદેશમાં વસે છે અથવા સમાન પ્રદેશના વતની છે. તેવી માન્યતા ધરાવે છે."

**ડિક્સક્ષનરી ઓફ એન્થોપોલોજી :**

"આદિમ કે આદિવાસી જાતિએ નિશ્ચિત પ્રદેશ, નિશ્ચિત બોલી અને નિશ્ચિત સંસ્કૃતિ ધરાવતો સામાજિક સમૂહ છે કે, જે સમાન સામાજિક સંગઠન ધરાવે છે. તેનામાં ગોત્રો અને ગામડાંઓનો અનેક ઉપસમૂહોનો સમાવેશ થાય છે. સામાન્ય રીતે આદિવાસીઓમાં એક નેતા હોય છે. તેમજ એક સર્વસામાન્ય પૂર્વજ અને રક્ષક દેવ હોય છે. કુટુંબો અથવા નાના સમુદાયો કે જે આદિવાસી જાતિ સર્જે છે. તેઓ આર્થિક, ધાર્મિક, કૌટુંબિક અને લોહીના સંબંધ દ્વારા ગુંફિત હોય છે."

**આદિવાસીઓનાં લક્ષણો :**

વિવિધ વિદ્વાનોએ આપેલી વ્યાખ્યાઓ પરથી આદિવાસીઓનાં કેટલાંક સામાન્ય લક્ષણો નીચે મુજબ છે.

ડૉ.એ.આર.દેસાઈ એ જનજાતિ સમૂહો વિશેની નીચે મુજબની ખાસિયતો ઉપર પ્રકાશ પાડ્યો છે.

(1) તે સભ્ય સમાજથી દૂર પર્વતો અને જંગલોમાં દુર્ગમ સ્થાનોમાં નિવાસ કરે છે.

(2) નેગ્રિટો, ઓસ્ટ્રોલોઈડ અથવા મોગોલોઈડ જાતિ તત્વોમાંથી એક જાતિ તત્વ સાથે સંબંધ ધરાવે છે.

(3) જનજાતિય ભાષા કે બોલીનો ઉપયોગ કરે છે.

(4) આદિવાસી ધર્મને માને છે, જે સજીવવાદના સિદ્ધાંતને સમર્થન આપે છે. જેમાં ભૂત-પ્રેત, મૃત આત્માઓનું મહત્વપૂર્ણ સ્થાન છે.

(5) તેઓ એવા વ્યવસાયને અપનાવે છે જેમાં ઉપયોગી પ્રાકૃતિક વસ્તુઓનો સંગ્રહ, શિકાર, વનમાં ઉત્પન્ન વસ્તુઓનો સંગ્રહ કરવો વગેરેનો સમાવેશ થાય છે.

(6) તેઓ મોટેભાગે માસાંહારી હોય છે.

(7) તેઓ નગ્નવસ્થા કે અર્ધનગ્નઅવસ્થામાં જીવે છે. ખૂબ થોડા વસ્ત્રો પહેરે છે.

(8) ભડકતું જીવન જીવે છે.

(9) મંદિરા અને નૃત્ય પ્રત્યે વિશેષ રૂચિ ધરાવે છે.

**ગુજરાતના આદિવાસીઓનો પરિચય** :

સમગ્ર રાષ્ટ્રવ્યાપી ભારતીય સંસ્કૃતિના વિશાળ માળખામાં ગુજરાત એક સાંસ્કૃતિક પ્રદેશ છે. તે પોતાની આગવી ભાષા, જીવનશૈલી અને સાહિત્ય ધરાવે છે. ગુજરાતને ભૌગોલિક દૃષ્ટિએ ત્રણ સાંસ્કૃતિક વિભાગોમાં વહેંચી શકાય છે. (1) પૂર્વ પટ્ટી (2) તળ ગુજરાત અને (3) કચ્છ સૌરાષ્ટ્ર.

પૂર્વનો આદિવાસી પટ્ટો પરિસ્થિતિ શાસ્ત્રી દૃષ્ટિએ ત્રણ સ્પષ્ટ વિભિન્ન પેટા વિભાગોનો બનેલો છે. પહેલો વિભાગ છે. થોડા છૂટાછવાયા ઘરબાયેલા ખનીજો, મિશ્ર ઉષ્ણતામાન,

ભેજવાળા જંગલની ખડકાળ ઉચ્ચ ભૂમિની ખાસિયતોવાળા ડુંગરાળ અને ઉચ્ચ સપાટ પ્રદેશોનો બીજા વિભાગ ફળદ્રુપ ખેતીલાયક જમીન ધરાવતો તથા નદીઓ તેમજ ઝરણાંઓની અંતરાયેલી ખીણોનો વર્ચસ્વવાળા વિસ્તારોનો છે અને ત્રીજા વિભાગ પહેલાં બે વિભાગો વચ્ચે આવેલાં સીધા ચઢાણો અને ઠોળાવવાળો પટ્ટો મુખ્યત્વે પુષ્કળ મોટા જથ્થામાં ઉગેલા ઉછરેલાં જંગલો વૃક્ષો પત્તા-પત્તારરેસાદાર અન્ય વનસ્પતિઓથી છવાયેલા છે. જંગલોથી આચ્છાદિત ચઢાણો ઢોળાવોવાળો આ ત્રીજા વિભાગ કેટલાંક આદિવાસી જૂથોની વસતિના વસવાટોની શોભતો વિસ્તાર છે.

ગુજરાત રાજ્યનાં આદિવાસીઓની વસતિ પૂર્વ પટ્ટીમાં આવેલી છે. દાંતા તાલુકામાં પથરાયેલી ડુંગરોની હારમાળાથી શરૂ થઈ. પોશીના, ખેડબ્રહ્મા અને વિજયનગર તરફ વળીને દક્ષિણ તરફ નીચે ઉતરી પંચમહાલની ઉત્તર અને પૂર્વ સીમાને આવરી લઈને દક્ષિણે આવેલા નાનછલ વિભાગમાંથી પસાર થઈ. સુરત જિલ્લાના માંડવી તાલુકાથી આગળ વધી વાંસદા, ધરમપુર અને ડાંગ સુધી પહોંચતી ડુંગરાળ અને જંગલોવાળો પ્રદેશ ગુજરાતના આદિવાસીઓનું મુખ્ય રહેઠાણ છે. આ પ્રદેશોમાં ઉત્તરમાં અરવલ્લીની પર્વતમાળામાં, પૂર્વમાં સાતપુડા અને વિંધ્યાચળની પર્વતમાળા અને દક્ષિણમાં સરહ્યાદ્રિની પર્વતમાળામાં આવેલાં છે. આ આખો વિસ્તાર રાજ્યના 1,95,984 ચો.કિ.મી.ના કુલ વિસ્તાર પૈકી 27,189 ચો.કિ.મી.નો વિસ્તાર છે. જે રાજ્યના કુલ ભૌગોલિક વિસ્તારના 13.87 ટકા થાય છે. 2011ની વસ્તી ગણતરી મુજબ કુલ વસ્તી 6,04,39,692 જેમાં આદિવાસી વસ્તી 89,17,174 છે. જેમાં કુલ વસ્તીના 14.75 ટકા જેટલી આદિવાસી વસ્તી છે.

ગુજરાતની મુખ્ય આદિજાતિઓમાં બાવચા, ભરવાડ, ભીલ, ચારણ, ચૌધરી, ચોધરા, ધાનકા, ઘોડિયા, દુબળા, ગામીત, ગોંડ, કાથોડી, કોંકણા, કાકોળી-ઢોર, કુનબી, નાયકડા, પઢાર, પટેલિયા, પોમલા, રાઠવા, સિદ્દી, વારલી, કોટવાલીયા, પારધી અને પારધી (એંડવિચર)નો સમાવેશ થાય છે.

## 3.3 ક્ષેત્ર પરિચય :

ગુજરાતની ભૌગોલિક પરિસ્થિતિ પ્રમાણે સામાન્ય રીતે તેને ચાર વિભાગમાં વહેંચવામાં આવેલા છે. (1) ઉત્તર ગુજરાત (2) મધ્ય ગુજરાત (3) દક્ષિણ ગુજરાત (4) સૌરાષ્ટ્ર. સંશોધનકર્તા અભ્યાસનો જિલ્લો ડાંગ છે. તેથી અભ્યાસક્ષેત્રના વિસ્તાર તરીકે ડાંગ જિલ્લાના આહવા તાલુકાના ગામોનો સમાવિષ્ટ કરવામાં આવેલા છે.

ડાંગ જિલ્લો અને આહવા તાલુકાનો પરિચય :

ડાંગ એ ગુજરાતનો સૌથી નાનો જિલ્લો છે. જે રામાયણકાળનું દંડકારણ્ય એટલે આજનો સહ્યાદ્રિની રમણીય પર્વતમાળાઓથી ઘેરાયેલો અને પ્રાકૃતિ સૌંદર્ય વેર્યું છે એવા નયનરમ્ય વનરાજીથી છલકાતાં તેમજ આંખોને ઠારી દેતા, મનભાવન, હૃદયગમ્ય એ પ્રદેશનું નામ છે. ડાંગ એટલે જંગલ. ડાંગમાં સળંગ જંગલ છે. જંગલ ડાંગની એક અમૂલ્ય મૂડી છે. જેથી ગુજરાતના સૌથી વધારે વરસાદ પડે છે તેથી તેને ગુજરાતનું ચેરાપૂંજી તરીકે ઓળખાય છે.

ગુજરાત રાજ્યના 33 જિલ્લાઓ પૈકી ડાંગ જિલ્લો અન્ય જિલ્લાઓથી ભૌગોલિક, સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક રીતે તદ્દન જુદો જ તરી આવે છે. ડુંગરોની સળંગ હારમાળા, ઊંડી ખીણો અને ગીચ જંગલોવાળા ડાંગ જિલ્લો ગુજરાતમાં દક્ષિણે છે. જે 1,778 ચો.કિ.મી.નો વિસ્તાર ધરાવતો આ નાનકડો ડાંગ જિલ્લો સહ્યાદ્રી પર્વતની ઉત્તર છેડે આવેલી હારના પશ્ચિમ ઢોળાવ પર આવેલો છે. આ જિલ્લાનાં ત્રણ તાલુકાઓ છે. જેમાં આહવા, સુબિર અને વઘઈ એમ ત્રણ તાલુકાઓ છે. આ જિલ્લાનું મુખ્ય મથક આહવા છે. ડાંગ જિલ્લામાં 94.65 ટકા આદિવાસી વસતિ છે. 2011ની વસ્તી પ્રમાણે ડાંગ જિલ્લામાં 216073 આદિવાસી વસ્તી છે. આ જિલ્લામાં મોટાભાગે ખેતી, પશુપાલન તેમજ વનપેદાશો આધારિત જીવન ધબકી રહ્યું છે.

આહવા તાલુકામાં કુલ 123 ગામડાઓનો સમાવેશ થાય છે. આહવા તાલુકો ભારત દેશના ગુજરાત રાજ્યના દક્ષિણ ભાગમાં ડુંગરાળ તેમજ ગીચ વનરાજીથી અત્યંત રમણીય

લાગતા ડાંગ જિલ્લાનું મુખ્ય મથક છે. આહવા તાલુકામાં સિવિલ હોસ્પિટલ, સરકારી વિનયન અને વાણિજ્ય તથા સહકારી સાયન્સ કૉલેજ આવેલી છે. આહવા તાલુકામાં કુલ 154 પ્રાથમિક શાળાઓ, 10 માધ્યમિક અને 10 ઉચ્ચ પ્રાથમિક શાળાઓ 2 આઈ.ટી.આઈ. અને 183 આંગણવાડી કેન્દ્રો આવેલા છે. નદીઓમાં પૂર્ણા, અંબિકા અને ખાપરીનો સમાવેશ થાય છે. દુધ સરકારી મંડળીઓ 78 છે. કુલ 6 બેન્કો છે. આહવા તાલુકાની કુલ વસ્તી 101189 વસ્તી છે. જેમાં પુરુષો 50337 અને સ્ત્રીઓ 50952 છે. શિક્ષણનું પ્રમાણ 59.66 ટકા છે. પાકોમાં ડાંગર, જુવાર, કોદરા, નાગલી (રાગી), વરય, તુવેર, અડદ, ખરસાણી અને મગફળી મુખ્ય પાકો છે. જોવાલાયક સ્થળોમાં બોરખેલ શ્રી હનુમાનજીનું મંદિર, બોરખેલ સુરખાઈ રામમંદિર, આજનકુંડ (શ્રી હનુમાનજીનું જન્મ સ્થળ), પાડવ ગુફા, (પાંડવા ગામ), સાપુતારા ગીરીમથક (હીલ સ્ટેશન), દેવીના માળ (કેમ્પસાઈટ અને આદિવાસી દેવસ્થાન), બોરખલ (લીંગા) નળદાદેવ (શ્રી શંકર ભગવાન ભૂત સ્વરૂપ), હાંડી ડુંગર, અટાળાનાં પર્વત પર દેવસ્થાન, ધવલીદોડ ગામે નડગ્યા ગઢ, તુળજા ભવાનીનું મંદિર, ઘોઘલી ગામે ઘુઘલીનાથ ભગવાન, શિવઘાટ (શિવમંદિર), આહવા દંડકેશ્વર મંદિર, ચનખલ ગામે ધોધ વગેરે આહવા તાલુકાના જોવાલાયક સ્થળો છે.

## 3.4 અભ્યાસક્ષેત્રના ગામોનો પરિચય :

### 1. ધવલીદોડ :

આ ગામ મુખ્ય મથક આહવાથી 13 કિ.મી.નાં અંતરે આવેલું છે. આ ગામની કુલ વસતી 1,280 છે. જેમાં પુરુષોનું પ્રમાણ 1,176 અને સ્ત્રીઓનું પ્રમાણ 1,104 છે. આ ગામમાં મુખ્ય બે જાતિના લોકો છે. જેમાં કોંકણી અને ભીલ જાતિના લોકો વસવાટ કરે છે. ગામમાં એક પ્રાથમિક શાળા 1 થી 8 ધોરણની અને એક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા 9 થી 12 ધોરણની છે. ગામમાં એક સહકારી દુધ મંડળી છે. ગામમાં શિક્ષણનું પ્રમાણ 75.99 ટકા છે. લોકો મોટાભાગે ખેતીના વ્યવસાય સાથે જોડાયેલા છે.

**2. ગોંડલવિહિર :**

આ ગામ મુખ્ય મથક આહવાથી 8 કિ.મી.ના અંતરે આવેલું છે. આ ગામની કુલ વસતિ 1,248 જેમાં પુરુષોનું પ્રમાણ 601 અને સ્ત્રીઓનું પ્રમાણ 647 છે. આ ગામમાં કોંકણી, ભીલ અને વારલી જાતિના લોકો વસે છે. ગામમાં એક પ્રાથમિક શાળા છે. આ ગામમાં શિક્ષણનું પ્રમાણ 82.87 ટકા છે. આ ગામના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી સાથે અને થોડા પ્રમાણમાં સરકારી કે બિનસરકારી નોકરી સાથે જોડાયેલા છે.

**3. બોરખલ :**

આ ગામ મુખ્ય મથક આહવાથી 10 કિ.મી.ના અંતરે આવેલું છે. આ ગામની કુલ વસ્તી 829 છે. જેમાં પુરુષોનું પ્રમાણ 417 અને સ્ત્રીઓનું પ્રમાણ 412 જેટલું છે. આ ગામમાં કોંકણી અને ભીલ જાતિના લોકો વસવાટ કરે છે. ગામમાં મુખ્ય વ્યવસાય ખેતી સાથે જોડાયેલા લોકોનું પ્રમાણ વધારે છે. આ ગામમાં ખ્રિસ્તી ધર્મ પાળતા લોકોનું પ્રમાણ વિશેષ જોવા મળે છે. આ ગામમાં મોટી નદી હોવાથી લોકો ખેતી પણ સારી એવી કરે છે. આ ગામમાં એક પ્રાથમિક અને એક ઉચ્ચતર માધ્યમિક શાળા પણ આવેલી છે. ગામમાં શિક્ષણનું પ્રમાણ 87.22 ટકા છે.

**4. ભવાનદગડ :**

આ ગામ આહવાથી 12 કિ.મી.ના અંતરે આવેલું છે. આ ગામની કુલ વસતિ 593 છે. જેમાં પુરુષોનું પ્રમાણ 288 અને સ્ત્રીઓનું પ્રમાણ 305 છે. આ ગામમાંથી નદી વહેવાથી લોકો ડાંગર અને શેરડી અને આંબા અને કેળાની વાડીઓ સારી એવી જોવા મળે છે. આ ગામમાં શિક્ષણનું પ્રમાણ સારુ હોવાથી અહીંના લોકો શિક્ષક, પોલીસ, એસ.આર.પી., આર્મી જેવા સરકારી નોકરીઓમાં જોડાયેલા છે. આ ગામમાં નોકરીયાત વર્ગ સારો એવો જોવા મળે છે. આ ગામમાં શિક્ષણનું પ્રમાણ 83.92 ટકા જેટલું છે. આ ગામમાં 1 થી 8 ધોરણની પ્રાથમિક શાળા આવેલી છે.

## 3.5 આદિવાસીઓના વ્યવસાયોનો પરિચય :

આદિવાસી સમુદાયની જીવનશૈલી વિશિષ્ટ અને ભિન્ન પ્રકારની જોવા મળે છે. ભારતના દરેક આદિવાસી સમુદાયોમાં કુટુંબ, લગ્ન, ધર્મ, આર્થિક પ્રવૃત્તિ વગેરેમાં વૈવિધ્ય જોવા મળે છે. આદિવાસી સમુદાય મોટાભાગે કુદરત નિર્ભર જીવન જીવે છે. તેમન આસપાસ કુદરતી વાતાવરણ જેમકે જંગલ, નદી, તળાવ, પહાડ, પશુ વગેરેમાંથી જે ખાદ્યસામગ્રી ઉપલબ્ધ થાય તેના પર પોતાની આજીવિકા ચલાવે છે. ડૉ.વિદ્યાર્થી અને રાય ભારતનાં આદિવાસીઓની અર્થવ્યવસ્થાની મૂળભૂત ખાસિયતો વર્ણવીને અર્થવ્યવસ્થા પાયાના વિભિન્ન વર્ગીકરણનો ખ્યાલ આપી આદિવાસીઓના પરંપરા વ્યવસાયોની વાત કરી છે. જેમાં આદિવાસીઓ તળાવ કે ખીણમાં ખેતી કરે છે. પશુપાલન સાથે જોડાયેલા ફરતી ખેતી, ખાંધ સંકલનના લાકડાના કામો વગેરે એમના મુખ્ય વ્યવસાયો છે.

**પરંપરાગત વ્યવસાયોનો પરિચય :**

આદિવાસી સમુદાયનો પરંપરાગત વ્યવસાય ખાદ્ય સંકલન, શિકાર કરવો, ફરતી ખેતી કરવી, પશુપાલન કરવો જેવા એમના મુખ્ય વ્યવસાયો હતા. ખાદ્ય સંકલનો અને શિકારીઓ પ્રકારના આદિવાસી તેની આજીવિકા માટે મુખ્યત્વે જંગલોમાંથી ઉપલબ્ધ ખાદ્ય સામગ્રી વન્ય પશુઓનાં શિકાર પર આધાર રાખે છે. આ પ્રકારના આદિવાસીઓને વિદ્યાર્થી અને રાય જંગલમાં શિકાર કરતી આદિજાતિ તરીકે ઓળખાવે છે.

આદિવાસીઓની પ્રાચીન સમયની જીવન નિર્વાહની આ રીત વર્તમાન કેટલાંક આદિવાસી સમુદાયોમાં પરંપરાગત વ્યવસાયોમાં હજુ પણ અસ્તિત્વ ધરાવે છે. જેમકે મુખ્ય આર્થિક પ્રવૃત્તિ ખેતી કે ખેતમજુરી હોય છે. તેઓ ગૌણ વ્યવસાય પ્રવૃત્તિ તરીકે ખાદ્ય

ચીજવસ્તુઓનું સંકલન અને શિકાર કરવાની પ્રવૃત્તિ કરે છે. તેઓ સામાન્ય રીતે જંગલમાંથી કંદમૂળ, ફળ ફુલ, વનસ્પતિ અને અન્ય ખાદ્ય ચીજોનું એકત્રીકરણ કરી તેના પર નભે છે. આ પ્રકારની વ્યવસાય સાથે જોડાયેલા આદિવાસી ઋતુ અને વિસ્તાર અનુસાર ખાદ્ય સંકલન અને શિકાર પર આધાર રાખે છે.

અભ્યાસક્ષેત્રના ડાંગ જિલ્લાના આદિવાસીઓનો મુખ્ય વ્યવસાય ખેતી છે. સાથે ગૌણ વ્યવસાય તરીકે પશુપાલન વ્યવસાય પણ કરે છે. જોકે પશુપાલનનો વ્યવસાય કરવા પાછળ ડાંગના લોકોનો હેતુ ડેરી વિકાસ માટે જ નથી હોતો પરંતુ ગાયો સારી જાતના બળદો પેદા કરી ખેતીના કામમાં તે ઉપયોગી બને એ હેતુથી પણ પશુપાલન વ્યવસાય કરતા હોય છે. ડાંગ જિલ્લામાં ખેતી ચોમાસાની ઋતુ દરમિયાન થાય છે. ત્યારપછી લોકો છૂટક મજુરી માટે ગુજરાત અને મહારાષ્ટ્રના કેટલાંક સ્થળોએ જઈ છૂટક મજૂરી કરે છે. દુર્ગમ પહાડી વિસ્તારમાં માત્ર ચોમાસાની ઋતુ પર જ નિર્ભર હોય છે. ડાંગમાં ખેતીના પરંપરાગત પાકોમાં નાગલી, જુવાર, ડાંગર, વરઈ, અડદ, તુવેર, ખરસાણી, મગફળી જેવા પાકોનું વાવેતર કરવામાં આવે છે.

**આદિવાસીઓના વ્યવસાયમાં વૈવિધ્યતા** :

આદિવાસી સમુદાયમાં ઉદ્દભવેલ આર્થિક વિકાસની પ્રક્રિયાથી વિવિધિકરણ ઉદ્ભવ્યું છે. ભારતમાં ઔદ્યોગિકરણની પ્રક્રિયા ઝડપી અને વ્યાપક બનતા આદિવાસીઓની આર્થિક પ્રવૃત્તિ ખેતીમાંથી બિન-ખેતી તરફની બનતી જોવા મળે છે. ખેતીના નફાલક્ષી અને બજારલક્ષી આર્થિક પ્રવૃત્તિ તરીકે વિકાસ થયો છે. રસ્તા, બંધ, રેલવે, મકાન, કારખાના, બાંધકામ, ખાણ, મત્સ્યઉદ્યોગ વગેરે જેવા વ્યવસાયોમાં આદિવાસી સહભાગી બનવા લાગ્યા છે. પરંપરાગત રીતે ખેતી કે કારીગરી સ્વરૂપનાં વ્યવસાયો કરી વેતન મેળવતા લોકો આધુનિક ઔદ્યોગિક મજૂરીનો વ્યવસાય સ્વીકાર કરતા થયા છે.

આદિવાસી સમુદાયમાં નવું યુવાન વર્ગ શિક્ષિત અને ગતિશીલ બનતું જાય છે. શિક્ષણનું પ્રમાણ વધતા ગતિશીલતા વ્યાપક પ્રમાણમાં વિકસી છે. શિક્ષિત આદિવાસી યુવકો સરકારી, ઔદ્યોગિક અને આધુનિક વ્યવસાયોમાં પ્રવેશવા માંડ્યા છે. ઔદ્યોગિકરણની પ્રક્રિયાથી પરંપરાગત કારીગરનાં વ્યવસાયો પડી ભાંગ્યા છે જેના લીધે આધુનિક વ્યવસાયો વિકસવા લાગ્યા છે. આ પ્રકારના વ્યવસાયિક વૈવિધ્યથી આદિવાસીઓની આવકમાં નોંધપાત્ર વધારો થયો છે. જેનાથી તેઓની જીવનશૈલીમાં પરિવર્તન આવ્યું છે.

## 3.6 ઉત્તરદાતાઓની પ્રાથમિક માહિતી :

પ્રસ્તાવના :

વ્યક્તિ જન્મથી મૃત્યુપર્યંત કુટુંબ વ્યવસ્થામાં પોતાનું જીવન વ્યતિત કરે છે. જેમાં તેનાં સામાજિક જીવનનો પ્રારંભ થાય છે. વ્યક્તિનાં સંસ્કૃતિનાં સંસ્કારો, તત્વો, ધાર્મિક વિધિઓ તેમજ સામાજિક રિવાજો પરંપરાગત રીતે કુટુંબ દ્વારા અર્પણ થાય છે. માનવીને વિકાસની તક કુટુંબ દ્વારા જ પૂરી પાડવામાં આવે છે.

કોઈપણ કુટુંબ અંગેની માહિતી તેના રાજ્યો પાસેથી સારી રીતે મેળવી શકાય છે. અભ્યાસક્ષેત્રે ડાંગ જિલ્લાના વિવિધ ગામોમાં સંશોધકે અભ્યાસ હેઠળનાં કુટુંબોનાં સભ્યોની મુલાકાત લઈ વ્યક્તિ અને કુટુંબ અંગે માહિતી એકઠી કરી છે. જેમાં ઉંમર, જાતિ, ધર્મ, વ્યવસાય, કુટુંબનો પ્રકાર, વૈવાહિક દરજ્જો વગેરે અંગેની માહિતી મેળવવાનો પ્રયાસ કર્યો છે.

### 3.6.1 ઉત્તરદાતાની વ્યક્તિગત માહિતી :

અભ્યાસનાં ઉત્તરદાતાની વ્યક્તિગત માહિતીમાં ઉંમર, જાતિ, ધર્મ, વ્યવસાય, કુટુંબનો પ્રકાર વિષયક માહિતી એકત્ર કરવામાં આવી છે. તેનું આંકડાકીય વિવરણ અહીં રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે.

પ્રસ્તુત અભ્યાસમાં 100 ઉત્તરદાતાઓનો સમાવેશ થાય છે. તેમની ઉંમર અંગેનો ખ્યાલ નીચેના કોષ્ટક પરથી મેળવી શકાય છે.

**કોષ્ટક નં.3.1**

**ઉત્તરદાતાની ઉંમર અંગેની વિગત**

| ક્રમ | વિગત | સ્ત્રી | | પુરુષ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| | | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા |
| 1. | 20 થી 40 | - | - | 33 | 33.00 | 33 | 33.00 |
| 2. | 41 થી 60 | 3 | 3.00 | 55 | 55.00 | 58 | 58.00 |
| 3. | 61 થી 80 | - | - | 08 | 08.00 | 08 | 08.00 |
| 4. | 80 થી વધુ | - | - | 01 | 01.00 | - | 01.00 |
| | કુલ | 3 | 3.00 | 97 | 97.00 | 100 | 100.00 |

ઉપરોક્ત કોષ્ટક પરથી કહી શકાય છે કે અભ્યાસમાં પસંદ કરેલા ઉત્તરદાતાઓમાં 20 થી 40 વર્ષની ઉંમર ધરાવતા ઉત્તરદાતાઓનાં પુરુષ ઉત્તરદાતાઓનું પ્રમાણ 33 ટકા છે. જ્યારે 20 થી 40 વર્ષની ઉંમર ધરાવતા સ્ત્રી ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળતું નથી. 41 થી 60 વર્ષની ઉંમર ધરાવતા સ્ત્રી ઉત્તરદાતાઓનું પ્રમાણ 3 ટકા છે. જ્યારે પુરુષ ઉત્તરદાતાઓનું પ્રમાણ 55 ટકા છે. 61 થી 80 ઉત્તરદાતાઓમાં પુરુષ ઉત્તરદાતાઓનું પ્રમાણ

08 ટકા છે. જ્યારે સ્ત્રી ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળતું નથી. 80 થી વધુ ઉત્તરદાતાઓમાં પુરુષ ઉત્તરદાતાઓનું પ્રમાણ 01 ટકા છે. જ્યારે સ્ત્રી ઉત્તરદાતાઓનું પ્રમાણ જોવા મળતું નથી.

આમ, ઉપરોક્ત માહિતીને આધારે નોંધી શકાય છે કે પ્રસ્તુત અભ્યાસમાં 41 થી 60 વર્ષની ઉંમર ધરાવનાર ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે. જ્યારે 80 થી વધુ ઉંમર ધરાવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી ઓછું જોવા મળે છે. જેમાં 100 ઉત્તરદાતાઓમાંથી 3.00 ટકા ઉત્તરદાતાઓ સ્ત્રીઓ જોવા મળે છે.

### 3.6.2 ઉત્તરદાતાની જાતિ અંગેની વિગત :

પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાની જાતિ અંગેની માહિતી આપવામાં આવી છે. તેમાં સંશોધકે ઉત્તરદાતા તરીકે સ્ત્રી અને પુરુષ બન્નેને ઉત્તરદાતા તરીકે પસંદ કરવામાં આવ્યા છે. જે અંગેની વિગત નીચેના કોષ્ટક ઉપરથી જોઈ શકાય છે.

**કોષ્ટક નં.3.2**

**ઉત્તરદાતાની જાતિ અંગેની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1. | સ્ત્રી | 03 | 03.00 |
| 2. | પુરુષ | 97 | 97.00 |
| | કુલ | 100 | 100.00 |

ઉપરોક્ત કોષ્ટક ઉપરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસમાં પસંદ કરેલા 100 ઉત્તરદાતાઓમાંથી સ્ત્રી ઉત્તરદાતાઓનું પ્રમાણ 03 ટકા છે અને પુરુષ ઉત્તરદાતાઓનું પ્રમાણ 97 ટકા જોવા મળે છે.

આમ, પ્રસ્તુત અભ્યાસમાં પસંદ કરેલા 100 ઉત્તરદાતાઓમાંથી પુરુષ ઉત્તરદાતાનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે. જ્યારે સ્ત્રી ઉત્તરદાતાનું પ્રમાણ સૌથી ઓછું જોવા મળે છે.

3.6.3 ઉત્તરદાતાના ધર્મ અંગેની વિગત :

શ્રી એચ.એમ. જ્હોન્સન ધર્મની વ્યાખ્યા આપતા લખે છે કે ધર્મ માન્યતા અને ક્રિયાઓની, વિધિઓની એવી સામ્યપૂર્ણ વ્યવસ્થા છે જેના સંબંધ પ્રાણી શક્તિ સાથે અથવા અન્ય વસ્તુઓની અલૌકિક વ્યવસ્થા સાથે રહેલો છે.

અહીં અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓ કયો ધર્મ પાળે છે તે જાણવા ધાર્મિક વર્ગીકરણ અગત્યનું છે જે નીચે મુજબ છે.

**કોષ્ટક નં.3.3**

**ઉત્તરદાતાના ધર્મ અંગેની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1. | હિન્દુ | 84 | 84.00 |
| 2. | ખ્રિસ્તી | 16 | 16.00 |
| | કુલ | 100 | 100.00 |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં હિન્દુ ધર્મ પાળતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 84 ટકા છે. જ્યારે ખ્રિસ્તી ધર્મ પાળતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 16 ટકા છે.

ઉપરોક્ત વર્ગીકરણના આધારે કહી શકાય છે હિન્દુ ધર્મ પાળતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે.

3.6.4 ઉત્તરદાતાઓનો વ્યવસાય અંગેની માહિતી :

સામાન્ય રીતે વ્યવસાય બે પ્રકારના જોવા મળે છે. મુખ્ય વ્યવસાય અને ગૌણ વ્યવસાય. વ્યક્તિને વર્ષ દરમિયાન સૌથી વધુ નાણાં જે વ્યવસાયમાંથી મળતા હોય તેવા વ્યવસાયને મુખ્ય વ્યવસાય કહેવાય છે.

વ્યક્તિની સામાજિક-આર્થિક પાર્શ્વભૂમિકાને સર્વાંગી રીતે સમજવાના સંદર્ભમાં તેના મુખ્ય વ્યવસાય અંગેની સમજૂતી મેળવવી ખૂબ જ મહત્વની છે. આ સંદર્ભમાં ઉત્તરદાતાના મુખ્ય વ્યવસાય અંગેની માહિતી દર્શાવવામાં આવી છે જે નીચે દર્શાવેલ કોષ્ટક દ્વારા દર્શાવવામાં આવી છે.

**કોષ્ટક નં.3.4**

**ઉત્તરદાતાનો મુખ્ય વ્યવસાય**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1. | ખેતી | 71 | 71.00 |
| 2. | ખેતમજુરી | 07 | 07.00 |
| 3. | નોકરી | 14 | 14.00 |
| 4. | ધંધો | 08 | 08.00 |
| 5. | અન્ય | 00 | 00.00 |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓનો વ્યવસાયમાં ખેતી વ્યવસાય સાથે જોડાયેલા ઉત્તરદાતાઓનું પ્રમાણ 71 ટકા છે. ખેતમજુરી સાથે જોડાયેલા ઉત્તરદાતાઓનું પ્રમાણ 7 ટકા છે. નોકરી સાથે જોડાયેલા ઉત્તરદાતાઓનું પ્રમાણ 14 ટકા છે. ધંધા સાથે જોડાયેલા ઉત્તરદાતાઓનું પ્રમાણ 8 ટકા છે.

આમ, ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે ખેતીના વ્યવસાય સાથે જોડાયેલા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ છે.

### 3.6.5 કુટુંબના પ્રકાર અંગેની વિગત :

કુટુંબ સાર્વત્રિક હોવા છતાં તેના સ્વરૂપોમાં વૈવિધ્ય રહેલું છે. કુટુંબમાં પેઢીની સંખ્યા અને સભ્યો વચ્ચેના સગપણ સંબંધોને લક્ષમાં રાખીને જોઈએ તો વિભક્ત કુટુંબ અને સંયુક્ત કુટુંબ એવા બે પ્રકાર જોવા મળે છે. જ્યારે કુટુંબમાં સત્તાની દૃષ્ટિએ જોઈએ તો પિતૃસત્તાક કુટુંબ અને માતૃસત્તાક કુટુંબ એવા બે પ્રકારો જોવા મળે છે. પ્રવર્તમાન સમયમાં મુખ્યત્વે બે પ્રકારના કુટુંબો જોવા મળે છે.

અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓ કયા પ્રકારના કુટુંબમાં વસવાટ કરે છે તેની માહિતી આપવામાં આવી છે જે નીચે મુજબ છે.

**કોષ્ટક નં.3.5**

**ઉત્તરદાતાના કુટુંબના પ્રકાર અંગેની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1. | સંયુક્ત | 74 | 74.00 |
| 2. | વિભક્ત | 26 | 26.00 |
| | કુલ | 100 | 100.00 |

આમ ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસમાં પસંદ પામેલા ઉત્તરદાતાઓમાંથી 74 ટકા ઉત્તરદાતાઓ સંયુક્ત કુટુંબમાં વસવાટ કરે છે. જ્યારે 26 ટકા ઉત્તરદાતાઓ વિભક્ત કુટુંબમાં વસવાટ કરે છે.

આમ, ઉપરના વિવરણ પરથી કહી શકાય છે કે હજુ પણ મોટાભાગના ઉત્તરદાતાઓ સંયુક્ત કુટુંબમાં રહેવાનું પસંદ કરે છે. કારણ કે સંયુક્ત કુટુંબમાં રહેવાથી કામનું ભારણ પડતું નથી.

### 3.6.6 ઉત્તરદાતાનો વૈવાહિક દરજ્જો :

સામાજિક સંશોધનમાં ઉત્તરદાતાનો વૈવાહિક દરજ્જો મહત્વનું ઘટક બની રહે છે. એ માટે જ ક્ષેત્રકાર્ય દરમ્યાન ઉત્તરદાતાઓની અન્ય વિગતોની સાથે વૈવાહિક દરજ્જાની વિગતો મેળવાય છે.

પ્રસ્તુત અભ્યાસમાં પણ ઉત્તરદાતાના વૈવાહિક દરજ્જો સંબંધિત માહિતી ક્ષેત્રકાર્ય દરમિયાન મેળવવામાં આવી છે. જે નીચે પ્રમાણેના કોષ્ટકમાં વર્ગીકૃત કરવામાં આવેલ છે.

**કોષ્ટક નં.3.6**

**ઉત્તરદાતાનો વૈવાહિક દરજ્જો અંગેની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| | | | |

| | | | |
|---|---|---|---|
| 1. | પરણિત | 96 | 96.00 |
| 2. | અપરણિત | 00 | 00.00 |
| 3. | વિધુર | 01 | 01.00 |
| 4. | વિધવા | 03 | 03.00 |
| 5. | ત્યક્તા | 00 | 00.00 |
| | કુલ | 100 | 100.00 |

ઉપરોક્ત કોષ્ટક ઉપરથી સ્પષ્ટ થાય છે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાંથી 96 ટકા ઉત્તરદાતાઓ પરણિત છે. 01 ટકા ઉત્તરદાતાઓ વિધુર છે. 03 ટકા ઉત્તરદાતાઓ વિધવા છે. અપરણિત અને ત્યક્તા ઉત્તરદાતાઓનું પ્રમાણ 0 ટકા છે.

આમ, ઉપરના વિવરણ પરથી સ્પષ્ટ થાય છે કે પરણિત ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ છે.

## 3.7 કૌટુંબિક માહિતી :

કુટુંબ માનવ સમાજની પાયાની સંસ્થા છે. પ્રજોત્પાદન અને બાળઉછેર જેવા મહત્વના કાર્યો કુટુંબ દ્વારા થાય છે. વ્યક્તિ જન્મથી મૃત્યુપર્યંત કુટુંબ વ્યવસ્થામાં જ પોતાનું જીવન વ્યતિત કરે છે. જેમાં તેના સામાજિક જીવનનો પ્રારંભ થાય છે. વ્યક્તિને સંસ્કૃતિના સંસ્કારો, ધાર્મિક વિધિઓ તેમજ રિવાજો કુટુંબ વ્યવસ્થા દ્વારા પ્રાપ્ત થાય છે. આમ આદિવાસી સંસ્થાને નકારી શકાતો નથી.

### 3.7.1 ઉત્તરદાતાના કુટુંબના કુલ સભ્યોની વિગત :

પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાના કુટુંબમાં કુલ સભ્યોની સંખ્યા કેટલી છે તે જાણવાનો પ્રયત્ન કર્યો છે. જેનો ખ્યાલ નીચેના કોષ્ટક પરથી મેળવીશું.

**કોષ્ટક નં.3.7**

**કુટુંબના સભ્યોની જાતિ અંગેની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1. | સ્ત્રી | 241 | 48.02 |
| 2. | પુરુષ | 259 | 51.08 |
| | કુલ | 500 | 100.00 |

ઉપરોક્ત કોષ્ટક પરથી જોઈ શકાય છે કે અભ્યાસ હેઠળનાં ઉત્તરદાતાના કુટુંબના સભ્યોની જાતિમાં 48.02 ટકા સ્ત્રીઓનું પ્રમાણ જોવા મળે છે. જ્યારે 51.08 ટકા પુરુષોનું પ્રમાણ જોવા મળે છે.

જેટલું સ્ત્રી-પુરુષનું પ્રમાણ જાણવું જરૂરી છે તેટલું જ વયજૂથનું પ્રમાણે જાણવું જરૂરી છે કારણ કે વયજૂથનાં આધારે જ કુટુંબમાં બાળકો, યુવાનો અને વૃદ્ધોની સંખ્યા નક્કી થઈ શકે છે. જાતિના આધારે જ કોઈપણ જ્ઞાતિ કે સમાજનાં વિકાસનાં માપદંડ નક્કી થઈ શકે છે. અભ્યાસ હેઠળના ઉત્તરદાતાના કુટુંબોનું વયજૂથ પ્રમાણેનું વર્ગીકરણ નીચે મુજબ છે.

**કોષ્ટક નં.3.8**

**કુટુંબનાં સભ્યોની ઉંમર દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સ્ત્રી | | પુરુષ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| | | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા |
| 1. | 0 થી 5 | 16 | 03.02 | 15 | 3.00 | 31 | 06.02 |
| 2. | 6 થી 25 | 118 | 23.06 | 116 | 23.00 | 234 | 46.08 |
| 3. | 26 થી 50 | 82 | 16.04 | 100 | 20.00 | 182 | 36.08 |
| 4. | 51 થી 75 | 24 | 04.08 | 27 | 5.4 | 51 | 10.02 |
| 5. | 76 થી વધુ | 01 | 00.02 | 01 | 00.02 | 02 | 00.04 |
| | કુલ | 241 | 48 | 259 | 51.08 | 500 | 100.00 |

ઉપરોક્ત કોષ્ટકના વર્ગીકરણ પરથી કહી શકાય કે પ્રસ્તુત અભ્યાસની ઉત્તરદાતાઓમાં 0 થી 5 વર્ષની ઉંમર ધરાવતા 6.2 ટકા સભ્યો છે. તેમાં 3.2 ટકા સ્ત્રી અને 3 ટકા પુરુષો છે. 6 થી 25 વર્ષની ઉંમર ધરાવતા 46.08 ટકા સભ્યો છે. તેમાં 23.06 ટકા સ્ત્રીઓ અને 23 ટકા પુરુષો છે. 26 થી 50 વર્ષની ઉંમર ધરાવતા 36.08 ટકા સભ્યો છે. જેમાં 16.04 ટકા સ્ત્રીઓ અને 20 ટકા પુરુષો છે. 51 થી 75 વર્ષની ઉંમર ધરાવતા 10.02 ટકા સભ્યો છે. તેમાં 4.8 ટકા સ્ત્રીઓ અને 5.4 ટકા પુરુષો છે. 76 વર્ષથી વધુ ઉંમર ધરાવતા 0.4 ટકા છે. જેમાં સ્ત્રીઓ 0.2 ટકા અને પુરુષ 0.02 ટકા છે.

આમ, ઉપરોક્ત વિશ્લેષણ પરથી કહી શકાય છે કે 6 થી 25 વર્ષની ઉંમર ધરાવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ વધુ છે. આ વયના જૂથનાં સભ્યો આર્થિક ઉપાર્જનની પ્રક્રિયામાં સૌથી મહત્વનો ભાગ ભજવે છે.

### 3.7.2 શિક્ષણનું પ્રમાણ :

સંશોધનના અભ્યાસનાં ગામોમાં શૈક્ષણિક સુવિધાઓ વધવાથી તેમજ શિક્ષણ પ્રત્યેની રુચિ અને જાગૃતિ વધવાથી શિક્ષણ પ્રત્યેના માતા-પિતાના બદલાયેલા વલણો, અન્ય સમાજનો સંપર્ક વગેરેનાં કારણે વર્તમાન સમયમાં બાળકો શિક્ષણ લેતા થયાં છે.

**કોષ્ટક નં.3.9**

**કુટુંબમાં અભણ, અશિક્ષિત અને શિક્ષણ અંગેની વિગત**

| ક્રમ | વિગત | સ્ત્રી | | પુરુષ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| | | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા |
| 1. | આશ્રિત | 16 | 3.2 | 15 | 3.00 | 31 | 6.02 |
| 2. | અભણ | 30 | 6.0 | 13 | 2.6 | 43 | 8.06 |
| 3. | ચાલુ | 80 | 16.0 | 76 | 15.2 | 156 | 31.2 |
| 4. | બંધ | 115 | 23.0 | 155 | 31.2 | 270 | 54.00 |
| | કુલ | 241 | 48.2 | 259 | 51.8 | 500 | 100.00 |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસમાં લીધેલા ઉત્તરદાતાઓના કુટુંબોમાં આશ્રિત સભ્યોનું પ્રમાણ 6.2 ટકા છે. જેમાં સ્ત્રીઓનું પ્રમાણ 3.2 ટકા અને પુરુષોનું પ્રમાણ 3 ટકા છે. અભણ સભ્યોનું કુલ પ્રમાણ 8.6 ટકા છે. જેમાં સ્ત્રીઓ 6 ટકા અને પુરુષો 2.6 ટકા છે. ચાલુ અભ્યાસ કરતા સભ્યોનું કુલ પ્રમાણ 31.2 ટકા છે જેમાં સ્ત્રી સભ્યોનું પ્રમાણ 16 ટકા અને પુરુષો 15.2 ટકા છે. બંધ શિક્ષણ સભ્યોનું કુલ પ્રમાણ 31.2 ટકા છે. જેમાં સ્ત્રીઓ 23 ટકા અને પુરુષો 31.2 ટકા છે.

આમ, ઉપરોક્ત વિવરણ પરથી સ્પષ્ટ થાય છે કે શિક્ષિત કરતા બંધ શિક્ષિત સભ્યોનું પ્રમાણ વધુ જોવા મળે છે. આથી કહી શકાય કે વર્તમાનમાં શિક્ષણનું પ્રમાણ બગડતું જાય છે.

### 3.7.3 કુટુંબના સભ્યોનું ચાલુ શિક્ષણ :

આધુનિક સમયમાં કોઈપણ સમાજની સભ્યતાનું સ્તર નક્કી કરવા માટે શિક્ષણનું પ્રમાણ મહત્વનું માપદંડ ગણાય છે. યંત્ર યુગના આધુનિક સમાજમાં શિક્ષણ અનિવાર્ય બની ગયેલ છે. આધુનિક જીવન જરૂરી કૌશલ્યો વિકસાવવા માટે તેમજ સામાજિક ગતિશીલતા અને માનવીના બૌદ્ધિક અને વૈચારિક વિકાસ માટે શિક્ષણ જરૂરી છે.

**કોષ્ટક નં.3.10**

**કુટુંબના સભ્યોનું ચાલુ શિક્ષણ અંગેની વિગત**

| ક્રમ | વિગત | સ્ત્રી | | પુરુષ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| | | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા |
| 1. | પ્રાથમિક | 31 | 19.88 | 24 | 15.38 | 55 | 35.26 |
| 2. | માધ્યમિક | 19 | 12.17 | 12 | 7.70 | 31 | 19.87 |
| 3. | ઉચ્ચ માધ્યમિક | 14 | 8.98 | 12 | 7.70 | 26 | 16.68 |
| 4. | ઉચ્ચ શિક્ષણ | 16 | 10.25 | 28 | 17.94 | 44 | 28.19 |
| | કુલ | 80 | 51.28 | 76 | 48.72 | 156 | 100.00 |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસમાં લીધેલા ઉત્તરદાતાઓના કુટુંબના સભ્યોના ચાલુ શિક્ષણમાં પ્રાથમિક શિક્ષણ મેળવતા સભ્યોનું કુલ પ્રમાણ 35.26 ટકા છે જેમાં

સ્ત્રીઓનું પ્રમાણ 19.88 ટકા અને પુરુષોનું પ્રમાણ 15.38 ટકા છે. માધ્યમિક શિક્ષણ મેળવતા સભ્યોનું કુલ પ્રમાણ 19.87 ટકા છે જેમાં સ્ત્રીઓનું પ્રમાણ 12.17 ટકા અને પુરુષોનું પ્રમાણ 7.70 ટકા છે. ઉચ્ચ માધ્યમિક શિક્ષણ મેળવતા સભ્યોનું કુલ પ્રમાણ 16.68 ટકા જેમાં સ્ત્રીઓનું પ્રમાણ 8.98 ટકા અને પુરુષોનું પ્રમાણ 7.70 ટકા છે. ઉચ્ચ શિક્ષણ મેળવતા સભ્યોનું કુલ પ્રમાણ 28.19 ટકા છે જેમાં સ્ત્રીઓનું પ્રમાણ 10.25 ટકા અને પુરુષોનું પ્રમાણ 17.94 ટકા જોવા મળે છે.

ઉપરોક્ત વિવરણ મુજબ પ્રાથમિક શિક્ષણ મેળવતા સભ્યોનું પ્રમાણ વધુ જોવા મળે છે. કારણ કે, પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત બનાવવામાં આવ્યું છે.

### 3.7.4 **વૈવાહિક દરજ્જો** :

લગ્ન એ પ્રત્યેક હિન્દુ વ્યક્તિ માટે અનિવાર્ય છે. કારણ કે પિતાનો વંશ વારસો જાળવવા માટે પુત્રપ્રાપ્તિ જરૂરી છે તે લગ્ન વગર શક્ય નથી. આથી લગ્નને ફરજિયાત ગણવામાં આવ્યું છે. અભ્યાસ હેઠળનાં બધા જ ઉત્તરદાતાઓનો વૈવાહિક દરજ્જો પરણિત જોવા મળ્યો હતો.

માત્ર અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓનો વૈવાહિક દરજ્જો તપાસવાથી લગ્નનો દરજ્જો નક્કી થઈ જતો નથી. પરંતુ તેનાં કુટુંબનાં સભ્યોનો લગ્નનો દરજ્જો તપાસવાથી સાચો ખ્યાલ આવે છે. આ અંગેની વિગત નીચે મુજબ છે.

**કોષ્ટક નં.3.11**

**કુટુંબના સભ્યોનો વૈવાહિક દરજ્જો દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સ્ત્રી | | પુરુષ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| | | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા |
| 1. | પરણિત | 121 | 24.2 | 121 | 24.2 | 242 | 48.4 |
| 2. | અપરણિત | 116 | 23.2 | 135 | 27.00 | 251 | 50.2 |
| 3. | વિધવા | 3 | 0.6 | | | 03 | 0.6 |
| 4. | વિધુર | | | 03 | 0.6 | 03 | 0.6 |
| 5. | ત્યક્તા | 1 | 0.2 | | | 01 | 0.2 |
| | કુલ | 241 | 48.2 | 259 | 51.8 | 500 | 100.00 |

ઉપરના કોષ્ટકમાં દર્શાવ્યા પ્રમાણે ઉત્તરદાતાઓના કુટુંબમાં પરણિત વૈવાહિક દરજ્જો ધરાવતા સ્ત્રી પુરુષનું પ્રમાણ 48.4 ટકા છે. જેમાં સ્ત્રીઓનું પ્રમાણ 24.2 ટકા અને પુરુષોનું પ્રમાણ 24.2 ટકા છે. અપરણિત સ્ત્રી-પુરુષનું પ્રમાણ 50.2 ટકા છે જેમાં સ્ત્રીઓનું પ્રમાણ 23.2 ટકા અને પુરુષોનું પ્રમાણ 27 ટકા છે. વિધવા સ્ત્રીનું કુલ પ્રમાણ 06 ટકા છે. વિધુર પુરુષનું કુલ પ્રમાણ 06 ટકા છે. ત્યક્તા સ્ત્રીઓનું કુલ પ્રમાણ 02 ટકા છે.

આમ, ઉપરોક્ત કોષ્ટકના આધારે કહી શકાય કે અભ્યાસ માટે પસંદ કરેલ ઉત્તરદાતાઓમાંથી અપરણિત સભ્યોની સંખ્યા સૌથી વધુ છે. જ્યારે ત્યક્તા સ્ત્રીઓનું પ્રમાણ સૌથી ઓછું છે.

**3.7.5 વ્યવસાય** :

આપણો દેશ ખેતીપ્રધાન દેશ છે. લગભગ 72.00 ટકા લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી છે. ગામડાનો મુખ્ય વ્યવસાય ખેતી ઉપર રહેલો છે. પ્રથમ પરંપરાગત રીતે ગામડાનો મુખ્ય વ્યવસાય ખેતી હતો. આ ખેતીના વ્યવસાયમાં વધુ ઉત્પાદન મેળવવા માટે વનસ્પતિના પાન, છાણિયું ખાતર વગેરેનો ઉપયોગ કરતા આજે તેની જગ્યાએ રાસાયણિક ખાતરોનો ઉપયોગ થાય છે. ટૂંકમાં ગામનો પરંપરાગત વ્યવસાય ખેતી હતો અને આજે પણ મોટાભાગના લોકો ખેતીના વ્યવસાય સાથે જ જોડાયેલા છે.

**કોષ્ટક નં.3.12**

**કૌટુંબિક વ્યવસાય અંગેની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1. | ખેતી | 255 | 81.99 |
| 2. | નોકરી | 17 | 05.48 |
| 3. | પશુપાલન | 29 | 09.32 |
| 4. | મજૂરી | 10 | 03.31 |
| 5. | અન્ય | 00 | 00 |
| | કુલ | 311 | 100.00 |

ઉપરોક્ત કોષ્ટક પરથી જોઈ શકાય છે કે અભ્યાસમાં લીધેલા કુટુંબોમાં ખેતી કરતા સભ્યોનું પ્રમાણ 81.39 ટકા છે. નોકરી કરતા સભ્યોનું પ્રમાણ 05.48 ટકા છે. પશુપાલન કરતા સભ્યોનું પ્રમાણ 9.32 ટકા છે. મજૂરી કરતા સભ્યોનું પ્રમાણ 3.31 ટકા છે.

આમ, ઉપરના કોષ્ટક પરથી કહી શકાય કે ખેતી કરતા કૌટુંબિક સભ્યોનું પ્રમાણ સૌથી વધારે છે. જ્યારે મજૂરી કરતા સભ્યોનું પ્રમાણ સૌથી ઓછું છે.

### 3.7.6 વાર્ષિક આવક :

દરેક સમાજમાં લોકો પોતાનું જીવનસ્તર ટકાવી રાખવા માટે વિવિધ પ્રકારનાં વ્યવસાયો કરી આવક પ્રાપ્ત કરતા હોય છે. તેમ અભ્યાસનાં કૌટુંબિક સભ્યો પણ વ્યવસાય કરી આવક પ્રાપ્ત કરતા જોવા મળે છે. અભ્યાસ હેઠળના ઉત્તરદાતાનાં કુટુંબોની વાર્ષિક આવક અંગેની વિગત નીચેના કોષ્ટક પરથી જાણી શકાશે.

**કોષ્ટક નં.3.13**

**કુટુંબની વાર્ષિક આવક અંગેની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1. | 10 હાજરથી 30 હજાર | 57 | 57.00 |
| 2. | 31 હજારથી 50 હજાર | 29 | 29.00 |
| 3. | 51 હજારથી 99 હજાર | 03 | 03.00 |
| 4. | 1 લાખથી વધુ | 11 | 11.00 |
| | કુલ | 100 | 100.00 |

ઉપરોક્ત કોષ્ટક પરથી જોઈ શકાય છે કે અભ્યાસમાં લીધેલા 100 કુટુંબોમાંથી 10 હજારથી 30 હજાર આવક ધરાવનાર કુટુંબોનું પ્રમાણ 57 ટકા છે. 31 હજારથી 50 હજાર આવક ધરાવતા કુટુંબોનું પ્રમાણ 29 ટકા છે. 51 હજારથી 99 હજાર આવક ધરાવતા કુટુંબોનું પ્રમાણ 03 ટકા છે. 1 લાખથી વધુ આવક ધરાવતા કુટુંબોનું પ્રમાણ 11 ટકા છે.

ઉપરોક્ત કોષ્ટકના વિવરણ ઉપરથી કહી શકાય કે અભ્યાસનાં કુટુંબોમાંથી 10 હજારથી 30 હજાર સુધી આવક ધરાવનાર કુટુંબોનું પ્રમાણ સૌથી વધારે જોવા મળે છે. આમ કહી શકાય કે આદિવાસી કુટુંબોમાં હજુ પણ આવક નોંધપાત્ર વધારો જોવા મળતા નથી.

## 3.8 ભૌતિક માહિતી :

### 3.8.1 ઘરમાં ભૌતિક આધુનિક સાધનો અંગેની વિગત :

આદિવાસીઓ પરંપરાગત સાધનોના ઉપયોગ ઉપરાંત કેટલાક નવા ઉપકરણો કે સાધનો વાપરતા થયા છે. આદિવાસીઓમાં પહેલાં આર્થિક રીતે પછાતપણું જોવા મળતું હતું. પણ આજે ભૌતિક સાધનો બધાની જરૂરિયાત બની ગઈ છે. ઘરમાં આજે દરેક સભ્યો કોઈને કોઈ ભૌતિક આધુનિક સાધનોનો ઉપયોગ કરતા હોય છે.

આજે વિકાસ માટેની ઝડપી પ્રક્રિયાને કારણે નવા નવા આધુનિક સાધનોનો વપરાશ વધ્યો છે જે ખ્યાલ નીચેના કોષ્ટક પરથી આવશે.

**કોષ્ટક નં.3.14**

**આધુનિક સાધનો અંગેની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1. | ટી.વી. | 59 | 59.00 |
| 2. | ફ્રિજ | 14 | 14.00 |
| 3. | ટુ વ્હિલર | 43 | 43.00 |
| 4. | ફોર વ્હિલર | 11 | 11.00 |
| 5. | સાયકલ | 41 | 41.00 |
| 6. | કમ્પ્યુટર | 08 | 08.00 |
| 7. | પંખો | 37 | 37.00 |
| 8. | મોબાઈલ | 89 | 89.00 |
| 9. | વોશિંગ મશીન | | |
| 10. | અન્ય | 00 | 00 |

નોંધ : એકથી વધુ જવાબ મળેલ છે.

અભ્યાસમાં લીધેલા 100 ઉત્તરદાતાઓમાંથી અભ્યાસમાં લીધેલા 100 ઉત્તરદાતાઓમાંથી 59 ટકા ઉત્તરદાતાઓ પાસે ટી.વી. છે. 14 ટકા ઉત્તરદાતાઓ પાસે ફ્રિજ છે. 43 ટકા ઉત્તરદાતાઓ ટુ વ્હિલર છે. 11 ટકા ઉત્તરદાતાઓ પાસે ફોર વ્હિલર છે. 41 ટકા ઉત્તરદાતાઓ પાસે સાયકલ છે. 08 ટકા ઉત્તરદાતાઓ પાસે કમ્પ્યુટર છે. 37 ટકા ઉત્તરદાતાઓ પાસે પંખાઓ છે. 89 ટકા ઉત્તરદાતાઓ પાસે મોબાઈલ છે.

આમ, ઉપરોક્ત કોષ્ટક પરથી કહી શકાય કે આધુનિક સાધનોમાં સૌથી વધુ મોબાઈલ ધરાવતા ઉત્તરદાતાઓ છે. જેમનું પ્રમાણ સૌથી વધારે જોવા મળે છે અને કમ્પ્યુટર ધરાવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી ઓછું જોવા મળે છે.

# પ્રકરણ-4

# પરંપરાગત વ્યવસાયો અને વ્યવસાયિક વૈવિધ્યતા

4.1 પ્રસ્તાવના

4.2 પરંપરાગત વ્યવસાયો અંગેની માહિતી

4.3 વ્યવસાયિક વૈવિધ્યતા અંગેની માહિતી

# પ્રકરણ-4

# પરંપરાગત વ્યવસાયો અને વ્યવસાયિક વૈવિધ્ય

## 4.1 પ્રસ્તાવના :

ભારતની વસ્તીનાં કેટલાંક જૂથો આર્થિક, સામાજિક, શૈક્ષણિક અને રાજકીય કારણોસર બાકીની પ્રજાની સરખામણીમાં ઘણાં પાછળ છે. આઝાદી મળ્યા પછી પણ આવાં કેટલાંક જૂથોની પ્રગતિ ઝડપી બનાવી શકાય તે માટે બંધારણમાં ખાસ જોગવાઈ કરવામાં આવી છે. છેલ્લા કેટલાક સમયથી બંધારણની ખાસ જોગવાથી શિક્ષણમાં વધારો થયો છે તેમાં ખાસ કરીને વ્યવસાયો પર તેની ખાસ અસર શિક્ષણની પડી છે. આદિવાસીઓનાં વ્યવસાયો મુખ્યત્વે પરંપરાગત હોય છે. પણ આજે વ્યવસાયો એ ન રહેતા ધીમે-ધીમે તેમાં પરિવર્તન આવી રહ્યું છે. આજે પરંપરાગત વ્યવસાય ખેતી ન રહેતા સરકારી-બિનસરકારી ઔદ્યોગિક

એકમો ડેરી ઉદ્યોગ જેવા વ્યવસાયો સાથે આદિવાસીઓ જોડાવા લાગ્યાં છે. કેટલાંક લોકો પોતાના પરંપરાગત વ્યવસાયોને વળગી રહ્યા છે. તેથી કહી શકાય કે આદિવાસીઓમાં પણ ધીમે ધીમે વ્યવસાયોમાં પરિવર્તન આવી રહ્યું છે. લોકો આજે બહાર જઈને પણ કામો કરતા થયા છે. પોતાની રહેણીકરણી બદલી છે. યુવા વર્ગ શિક્ષિત બની રહ્યો છે તેની આજે આદિવાસીઓમાં વ્યવસાયમાં પરિવર્તન માટે શિક્ષણે મહત્વની ભૂમિકા ભજવી છે. આદિવાસીઓની પ્રાચીન સમયની જીવન નિર્વાહની આ રીત વર્તમાનમાં કેટલાક આદિવાસી સમુદાયોમાં પરંપરાગત વ્યવસાયોમાં હજુ પણ અસ્તિત્વ ધરાવે છે.

## 4.2 પરંપરાગત વ્યવસાયો અંગેની માહિતી :

આદિવાસીઓ મોટાભાગે જંગલ વિસ્તારમાં વસવાટ કરતા હોય છે. તેથી આદિવાસી સમુદાયનો વ્યવસાય ખાદ્ય સંકલન કરવાનો, ખેતી કરવાનો, ખેતમજુરી કરવાનો, પશુપાલન કરવાનો આ આદિવાસીઓના વ્યવસાયો છે. આજે પણ તેમના પરંપરાગત વ્યવાસાયો તેમણે જાગ્રત રાખ્યા છે. ગૌણ વ્યવસાય તરીકે આદિવાસીઓ પશુપાલન કરતા હોય છે. તેથી મોટાભાગના આદિવાસીઓ પાસે ગાય, બળદ કે બકરા હોય છે. ખેતીમાં પણ પરંપરાગત રીતે બિયારણ બહારથી કે દુકાનથી લાવતા નથી. તેમના પોતાના બિયારણો જ હોય છે. ખેતી ચોમાસા દરમિયાન કરતા હોય છે. ખેતી કરવાની રીત પણ અન્ય સમાજથી અલગ તેમની હોય છે. ખેતીમાં ખાસ નફો તેમને મળતો નથી. માત્ર આજીવિકા ચલાવવા માટે તેઓ ખેતી સાથે જોડાયેલા હોય છે.

### 4.2.1 જમીન :

ખેતી કરવા માટે જમીનની જરૂર હોય છે. આદિવાસી વિસ્તારોમાં મોટે ભાગે ડુંગરો હોય છે. ત્યાંની જમીન ઘણી હલકી જાતની હોય છે. આદિવાસીઓમાં થોડીઘણી જમીન

મોટાભાગના લોકો ધરાવે છે. પ્રસ્તુત અભ્યાસના  અભ્યાસ હેઠળના કેટલા ઉત્તરદાતાઓ જમીન ધરાવે છે તે નીચેના કોષ્ટક પરથી જાણી શકાય છે.

**કોષ્ટક નં.4.1**

**જમીન અંગેની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1 | જમીન ધરાવો છો. | 87 | 87.00 |
| 2 | જમીન ધરાવતા નથી. | 13 | 13.00 |
| | **કુલ** | **100** | **100.00** |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના પસંદ કરેલા 87 ઉત્તરદાતાઓ જમીન ધરાવતા છે જ્યારે અભ્યાસ હેઠળના 13 ટકા ઉત્તરદાતાઓ જમીન ધરાવતા નથી.

આમ, ઉપરોક્ત માહિતી પરથી કહી શકાય છે કે જમીન ધરાવતા કુટુંબોનું પ્રમાણ સૌથી વધુ છે. તેના પરથી જમીનનું પ્રમાણ કેટલું છે તે નીચેના કોષ્ટક પરથી જાણી શકાશે.

**કોષ્ટક નં.4.2**

**જમીન પ્રમાણ અંગેની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1 | 1 એકરથી ઓછી | 25 | 16.86 |

| | | | |
|---|---|---|---|
| 2 | 1 થી 5 એકર | 47 | 52.81 |
| 3 | 5 એકરથી 10 એકર | 27 | 30.33 |
| 4 | 1 હેકટરથી વધુ | - | - |
| | કુલ | 89 | 100.00 |

આમ, ઉપરના કોષ્ટક ઉપરથી જાણી શકાય છે કે અભ્યાસમાં લીધેલા ઉત્તરદાતાઓમાંથી 1 એકરથી ઓછી જમીન ધરાવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 16.86 ટકા છે. 1 થી 5 એકર જમીન ધરાવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 52.81 ટકા છે. 5 થી 10 એકર જમીન ધરાવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 30.33 ટકા છે. જ્યારે 1 હેકટર થી વધુ જમીન ધરાવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 0.0 ટકા જોવા મળે છે.

આમ, ઉપરના વિવરણ ઉપરથી કહી શકાય કે 1 થી 5 એકર જમીન ધરાવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ છે જ્યારે 1 એકરથી ઓછી જમીન ધરાવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી ઓછું જોવા મળે છે.

### 4.2.2 પરંપરાગત વ્યવસાય અંગે સંકળાયેલા છે તે અંગેની વિગત :

અત્યાર સુધી આદિવાસી સમાજ પરંપરાગત વ્યવસાય સાથે જ જોડાયેલો જોવા મળતો હોય છે. ખેતી પશુપાલન, શિકાર કરવો, ઉદ્યોગ-ગૃહઉદ્યોગ અને મજુરી વ્યવસાયો જેવા સાથે સંકળાયેલો હોય છે. આમ, અભ્યાસ હેઠળના કેટલા ઉત્તરદાતાને પરંપરાગત વ્યવસાય સાથે જોડાયેલા છે તે નીચેના કોષ્ટક પરથી જાણી શકાશે.

**કોષ્ટક નં.4.3**

**જમીન પ્રમાણ અંગેની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1 | પરંપરાગત વ્યવસાય સાથે જોડાયેલા છે. | 79 | 79.00 |
| 2 | પરંપરાગત વ્યવસાય સાથે જોડાયેલ નથી. | 21 | 21.00 |
| | કુલ | 100 | 100.00 |

ઉપરોક્ત કોષ્ટક પરથી જોઈ શકાય છે કે અભ્યાસમાં લીધેલા ઉત્તરદાતાઓમાં પરંપરાગત વ્યવસાય સાથે જોડાયેલા ઉત્તરદાતાઓનું પ્રમાણ 79.00 ટકા છે જ્યારે પરંપરાગત વ્યવસાય સાથે જોડાયેલા નથી તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ 21 ટકા છે.

આમ, પરંપરાગત વ્યવસાય સાથે જોડાયેલા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે. આમ કહી શકાય કે આદિવાસીઓ આજે પણ પરંપરાગત વ્યવસાય સાથે જોડાયેલા છે. પરંપરાગત કયા વ્યવસાયો સાથે કેટલા ઉત્તરદાતાઓ જોડાયેલા છે તે નીચેના કોષ્ટક પરથી જાણી શકાશે.

**કોષ્ટક નં.4.4**

**વ્યવસાયોનું પ્રમાણ અંગેની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1 | ખેતી | 64 | 81.01 |
| 2 | ખેત મજૂરી | 07 | 08.87 |
| 3 | છૂટક મજૂરી | 08 | 10.12 |

| | | | |
|---|---|---|---|
| 4 | અન્ય | - | - |
| | કુલ | 79 | 100.00 |

ઉપરોક્ત કોષ્ટક પરથી જોઈ શકાય છે કે અભ્યાસમાં લીધેલા ઉત્તરદાતામાંથી ખેતી કરતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 81.01 ટકા છે. ખેતમજૂરી કરતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 08.87 ટકા છે. છૂટક મજૂરી કરતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 10.12 ટકા છે.

આમ, ઉપરોક્ત વર્ગીકરણ પરથી કહી શકાય કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં ખેતી કરતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે.

4.2.3 પરંપરાગત વ્યવસાય કરવાનું ગમે છે કે નહિ તે અંગેની વિગત :

આદિવાસીઓ પોતાની પરંપરા જાળવી રાખતા હોય છે. ઘણા આદિવાસીઓને પોતાના પરંપરાગત વ્યવસાય ખૂબ જ પ્રિય હોય છે. તેઓ તેની સાથે વળગી રહેતા હોય છે. પ્રસ્તુત અભ્યાસમાં કેટલા ઉત્તરદાતાઓનું પરંપરાગત વ્યવસાય કરવાનું ગમે છે તે નીચેના કોષ્ટક ઉપરથી જાણી શકાશે.

**કોષ્ટક નં.4.5**

**પરંપરાગત વ્યવસાય કરવાનું ગમે છે તે અંગેની વિગત**

| **ક્રમ** | **વિગત** | **સંખ્યા** | **ટકા** |
|---|---|---|---|
| 1 | પરંપરાગત વ્યવસાય કરવાનું ગમે છે. | 87 | 87.00 |

| | | | |
|---|---|---|---|
| 2 | પરંપરાગત વ્યવસાય કરવાનું ગમતું નથી. | 13 | 13.00 |
| | **કુલ** | **100** | **100.00** |

ઉપરોક્ત કોષ્ટકના વિવરણ પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના પરંપરાગત વ્યવસાય કરવાનું ગમે છે તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ 87.00 ટકા છે જ્યારે પરંપરાગત વ્યવસાય કરવાનું ગમતું નથી તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ 13.00 ટકા છે.

આમ, ઉપરના કોષ્ટક ઉપરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં પરંપરાગત વ્યવસાય કરવાનું ગમે છે તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ છે. જેથી કહી શકાય કે આજે પણ આદિવાસીઓએ પોતાની પરંપરા જાળવી રાખી છે.

4.2.4 ખેતીના વ્યવસાયોમાં પાકો અંગેની વિગત :

આદિવાસીઓ ખેતીના વ્યવસાયોમાં તેમના પરંપરાગત બિયારણના ઉપયોગથી તેઓ વિશિષ્ટ પાકો પકવતા હોય છે. તેમના ધાન્ય પાકો નાગલી, વરઈ, ડાંગર, તુવેર, મગફળી, ખરસાણી જેવા હોય છે. અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓ કયા કયા પાકોનું વાવેતર કરે છે તે અંગેની વિગત નીચેના કોષ્ટક પરથી જાણી શકાશે.

**કોષ્ટક નં.4.6**

**પાકોના વાવેતર અંગેની વિગત**

| **ક્રમ** | **વિગત** | **સંખ્યા** | **ટકા** |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| 1 | નાગલી | 76 | 76.00 |
| 2 | વરાઈ | 73 | 73.00 |
| 3 | ડાંગર | 90 | 90.00 |
| 4 | તુવેર | 78 | 78.00 |
| 5 | અડદ | 76 | 76.00 |
| 6 | મગફળી | 53 | 53.00 |

(નોંધ : એક કરતાં વધુ જવાબ મળેલ છે.)

ઉપરના કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં ખેતીના વ્યવસાયમાં લેતા પાકોના વાવેતરમાં નાગલી 76 ટકા લોકો કરે છે. વરાઈ કરતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 90 ટકા છે. ડાંગર કરતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 60 ટકા છે. તુવેર કરતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 78 ટકા છે. અડદ કરતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 76 ટકા છે. જ્યારે મગફળી કરતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 53 ટકા છે.

આમ, ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં ડાંગરનું વાવેતર કરતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ છે.

4.2.5 ખેતીમાં બિયારણ અંગેની વિગત :

આદિવાસી પોતાના ખેતીના વ્યવસાયમાં પોતાએ વિકસાવેલા પરંપરાગત બિયારણનો સૌથી વધારે ઉપયોગ કરતા હોય છે. આજે સરકાર દ્વારા બીજ નિગમમાંથી બિયારણો મફત આપવામાં આવે છે. ખાનગી દુકાનોમાં પુષ્કળ બિયારણો પ્રાપ્ત થવા લાગ્યા

છે. તો આદિવાસીઓ બિયારણો ખેતી માટે કયાંથી લાવે છે તે અંગેની વિગત નીચેના કોષ્ટક પરથી મળશે.

**કોષ્ટક નં.4.7**

**ખેતી માટે બિયારણ અંગેની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1 | પરંપરાગત બિયારણ | 86 | 86.00 |
| 2 | બીજ નિગમમાંથી | 18 | 18.00 |
| 3 | ખાનગી એગ્રોની દુકાનેથી | 79 | 79.00 |

નોંધ : એકથી વધુ જવાબ મળેલ છે.

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે, અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં ખેતી માટેના બિયારણોમાં પરંપરાગત બિયારણનો ઉપયોગ કરતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 86 ટકા છે. બીજ નિગમમાંથી બિયારણ મેળવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 18 ટકા છે. જ્યારે ખાનગી એગ્રોના દુકાનેથી બિયારણો લાવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 79.00 ટકા છે.

આમ, ઉપરના કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે. ખેતીના વાવેતર માટે બિયારણના ઉપયોગમાં પરંપરાગત બિયારણનો ઉપયોગ કરતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે કેમકે આજે પણ આદિવાસીઓ પરંપરાગત રીતે જૂના પ્રકારની ખેતી કરે છે તે બાબત સૂચવે છે.

4.2.6 ખેતીના વ્યવસાયમાં સાધનોની વિગત :

આદિવાસીઓના ખેતીના ઉપયોગમાં લેવાતા સાધનો જૂના અને પરંપરાગત હોય છે. મોટાભાગે લોકો હળથી ખેતી કરતા હોય છે. ટ્રેક્ટર કે થ્રેસરનો ઉપયોગ ખેતી માટે કરતા નથી. જેમની પરિસ્થિતિ સારી હોય તે આધુનિક યંત્રોનો ઉપયોગ કરે છે. આમ અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓ ખેતીમાં કયા સાધનોનો ઉપયોગ કરે છે તે નીચેના કોષ્ટક પરથી જાણી શકાશે.

**કોષ્ટક નં.4.8**

**ખેતીના ઉપયોગ લેવાતા સાધનોની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1 | હળ | 80 | 80.00 |
| 2 | લાકડાનું શૂળ | 59 | 59.00 |
| 3 | દાતરડા | 79 | 79.00 |
| 4 | કુહાડી | 65 | 65.00 |
| 5 | બડદગાડુ | 09 | 09.00 |

| | | | |
|---|---|---|---|
| 6 | ત્રિકમ, કોદાણી | 59 | 59.00 |

(નોંધ : એક કરતાં વધુ જવાબ મળેલ છે.)

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં ખેતીના ઉપયોગમાં લેવાતા સાધનોમાં હળનો ઉપયોગ કરતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 80 ટકા છે. લાકડાનું શૂળનો ઉપયોગ કરતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 59 ટકા છે. દાંતરડાનો ઉપયોગ કરતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 79 છે. કુહાડીનો ઉપયોગ કરતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 65 ટકા છે. બળદગાડુનો ઉપયોગ કરતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 09 ટકા છે. ત્રિકમ કોદાણીનો ઉપયોગ કરતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 59 ટકા છે.

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે. ખેતીના ઉપયોગમાં લેવાતા સાધનોમાં હળનો ઉપયોગ કરતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ છે.

4.2.7 પરંપરાગત વ્યવસાય બાળકોએ જાળવવો જોઈએ કે નહિ તે અંગેની વિગત :

કોઈપણ આદિવાસી વ્યક્તિ હોય તે પોતાના બાળકોને પરંપરાગત વ્યવસાય અંગેનું જ્ઞાન આપતો હોય છે. બાળકો પણ તેમના પરંપરાગત વ્યવસાય કરે તે ઈચ્છે છે. પણ આજે શિક્ષણનું પ્રમાણ વધુ છે. બાળકોએ પણ પરંપરાગત વ્યવસાય જાળવવો જોઈએ. તે પરંપરાગત વ્યવસાય જાળવવો જોઈએ કે નહિ તે અંગેની માહિતી નીચેના કોષ્ટક પરથી જાણી શકાશે.

**કોષ્ટક નં.4.9**

**પરંપરાગત વ્યવસાય જાળવવો જોઈએ છે કે નહિ તે અંગેની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1 | પરંપરાગત વ્યવસાય બાળકોએ જાળવવો જોઈએ. | 55 | 55.00 |
| 2 | જાળવવો જોઈએ નહિ | 45 | 45.00 |
| | **કુલ** | **100** | **100.00** |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસમાં લીધેલ ઉત્તરદાતાઓમાં પોતાના બાળકો પરંપરાગત વ્યવસાય જાળવવો જોઈએ તેવા મંતવ્ય ધરાવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 55 ટકા છે. જ્યારે પોતાના બાળકોને પરંપરાગત વ્યવસાય જાળવવો જોઈએ નહિ તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ 45 ટકા છે.

આમ, ઉપરના કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે પરંપરાગત વ્યવસાય જાળવી રાખવો જોઈએ તેવું ઈચ્છતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે. કેમકે મોટાભાગના આદિવાસીઓ એમ વિચારતા હોય છે. પોતાના બાળકો પણ પરંપરાગત વ્યવસાય કરે.

### 4.2.5 પરંપરાગત વ્યવસાયથી ગુજરાન ચાલે છે કે નહિ તેની વિગત :

આદિવાસીઓમાં જમીનનું પ્રમાણ ઓછું છે તેમના પરંપરાગત વ્યવસાયોમાં વધારે ઉત્પાદન મળતું નથી. કેટલાક વ્યવસાયો એવા હોય છે. જેનાથી તેઓનું ગુજરાન ચાલતું નથી તેથી તેઓ બહારગામ કામે જતા હોય છે તો કેટલાક સરકાર દ્વારા પંચાયતમાં કે જંગલખાતામાં આપવામાં આવતા કામો કરે છે. આથી પરંપરાગત વ્યવસાયથી કુટુંબનું ગુજરાન ચાલે છે કે નહિ તે નીચેના કોષ્ટક પરથી જાણી શકાય છે.

**કોષ્ટક નં.4.10**

**પરંપરાગત વ્યવસાયથી ગુજરાન ચાલે છે કે નહિ તે અંગેની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1 | પરંપરાગત વ્યવસાયથી ગુજરાન ચાલે છે. | 53 | 53.00 |
| 2 | ગુજરાત ચાલતું નથી. | 47 | 47.00 |
| | **કુલ** | **100** | **100.00** |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં પરંપરાગત વ્યવસાયથી ગુજરાન ચાલી શકે છે તેવું કહેનારા લોકોનું પ્રમાણ 53 ટકા છે જ્યારે નહિ ચાલતું એવું કહેનારા ઉતરદાતાઓનું પ્રમાણ 47 ટકા છે.

આમ કહી શકાય કે પરંપરાગત વ્યવસાયથી કુટુંબનું ગુજરાન ચાલી રહે છે તેવું કહેનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ છે અને નહિ ચાલનાર કહેનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી ઓછું છે. જેઓ પોતાનું ગુજરાન ચલાવતા કયા કામે જાય છે તે નીચેના કોષ્ટક પરથી માહિતી મળશે.

**કોષ્ટક નં.4.11**

**ગુજરાન ચલાવવા કયા વ્યવસાયે જાય છે તે અંગેની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1 | જંગલખાતાના કામે જાય છો. | 09 | 19.35 |
| 2 | બહારગામ કામ કરવા જાવ છો. | 78 | 38.29 |

| | | | |
|---|---|---|---|
| 3 | ખેતમજૂરી કરો છો. | 12 | 25.54 |
| 4 | ઔદ્યોગિક મજુરીએ જાવ છો. | 08 | 17.02 |
| | **કુલ** | **47** | **100.00** |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં પોતાના વ્યવસાયથી ગુજરાન ચાલતું નથી તેવા ઉત્તરદાતાઓ જંગલખાતા કામે જાય છે તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ 19.15 ટકા છે. બહારગામ કામ કરવા જાય છે તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ 38.29 ટકા છે. ખેતમજૂરી કરતા હોય તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ 25.54 ટકા છે. ઔદ્યોગિક મજૂરીએ જતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 17.02 છે.

આમ, ઉપરના કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે. પરંપરાગત વ્યવસાયથી ગુજરાન નથી ચાલતું તેવા ઉત્તરદાતાઓ બહારગામ કામે જવાવાળા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ છે.

4.2.9 ગૌણ વ્યવસાય તરીકે પશુપાલન અંગેની વિગત :

આદિવાસીઓ ગૌણ વ્યવસાય તરીકે મુખ્યત્વે પશુપાલનનો વ્યવસાય કરતા હોય છે. ખેતી માટે બળદ ઉપયોગ કરતા હોય છે તે માટે ગાય સારા બળક આપે તે હેતુથી પાળતા હોય છે. અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓ પશુપાલન સાથે જોડાયેલા છે કે નહિ તે નીચેના કોષ્ટક ઉપરથી જાણી શકાશે.

**કોષ્ટક નં.4.12**

**પશુપાલન અંગેની વિગત**

| **ક્રમ** | **વિગત** | **સંખ્યા** | **ટકા** |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| 1 | પશુપાલન કરો છો. | 73 | 73.00 |
| 2 | પશુપાલન કરતા નથી. | 27 | 27.00 |
| | **કુલ** | **100** | **100.00** |

ઉપરોક્ત કોષ્ટક ઉપરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં ગૌણ વ્યવસાય સાથે પશુપાલન કરતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 73.00 ટકા છે. જ્યારે ગૌણ વ્યવસાય તરીકે પશુપાલન કરતા નહિ તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ 27 ટકા છે.

આમ, ઉપરોક્ત કોષ્ટક ઉપરથી સ્પષ્ટ થાય છે. ગૌણ વ્યવસાય તરીકે પશુપાલન કરતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ છે. ગૌણ વ્યવસાય તરીકે પશુપાલન કરતા ઉત્તરદાતાઓ કયા કયા પ્રાણીઓ પાળે છે તે નીચેના કોષ્ટક ઉપરથી જાણી શકાશે.

**કોષ્ટક નં.4.13**

**પશુઓ અંગેની વિગત**

| **ક્રમ** | **વિગત** | **સંખ્યા** | **ટકા** |
|---|---|---|---|
| 1 | ગાય | 37 | 37.00 |
| 2 | બળદ | 71 | 71.00 |
| 3 | બકરા | 12 | 12.00 |
| 4 | ઘેટા | - | - |
| 5 | ભેંસ | 14 | 14.00 |

| | | | |
|---|---|---|---|
| 6 | અન્ય | - | - |

નોંધ : એક કરતાં વધુ જવાબ મળ્યા છે.

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં પશુપાલનમાં ગાય પાળતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 37 ટકા છે. બળદ પાડતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 71 ટકા છે. બકરા પાળતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 12 ટકા છે. ભેંસ પાળતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 14 ટકા છે. ઘેંટા પાળતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 0 ટકા છે.

આમ, ઉપરના કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે, અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં પશુપાલન કરતા ઉત્તરદાતાઓમાં બળદ પાળતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ છે જે સૂચવે છે. આદિવાસીઓમાં ખેતી માટે બળદનો ઉપયોગ વધારો થાય છે તે બાબત અહીં સૂચવે છે.

4.2.10 ગૌણ વ્યવસાય તરીકે મરઘાપાલન અંગેની વિગત :

આદિવાસીઓમાં માંસાહારનું પ્રમાણ વિશેષ જોવા મળે છે તેથી તેઓ ગૌણ વ્યવસાયમાં મરઘાપાલન કરતા હોય છે. અભ્યાસ હેઠળના કેટલા ઉત્તરદાતાઓ મરઘા પાલન કરે છે તે અંગેની માહિતી નીચેના કોષ્ટક પરથી મળશે.

**કોષ્ટક નં.4.14**

**મરઘાપનલ અંગેની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1 | મરઘા પાલન કરો છો. | 60 | 60.00 |

| | | | |
|---|---|---|---|
| 2 | મરઘાપાલન કરતા નથી. | 40 | 40.00 |
| | કુલ | 100 | 100.00 |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં ગૌણ વ્યવસાય તરીકે મરઘા પાલન કરતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 60 ટકા છે. જ્યારે મરઘા પાલન ન કરતા હોય તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ 40 ટકા છે.

આમ ઉપરના કોષ્ટક ઉપરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં ગૌણ વ્યવસાય તરીકે મરઘા પાલન કરતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે.

4.2.11 પરંપરાગત વ્યવસાયમાં ખેતી માટે નાણા અંગેની વિગત :

આદિવાસીઓ ખેતી કરે છે તેમાંથી તેમને પૂરતા નાણા મળતા નથી કેમકે આદિવાસીઓની ખેતી એટલે સમૃદ્ધ નથી તેથી તેઓ ખેતી માટે નાણા ક્યાંથી મેળવે છે તે અંગે નીચેના કોષ્ટક ઉપરથી માહિતી જાણી શકાશે.

**કોષ્ટક નં.4.15**

**ખેતી માટે નાણાં અંગેની વિગત**

| **ક્રમ** | **વિગત** | **સંખ્યા** | **ટકા** |
|---|---|---|---|
| 1 | ખેતીના આવકમાંથી | 48 | 57.15 |
| 2 | શાહૂકાર પાસેથી | 00 | 00 |

| | | | |
|---|---|---|---|
| 3 | સગાસંબંધી પાસેથી | 19 | 22.62 |
| 4 | મિત્રો પાસેથી | 17 | 20.72 |
| 5 | અન્ય | 00 | 00 |
| | **કુલ** | **84** | **100.00** |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં ખેતીના વ્યવસાય માટે નાણા ક્યાંથી મેળવે છે તેમાં ખેતીના આવકમાંથી 57.15 ટકા ઉત્તરદાતાઓ નાણા મેળવે છે. શાહુકાર પાસેથી 0 ટકા, સગાસંબંધીઓ પાસેથી નાણા મેળવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 22.62 ટકા, મિત્રો પાસેથી નાણા મેળવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 20.13 ટકા નાણા મેળવતા હોય છે.

આમ ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં ખેતી કરવા માટે ઉત્તરદાતાઓ ખેતીના આવકમાંથી સૌથી વધુ નાણા પ્રાપ્ત કરતા હોય છે. ડાંગ વિસ્તારમાં શાહુકારો ગ્રામીણ વિસ્તારમાં જોવા મળતા નથી. તેથી શાહુકારો પાસેથી નાણા મેળવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 0 ટકા છે.

4.2.12 ખેતી માટે સિંચાઈની સુવિધા અંગેની વિગત :

આદિવાસી વિસ્તાર મોટાભાગે પહાડ અને ડુંગરાળ વિસ્તારમાં વસવાટ કરતા હોય છે. વરસાદનું પાણી આખું વહી જાય છે. ત્યાં સિંચાઈની સુવિધાઓ હોતી નથી. પણ કેટલાક વિસ્તારોમાં નદીઓ, કુવાઓ હોવાથી કેટલીક ખેડુતો ખેતીમાં સિંચાઈ કરતા હોય છે. આથી કેટલા ખેડૂતો ખેતીમાં સિંચાઈ કરે છે તે નીચેના વિવરણ ઉપરથી જાણી શકાશે.

**કોષ્ટક નં.4.16**

**ખેતીમાં સિંચાઈ પદ્ધતિનો ઉપયોગ અંગેની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1 | સિંચાઈનો ઉપયોગ કરતા છે. | 19 | 22.10 |
| 2 | સિંચાઈનો ઉપયોગ કરતા નથી. | 67 | 77.90 |
| | **કુલ** | **86** | **100.00** |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ખેતી કરતા ઉત્તરદાતાઓમાં સિંચાઈ પદ્ધતિનો ઉપયોગ કરતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 22.10 ટકા છે. જ્યારે સિંચાઈ પદ્ધતિનો ઉપયોગ કરતા ન હોય એવા ઉત્તરદાતાઓનું પ્રમાણ 77.90 ટકા છે.

આથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં ખેતીમાં સિંચાઈ કરતા ન હોય તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે. કેમકે સરકાર દ્વારા આદિવાસી વિસ્તારોમાં સિંચાઈ માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી.

4.2.13 પરંપરાગત ખેતીના વ્યવસાયમાં ખાતરનો ઉપયોગ અંગેની વિગત :

આદિવાસીઓની આર્થિક સ્થિતિ નબળી છે. પોતાનું ગુજરાન ચલાવવા દેવું લઈને પણ ખેતી કરતા હોય છે. હવે આદિવાસીઓ પણ પાક વધારે પાકે તે માટે છાણીયું ખાતર અને રાસાયણિક ખાતરનો ઉપયોગ કરતા હોય છે. જેથી ખેતીનું ઉત્પાદન વધે. આમ આદિવાસીઓ પરંપરાગત વ્યવસ્થા ખેતી માટે ખાતરનો ઉપયોગ કરે છે કે નહિ તે નીચેના માહિતી પરથી જાણી શકાશે.

**કોષ્ટક નં.4.18**

**ખેતીમાં ખાતરનો ઉપયોગ અંગેની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1 | સેન્દ્રીય ખાતરનો ઉપયોગ કરે છે. | 71 | 71.00 |
| 2 | ફર્ટિલાઇઝર ખાતરનો ઉપયોગ કરે છે. | 49 | 49.00 |

(નોંધ : એકથી વધુ જવાબો મળેલ છે.)

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં પરંપરાગત ખેતી કરવા માટે સેન્દ્રિય ખાતરનો ઉપયોગ કરતા હોય તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ 71 ટકા છે. જ્યારે ફર્ટિલાઈઝર ખાતરનો ઉપયોગ કરતા હોય તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ 49 ટકા જોવા મળે છે.

ઉપરોક્ત કોષ્ટક સ્પષ્ટ થાય છે કે આજે પણ આદિવાસીઓમાં પરંપરાગત વ્યવસાય ખેતી માટે સેન્દ્રિય ખાતરનો ઉપયોગ કરતા હોય તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે. કેટલાક ઉત્તરદાતાઓનો જવાબ મળ્યો છે કે અમે બંને ખાતરનો ઉપયોગ કરીએ છીએ એવો મળ્યો છે.

4.2.14 શિકાર કરવા જાવ છો તે અંગેની વિગત :

આદિવાસીઓ જંગલ વિસ્તારમાં રહેતા હોય છે. તેથી તેનો કેટલાક જંગલી પ્રાણીઓ કે પક્ષીઓનો શિકાર કરી તેનો આહારમાં કે પોશાક કે આભુષણમાં તેનો ઉપયોગ કરતા હોય છે. શિકાર માત્ર ખાવા માટે નહિ પણ અન્ય કામો માટે પણ કરતા હોય છે. આથી પ્રસ્તુત અભ્યાસમાં આદિવાસીઓ રોજ શિકાર કરવા જાય છે કે નહિ તે અંગેની માહિતી નીચે મુજબ છે.

**કોષ્ટક નં.4.18**

**શિકાર અંગેની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1 | શિકાર કરવા જાય છે. | 22 | 22.00 |
| 2 | શિકાર કરવા જતા નથી. | 78 | 78.00 |
| | કુલ | 100 | 100.00 |

ઉપરોક્ત કોષ્ટક ઉપરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં જંગલમાં શિકાર કરવા જતા હોય એવા ઉત્તરદાતાઓનું પ્રમાણ 22 ટકા છે. જ્યારે જંગલમાં શિકાર કરવા જતા નથી તેવા ઉત્તરદાતાઓમાં 78 ટકા છે.

આમ ઉપરના કોષ્ટક ઉપરથી સ્પષ્ટ થાય છે કે જંગલમાં શિકાર જતા ન હોય તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ છે જે માટે જંગલ ખાતાના કેટલાક કાયાદઓ લાગુ પાડવાથી ઘણા લોકો આજે જંગલમાં જઈને શિકાર કરી શકતા નથી તે મહત્વનું કારણ છે.

4.2.15 જંગલમાંથી કઈ-કઈ વનપેદાશો મેળવતા હોય છે તે અંગેની વિગત :

પરંપરાગત રીતે આદિવાસીઓનું કાર્ય છે કે જંગલમાં રહેવાથી ઘણી બધી જંગલની વનપેદાશો તેઓ રોજીંદા જીવનમાં તેઓ ઉપયોગ કરતા હોય છે. જેમાં જંગલમાં જઈને મધ મેળવે, જડીબુટી મેળવે, ફળ-ફુલ એકત્રીકરણ કરી વગેરે અનેક વનપેદાશો આદિવાસીઓ જંગલમાંથી મેળવતા હોય છે. અભ્યાસ હેઠળના કેટલા ઉત્તરદાતાઓ કઈ-કઈ વનપેદાશો જંગલમાંથી મેળવે છે તે અંગેની માહિતી નીચેના વર્ગીકરણ પરથી મેળવી શકાશે.

**કોષ્ટક નં.4.19**

**જંગલમાંથી મેળવતા વનપેદાશોની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1 | મધ | 13 | 13 |
| 2 | લાકડુ | 96 | 96 |
| 3 | ફળ અને ફુલ | 03 | 03 |
| 4 | ટિમરુના પાંદડાઓ | 13 | 13 |
| 5 | જડીબુટી | 10 | 10 |

નોંધ: એક કરતાં વધુ જવાબ મળેલ છે.

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં જંગલની વનપેદાશોમાં મધ મેળવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 13 ટકા છે. લાકડુ મેળવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 96 ટકા છે. ફળ અને ફુલ મેળવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 03 ટકા છે. ટિમરુના પાંદડાઓ મેળવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 13 ટકા છે. જડીબુટી મેળવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 20 ટકા છે.

આમ, ઉપરના વર્ગીકરણ પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં જંગલમાંથી મળતી વન્ય પેદાશોમાં લાકડુ મેળવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ છે કેમકે લાકડુ એ લોકોની પ્રાથમિક જરૂરિયાત છે. રસોઈ માટે લોકો મોટાભાગે લાકડાનો ઉપયોગ કરતા હોય છે.

4.2.15 બાળકોને પરંપરાગત વ્યવસાયનું જ્ઞાન આપવા બાબત :

આદવાસીઓ પોતાના સંતાનોને પોતાના પરંપરાગત વ્યવસાય અંગે સતત જ્ઞાન આપતા હોય છે. આથી કેટલા ઉત્તરદાતાઓ પોતાના સંતાનોને પરંપરાગત વ્યવસાય અંગેનું જ્ઞાન આપે છે જે અંગેની માહિતી નીચેના વિવરણ પરથી જાણી શકાશે.

**કોષ્ટક નં.4.20**

**પરંપરાગત વ્યવસાયનું જ્ઞાન બાળકોને આપવા અંગેની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1 | પરંપરાગત વ્યવસાયનું જ્ઞાન આપતા છે. | 73 | 73.00 |
| 2 | પરંપરાગત વ્યવસાયનું જ્ઞાન આપતા નથી. | 27 | 27.00 |
| | કુલ | 100 | 100.00 |

ઉપરના કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં બાળકોને પરંપરાગત વ્યવસાયનું જ્ઞાન આપતા હોય તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ

73 ટકા છે. જ્યારે પરંપરાગત વ્યવસાય અંગેનું જ્ઞાન ન આપતા હોય તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ 27 ટકા છે.

આમ, ઉપરના વર્ગીકરણ પરથી સ્પષ્ટ થાય છે. આજે પણ આદિવાસીઓ બાળકોને પરંપરાગત વ્યવસાયનું જ્ઞાન આપે છે તેવું કહેનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે. કેટલાક ઉત્તરદાતાઓ ન આપવા પાછળનું કારણ જણાવ્યું કે પરંપરાગત વ્યવસાયમાં કોઈ ફાયદો નથી. નવો વ્યવસાય તરીકે નોકરીનો વ્યવસાય સ્વીકારવો જોઈએ.

## 4.3 વ્યાવસાયિક વૈવિધ્યતાના પ્રવાહો અંગેની માહિતી :

અત્યાર સુધી આદિવાસી સમાજ પરંપરાગત ખેતી, પશુપાલન, શિકાર, હસ્તઉદ્યોગ, ગૃહઉદ્યોગ અને મજુરી અને ખેતમજુરી છે. વ્યવસાયો સાથે સંકળાયેલો હતો. પરંતુ વર્તમાન સમયમાં તેઓ પોતાની રીતે આગળ આવી સારું શિક્ષણ મેળવીને સરકારી નોકરી તરફ વળ્યા છે. જેમાં સરકારી અનામતની નીતિ ખૂબ જ સહાયક બની છે. સભ્ય સમાજ સમકક્ષ તેઓ સરકારી ઓફિસોમાં વર્ગ-1 અને વર્ગ-2ના ઘણા સ્થાનો પર અસરકારક કાર્ય કરતા જોવા મળે છે. ટેકનીકલ શિક્ષણ મેળવેલ આદિવાસીઓએ ઔદ્યોગિક ક્ષેત્રમાં પોતાના કાર્યનો પ્રારંભ કર્યો છે.

પોતાની શૈક્ષણિક યોગ્યતા પ્રમાણે આદિવાસીઓનો અન્ય વ્યવસાયો અને બજારો સાથેના સંપર્ક વધ્યો છે. શહેરોમાં અને નાના ગામોમાં પણ આધારિત ભાઈઓએ જરૂરિયાત મુજબ પોતાના ધંધાઓ શરૂ કર્યા છે. થોડા સમયમાં કારીગર અને થોડા વર્ષોમાં કોન્ટ્રાક્ટર થઈ જતો જોવા મળે છે. ખેતીમાં આદિવાસીઓ વિવિધતા અપનાવવા લાગ્યા છે. હળની જગ્યાએ ટ્રેક્ટર અને થ્રેસર મશીનનો ઉપયોગ કરતા થયા છે. આધુનિક શિક્ષણ, વ્યવસાય અને સ્થળાંતર, ઉદ્યોગીકરણ, શહેરીકરણ,

વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહાર, સંચાર માધ્યમો વગેરે પરિબળોના લીધે આજના આદિવાસીની જીવનશૈલી બદલાઈ ગઈ છે. ખેતીમાં વિવિધ પાકો લેતા થયા છે. નવા બનતા મકાનની રચના બદલાઈ ગઈ છે. આમ વ્યાવસાયિક વૈવિધ્યથી આદિવાસીઓના જીવનમાં ઘણું પરિવર્તન આવતું ગયું છે.

### 4.3.1 વર્તમાનમાં વ્યવસાયમાં આવેલ પરિવર્તન અંગેની વિગત :

આધુનિક શિક્ષણના કારણે આદિવાસીઓના વ્યવસાયમાં ઘણા પરિવર્તનો આવ્યા છે. આજે સારુ શિક્ષણ મેળવી સરકારી નોકરીમાં કે સારો એવો ધંધો વ્યવસાય શરૂ કર્યો છે. શૈક્ષણિક યોગ્યતાના કારણે આદિવાસીઓના અન્ય વ્યવસાયોનો વિકાસ થયો છે. આમ વર્તમાન સમયમાં આદિવાસીઓના વ્યવસાયમાં પરિવર્તન આવ્યા છે કે નહિ તેની માહિતી નીચે મુજબ જાણી શકાશે.

**કોષ્ટક નં.4.21**

**વ્યવસાયમાં પરિવર્તન અંગેની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1 | વ્યવસાયમાં પરિવર્તન આવ્યું છે. | 27 | 27.00 |
| 2 | વ્યવસાયમાં પરિવર્તન આવ્યું નથી. | 73 | 73.00 |
| | **કુલ** | **100** | **100.00** |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં વર્તમાન સમયમાં વ્યવસાયમાં પરિવર્તન આવ્યું હોય એવા ઉત્તરદાતાઓનું પ્રમાણ

27 ટકા છે જ્યારે વર્તમાન સમયમાં વ્યવસાયમાં પરિવર્તન આવ્યું ન હોય એવા ઉત્તરદાતાઓનું પ્રમાણ 73 ટકા છે.

આમ, ઉપરના વિવરણ પરથી સ્પષ્ટ થાય છે. વર્તમાન સમયમાં આદિવાસીઓના વ્યવસાયમાં પરિવર્તન આવ્યું નથી જણાવનાર  ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ છે જ્યારે વ્યવસાયમાં પરિવર્તન આવ્યું છે તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ ઓછું છે તેનું પ્રમાણ કેટલું છે તે નીચેના કોષ્ટક પરથી જાણી શકાશે.

**કોષ્ટક નં.4.22**

**વ્યવસાયમાં પરિવર્તનના પ્રમાણ અંગેની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1 | દુકાન | 07 | 25.93 |
| 2 | નોકરી | 05 | 18.52 |
| 3 | ડેરી ઉદ્યોગ | 15 | 55.25 |
| 4 | ગૃહ ઉદ્યોગ | 00 | 00.00 |
| | **કુલ** | **27** | **100.00** |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળનાં ઉત્તરદાતાઓમાં વ્યવસાયમાં પરિવર્તન આવ્યું છે દુકાનથી પરિવર્તન આવ્યું છે તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ 25.93 ટકા છે, 18.52 નોકરીના કારણે જ્યારે ડેરી ઉદ્યોગના કારણે 55.55

ટકા ઉત્તરદાતાઓ પરિવર્તન આવ્યું છે. ગૃહઉદ્યોગના કારણે વ્યવસાયમાં પરિવર્તન 0 ટકા છે.

આથી ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે. અભ્યાસમાં લીધેલા ઉત્તરદાતાઓ પૈકી સૌથી વધુ વ્યવસાયમાં પરિવર્તન ડેરી ઉદ્યોગમાં આવ્યું છે.

4.3.2 નવો વ્યવસાય સ્વીકારવાની પ્રેરણા અંગેની વિગત :

આદિવાસીઓમાં નવો વ્યવસાય સરળતાથી સ્વીકારતા નથી. પણ કોઈનું માર્ગદર્શન મળે ત્યારે તેઓ પોતાનો વ્યવસાય બદલતા હોય છે. આમ નવો વ્યવસાય સ્વીકારવાની પ્રેરણા મળી છે કે નહિ તે નીચેની માહિતી પરથી જાણી શકાશે.

**કોષ્ટક નં.4.23**

**વ્યવસાય સ્વીકારવાની પ્રેરણા અંગેની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1 | નવો વ્યવસાય સ્વીકારવાની પ્રેરણા મળી છે. | 27 | 27.00 |
| 2 | નવો વ્યવસાય સ્વીકારવાની પ્રેરણા મળી નથી. | 73 | 73.00 |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસમાં લીધેલા ઉત્તરદાતાઓમાં નવા વ્યવસાયો સ્વીકારવાની પ્રેરણા મળી છે તેવું કહેનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ 27 ટકા છે. જ્યારે નવા વ્યવસાયો સ્વીકારવાની પ્રેરણા મળી નથી તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ 73 ટકા છે.

આમ, ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે આદિવાસીઓમાં નવા વ્યવસાયો સ્વીકારવાની પ્રેરણા મળી નથી તેવા કહેનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ છે. જ્યારે નવા વ્યવસાયો સ્વીકારવાની પ્રેરણા મળી છે તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી ઓછું છે. નવો વ્યવસાય સ્વીકારવાની તેમને પ્રેરણા ક્યાંથી મળી તે અંગેની માહિતી નીચેના કોષ્ટક પરથી મેળવી શકાશે.

**કોષ્ટક નં.4.24**

**નવો વ્યવસાય સ્વીકારવાના પ્રેરણા અંગેનું પ્રમાણની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1 | કુટુંબ પાસેથી | 04 | 14.81 |
| 2 | સગાસંબંધી પાસેથી | 07 | 25.93 |
| 3 | મિત્રો પાસેથી | 07 | 25.93 |
| 4 | સંચાર માધ્યમો | 09 | 33.33 |
| 5 | અન્ય | 00 | 00.00 |
| | કુલ | 27 | |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં નવો વ્યવસાય સ્વીકારવાની પ્રેરણા કોના દ્વારા મળી તેમાં 14.81 ઉત્તરદાતાઓને કુટુંબ પાસેથી મળી છે એમ જણાવ્યું. 25.93 ઉત્તરદાતાઓએ સગાસંબંધી દ્વારા પ્રેરણા

મળી છે એમ કહ્યું. 25.63 ટકા ઉત્તરદાતાઓએ મિત્રો પાસેથી પ્રેરણા મળી એમ કહ્યું. જ્યારે 33.33 ટકા ઉત્તરદાતાઓએ સંચાર માધ્યમો પરથી મેળવી એમ સૂચવ્યું.

આમ, ઉપરોક્ત વિવરણ પરથી સ્પષ્ટ થાય છે નવો વ્યવસાય સ્વીકારવાની પ્રેરણા સંચાર માધ્યમો દ્વારા મળી એવું કહેનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ છે.

### 4.3.3 ખેતી સિવાયના નવા વ્યવસાયમાં જોડાવા અંગેની વિગત :

આજના આધુનિક યુગમાં લોકો વાઈટ કોલર જોબ શોધતા હોય છે. જેમાં ઓછી મહેનત અને વધારે આવક મળે એવી રીતે આદિવાસીઓ પોતાનો ખેતીનો વ્યવસાય છોડી નોકરી, ધંધા, સુથારીકામ, કડિયાકામ જેવા વ્યવસાયો સ્વીકારતા થઈ ગયા છે. આમ પ્રસ્તુત અભ્યાસમાં કેટલા ઉત્તરદાતાઓને ખેતી સિવાયના અન્ય વ્યવસાયમાં જોડાવાનું ગમે છે તેની માહિતી નીચેના કોષ્ટક પરથી જાણી શકાશે.

**કોષ્ટક નં.4.25**

**ખેતી સિવાયના અન્ય વ્યવસાયમાં જોડાવા અંગેની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1 | નોકરી | 08 | 29.63 |
| 2 | કંપનીના કામમાં | 05 | 18.51 |
| 3 | તાલીમી વ્યવસાયમાં | 07 | 25.93 |
| 4 | ધંધો-વેપાર | 07 | 25.93 |

| | | | |
|---|---|---|---|
| 5 | અન્ય | 00 | 00.00 |
| | કુલ | 27 | 100 |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં ખેતી સિવાયના અન્ય કયા વ્યવસાયમાં જોડાવું ગમે છે. નોકરીમાં જોડાવા માંગતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 29.63 ટકા છે. કંપનીના કામમાં જોડાવા માગતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 18.51 ટકા છે. તાલીમી વ્યવસાયમાં જોડાવા માંગતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 25.93 છે. જ્યારે ધંધા વેપારમાં જોડાવા માંગતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 25.93 ટકા છે.

આમ, ઉપરોક્ત વિવરણ પરથી સ્પષ્ટ થાય છે ખેતી સિવાયના અન્ય વ્યવસાયમાં જોડાવા માંગતા ઉત્તરદાતાઓમાં નોકરીના વ્યવસાયમાં સૌથી વધુ જોડાવા માંગે છે. ઉત્તરદાતાઓનું માનવું છે કે નોકરી એ આરામદાયક વ્યવસાય છે.

**4.3.4 બાળકોને શિક્ષણ આપવા બાબત** :

આજે કોણે એવું વિચારે છે કે મારું બાળક પણ મારા જેવું ખેતીનું કરે બધા લોકો એમજ વિચારતા હોય છે. પોતાનું બાળક સારો વ્યવસાય કરે. આમ અભ્યાસ હેઠળના કેટલા ઉત્તરદાતાઓ પોતાના બાળકોને શિક્ષણ આપવા માંગે છે તેની માહિતી નીચે મુજબ જાણી શકાશે.

**કોષ્ટક નં.4.26**

**બાળકોને શિક્ષણ આપવા અંગેની વિગત**

| **ક્રમ** | **વિગત** | **સંખ્યા** | **ટકા** |
|---|---|---|---|
| 1 | બાળકોને શિક્ષણ આપવા માંગો છો | 92 | 92.00 |

| | | | |
|---|---|---|---|
| 2 | બાળકોને શિક્ષણ આપવા માંગતા નથી | 08 | 08.00 |
| | કુલ | 100 | 100.00 |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં લોકોને શિક્ષણ આપવા માંગતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 92 ટકા છે. જ્યારે બાળકોને શિક્ષણ આપવા માંગતા નથી તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ 08 ટકા છે.

આમ, ઉપરોક્ત વિવરણ પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં બાળકોને શિક્ષણ આપવા માંગતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ છે. કેટલાંક ઉત્તરદાતાઓએ જણાવ્યું કે આર્થિક પરિસ્થિતિ ખરાબ હોવાના કારણે શિક્ષણ આપી શકતા નથી.

### 4.3.5 નવા વ્યવસાયના મત અંગેની બાબત

**કોષ્ટક નં.4.27**

**નવા વ્યવસાય અંગેના મત અંગેની વિગત**

| **ક્રમ** | **વિગત** | **સંખ્યા** | **ટકા** |
|---|---|---|---|
| 1 | ફાયદાકારક છે | 33 | 33.00 |
| 2 | ખર્ચાળ છે | 52 | 52.00 |
| 3 | નુકસાનકારક છે | 15 | 15.00 |
| 4 | અન્ય | 00 | 00.00 |

| | | | |
|---|---|---|---|
| | કુલ | 100 | 100.00 |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસમાં લીધેલા ઉત્તરદાતાઓમાં નવો વ્યવસાય અંગેના મત આ પ્રમાણે છે. નવા વ્યવસાય ફાયદાકારક છે એવું માનનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ 33 ટકા છે. નવો વ્યવસાય ખર્ચાળ છે એવું માનનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ 52 ટકા છે. જ્યારે નવો વ્યવસાય નુકસાનકારક છે એવું માનનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ 15 ટકા છે.

આમ, ઉપરોક્ત વર્ગીકરણ પરથી સ્પષ્ટ થઆય છે નવા વ્યવસાય ખર્ચાળ છે એવું માનનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ છે. કેમ કે નવા વ્યવસાય માટે નાણાની જરૂર પડતી હોય છે.

### 4.3.6 નવા વ્યવસાયો સ્વીકારવા પડતી મુશ્કેલી અંગેની માહિતી :

આદિવાસીઓ નવા વ્યવસાયો સ્વીકારવા માગતા હોય છે પણ કોઈપણ નવો વ્યવસાય શરૂ કરતા પહેલા નાણાની જરૂર પડતી આદિવાસી સમાજના લોકો મોટેભાગે ખેતી સાથે જોડાયેલા હોય છે. નવો વ્યવસાય શરૂ કરવા માટે તેમને પડતી મુશ્કેલી નીચે મુજબ જાણી શકાશે.

**કોષ્ટક નં.4.28**

**નવા વ્યવસાય સ્વીકારવાની મુશ્કેલી પડે છે કે નહિ તે અંગેની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1 | વ્યવસાય સ્વીકારવા મુશ્કેલી પડતી નથી | 22 | 22.00 |

| | | | |
|---|---|---|---|
| 2 | વ્યવસાય સ્વીકારવા મુશ્કેલી પડે છે | 78 | 78.00 |
| | કુલ | 100 | 100.00 |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં નવો વ્યવસાય સ્વીકારવા મુશ્કેલી પડતી નથી તેવું કહેનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ 22 ટકા છે. જ્યારે નવા વ્યવસાય સ્વીકારવા મુશ્કેલી પડે છે તેવું માનનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ 78.00 ટકા છે.

આ ઉપરોક્ત વિવરણ પરથી સ્પષ્ટ થાય છે કે નવો વ્યવસાય સ્વીકાર મુશ્કેલી પડે છે તેવું માનનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ છે. નવા વ્યવસાય સ્વીકારવા શું મુશ્કેલી પડે તેમાં ઉત્તરદાતાઓએ જણાવ્યું કે નાણાની મુશ્કેલીઓ છે. કેટલાક ઉત્તરદાતાઓએ એમ જણાવ્યું કે નવા વ્યવસાય અંગેની કોઈ માહિતી અમારા પાસે નથી.

### 4.3.7 નવા વ્યવસાયો માટે સરકાર તરફથી તાલીમ મળવા અંગેની માહિતી :

**કોષ્ટક નં.29**

**નવા વ્યવસાયની તાલીમ અંગેની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1 | સરકાર પાસેથી તાલીમ મળે છે | 25 | 25.00 |
| 2 | સરકાર પાસેથી તાલીમ મળતી નથી | 75 | 75.00 |
| | કુલ | 100 | 100.00 |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં નવા વ્યવસાયો માટે સરકાર તરફથી કોઈ તાલીમ આપવા આવે છે કે નહીં તેમાં 25 ટકા ઉત્તરદાતાઓએ તાલીમ આપવામાં આવે છે એમ જણાવ્યું. જ્યારે 75 ટકા ઉત્તરદાતાઓએ જણાવ્યું કે સરકાર પાસેથી કોઈ પ્રકારની તાલીમ આપવામાં આવતી નથી.

આમ, ઉપરના વિવરણ પરથી સ્પષ્ટ થાય છે નવા વ્યવસાયો માટે તાલીમ આપવામાં આવતી નથી તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળ્યું છે.

4.3.8 બાળકો માટે કયો વ્યવસાય સારો છે તે અંગેની માહિતી :

**કોષ્ટક નં.30**

**કયો વ્યવસાય વધુ ફાયદાકારક છે તેની વિગત**

| **ક્રમ** | **વિગત** | **સંખ્યા** | **ટકા** |
|---|---|---|---|
| 1 | નવો વ્યવસાય | 76 | 76.00 |
| 2 | વંશપરંપરાગત વ્યવસાય | 24 | 24.00 |
| | કુલ | 100 | 100.00 |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં કયો વ્યવસાય બાળકો માટે વધુ ફાયદાકારક છે તેમાં નવો વ્યવસાય ફાયદાકારક છે તેવું જણાવનાર ઉત્તરદાતાઓનું પ્રમાણ 76 ટકા છે જ્યારે 24 ટકા ઉત્તરદાતાઓના મતે નવો વ્યવસાય બાળકો માટે ફાયદાકારક નથી.

આમ, ઉપરોક્ત વિવરણ પરથી કહી શકાય છે કે બાળકો માટે નવો વ્યવસાય વધુ ફાયદાકારક છે તેવું માનનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે. કેમ કે બધા લોકો એમજ વિચારતા હોય છે. બાળકો આરામની જીંદગી જીવે.

4.3.9 બાળકો અને ઔદ્યોગિક કામ અંગેની વિગત :

આદિવાસી વિસ્તારોમાં આજે નવા-નવા ઉદ્યોગો સ્થપાવા લાગેલાં છે. ઘણા આદિવાસી યુવાનો આજે ઉદ્યોગોમાં કામ કરી રોજી રોટી મેળવતા હોય છે. અભ્યાસ હેઠળના કેટલા ઉત્તરદાતાઓ પોતાના બાળકોને ઔદ્યોગિક મજૂરી કરવા મોકલે છે કે નહિ તે અંગેની જાણકારી નીચેના કોષ્ટક પરથી જાણી શકાશે.

**કોષ્ટક નં.4.31**

**બાળકોને ઔદ્યોગિક કામ કરવા મોકલો છો તે અંગેની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1 | ઔદ્યોગિક કામે મોકલો છો | 09 | 09.00 |
| 2 | ઔદ્યોગિક કામે મોકલતા નથી | 91 | 91.00 |
| | કુલ | 100 | 100.00 |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં બાળકોને ઔદ્યોગિક કામ ઉપર મોકલતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 09 ટકા છે. જ્યારે 91 ટકા ઉત્તરદાતાઓ પોતાના બાળકોને ઔદ્યોગિક કામે મોકલતા નથી.

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં પોતાના બાળકોને ઔદ્યોગિક કામે નહિ મોકલતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ છે. કેમ કે ડાંગ જેવા વિસ્તારોમાં એક પણ ઉદ્યોગ હજુ સુધી સ્થપાયો નથી.

### 4.3.10 સહકારી મંડળીના સદસ્યતા અંગેની માહિતી :

**કોષ્ટક નં.4.32**

**સહકારી મંડળીની સદસ્યતા અંગેની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1 | સહકારી મંડળીના સદસ્ય છો | 35 | 35.00 |
| 2 | સહકારી મંડળીના સદસ્ય નથી | 75 | 75.00 |
| | કુલ | 100 | 100.00 |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં સહકારી મંડળીના સદસ્યતા ધરાવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 35 ટકા છે. જ્યારે સહકારી મંડળીના સદસ્યતા ધરાવતા નથી તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ 75 ટકા છે.

આમ, ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓ સહકારી મંડળીના સદસ્યતા નથી ધરાવતા તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ છે.

### 4.3.11 વ્યવસાયિક વૈવિધ્યથી રહેણીકરણીમાં પરિવર્તન અંગેની માહિતી :

આજના આ યુગમાં વ્યવસાયિક વૈવિધ્યથી આદિવાસીઓ પણ પોતાના રહેણીકરણીની ઢબ બદલી નાંખી છે. ઘરો પાકા બનાવ્યા છે આ બધું થવા પાછળનું કારણ છે કે પોતાનું પરંપરાગત જીવન છોડી આધુનિક જીવન તરફ પ્રયાણ કરતા ગયા છે. અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓના રહેણીકરણીમાં કેવું પરિવર્તન આવ્યું છે તે નીચે કોષ્ટક પરથી જાણી શકાશે.

**કોષ્ટક નં.4.33**

**રહેણીકરણીમાં પરિવર્તન અંગેની વિગત**

| **ક્રમ** | **વિગત** | **સંખ્યા** | **ટકા** |
|---|---|---|---|
| 1 | રહેણીકરણીમાં પરિવર્તન આવ્યું છે | 29 | 29.00 |
| 2 | રહેણીકરણીમાં પરિવર્તન આવ્યું નથી | 71 | 71.00 |
| | કુલ | 100 | 100.00 |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં વ્યવસાયિક વૈવિધ્યથી રહેણીકરણીમાં પરિવર્તન આવ્યું છે તેવું જણાવનાર ઉત્તરદાતાઓનું પ્રમાણ 29 ટકા છે. જ્યારે નવા વ્યવસાયોથી રહેણીકરણીમાં પરિવર્તન આવ્યું નથી તેવું કહેનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ 71 ટકા છે.

આમ, ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે નવા વ્યવસાયોથી પણ રહેણીકરણીમાં પરિવર્તન નથી આવ્યું તેવું કહેનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ છે. કેમ કે આદિવાસી વિસ્તારોમાં નવા વ્યવસાયો ઓછા પ્રવેશેલા છે.

4.3.12 નવા વ્યવસાયો માટે બેન્કમાંથી લોન લીધી છે કે નહિ તે

અંગેની માહિતી :

**કોષ્ટક નં.4.34**

**નવા વ્યવસાય માટે લોન અંગેની વિગત**

| **ક્રમ** | **વિગત** | **સંખ્યા** | **ટકા** |
|---|---|---|---|
| 1 | લોન લીધી છે | 14 | 14.00 |
| 2 | લોન લીધી નથી | 86 | 86.00 |
| | કુલ | 100 | 100.00 |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓએ નવા વ્યવસાય માટે લોન લીધી હોય એવા ઉત્તરદાતાઓનું પ્રમાણ 14 ટકા છે. જ્યારે નવા વ્યવસાય માટે લોન લીધી ન હોય તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ 86 ટકા છે.

આમ, ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓએ નવા વ્યવસાય માટે લોન લીધી નથી તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ છે.

4.3.13 કયા પ્રકારના કામ માટે બહારગામ જાવ છો તેની માહિતી :

આદિવાસીઓ આજે પણ રોજી રોટી માટે બહારગામ કામ કરવા જતા હોય છે તેમાં અભ્યાસ હેઠળના વિસ્તારમાં લોકો પોતાની ખેતીનું કામ પૂર્ણ કરીને બહારગામ કામ કરવા નીકળી જતા હોય છે. તેમાં ગુજરાતમાં શેરડીના કાપવાના કામ માટે, દાડમ તોડવા માટે કે મહારાષ્ટ્રમાં ડુંગળી કે દ્રાક્ષના કામ માટે ખાસ જતા હોય છે. આમ કેટલાક લોકો આવા કામ કરવાના હેતુસર જાય બહારગામ જાય છે તેની માહિતી નીચે મુજબ જાણી શકાશે.

**કોષ્ટક નં.4.35**

**કામ માટે બહાર જતા હોય તે અંગેની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1 | શેરડીના | 16 | 53.33 |
| 2 | દ્રાક્ષના | 07 | 23.33 |
| 3 | દાડમના | 03 | 10.00 |
| 4 | ડુંગળીના | 04 | 13.34 |
| | કુલ | 30 | 100.00 |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં બહાર ગામ કામ કરવા જતા હોય તેવા ઉત્તરદાતાઓમાં શેરડીના કામે જતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 53.33 ટકા છે. દ્રાક્ષના કામે જતા હોય તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ 23.33 ટકા છે. દાડમના કામે જતા હોય તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ 10 ટકા છે. જ્યારે ડુંગળીના કામે જતા હોય તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ 13.34 ટકા છે.

આમ, ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે આદિવાસીઓ પોતાની આજીવિકા માટે બહારગામે કામ કરવા જતા હોય છે. તેમાં શેરડીના કામે જતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ છે.

# પ્રકરણ-5

# વ્યવસાયિક વૈવિધ્યથી સામાજિક અને આર્થિક પરિવર્તન

5.1 પ્રસ્તાવના

5.2 સામાજિક પરિવર્તનનો અર્થ

5.3 વ્યવસાયિક વૈવિધ્યથી સામાજિક પરિવર્તન

5.4 આર્થિક પરિવર્તનનો અર્થ

5.5 વ્યવસાયિક વૈવિધ્યથી આર્થિક પરિવર્તન

## પ્રકરણ-5

# વ્યવસાયિક વૈવિધ્યથી સામાજિક અને આર્થિક પરિવર્તન

### 5.1 પ્રસ્તાવના :

ભારતીય સમાજ અને સંસ્કૃતિના નિર્માણમાં આદિવાસી સંસ્કૃતિનું મહત્વપૂર્ણ યોગદાન છે. અગાઉ આદિવાસી પ્રજા ડુંગરાળ અને જંગલના પ્રદેશમાં વસતી હતી. આજે શિક્ષણના વિકાસથી શહેરો અને ગામડાઓમાં અન્ય પ્રજા સાથે વસવાટ કરતી થઈ છે. આજના આદિવાસીને મૂળ પોતાના ગામડામાં રહેવું નથી. તેને પણ બીજા નજીકના મોટા ગામડામાં કે શહેરોમાં સ્થાયી થવું છે. પોતાના બાળકોને સારુ શિક્ષણ આપવું છે, સારી સુવિધાઓ આપવી છે. ઊચું જીવનધોરણ જીવવું છે માટે આદિવાસીઓ સ્થળાંતર માત્ર મજૂરી માટે નથી પરંતુ સારા જીવનધોરણ, શિક્ષણ, વ્યવસાય કે સ્વાસ્થ્યની સુવિધાઓ મળી રહે તે માટે તેઓ વતનથી મોટુ ગામ કે મહાનગરોમાં સ્થળાંતર કરે છે. સમાજમાં ધીમે-ધીમે પરિવર્તન આવતું જાય છે. અન્ય પ્રજાઓની જેમ પોતાનું જીવન જીવવા હાલના આદિવાસીઓ પ્રયત્ન કરી રહ્યા છે. તેમજ જે આદિવાસીઓમાં અંધશ્રદ્ધા હતી, તે હવે દૂર થઈ ગયા છે. નાની વયે બાળકોને શિક્ષણ ન આપવું એવી સ્થિતિ હવે આદિવાસીઓમાં રહી નથી.

### 5.2 સામાજિક પરિવર્તનનો અર્થ :

"સામાજિક સંગઠનમાં, એટલે કે તેની રચના અને કાર્યમાં થતાં પરિવર્તનો એટલે સામાજિક પરિવર્તન."

ક્રિંગ્સલે ડેવિસ

"માનવ સંબંધોની પરિવર્તન પામતી જીવન રીતિઓ, સામાજિક પ્રથાઓ અને સંગઠનમાં ચાલતી પ્રક્રિયાઓ તથા સામાજિક રચનાતંત્રમાં પરિવર્તનો તથા એને નિપજાવતાં પરિબળોને સામાજિક પરિવર્તન કહેવામાં આવે છે.

મેકાઈવર અને પેજ

"સામાજિક પરિવર્તનોએ માન્યજીવન રીતિઓમાં પરિવર્તનો છે, પછી ભલે તે પરિવર્તનો ભૌગોલિક પરિસ્થિતિના પરિવર્તનના કારણે, સાંસ્કૃતિક સાધનોમાં પરિવર્તનને કારણે, વસ્તીના સ્વરૂપ રચનાના પરિવર્તનને કારણે અલગ વિચારસરણીમાં પરિવર્તનોના કારણે થયાં હોય અને એ પરિવર્તનનો પ્રસાર અગર સમૂહની કોઈ શોધના કારણે હોય."

## 5.3 વ્યવસાયિક વૈવિધ્યથી સામાજિક પરિવર્તન :

સામાજિક પરિવર્તન એ દરેક સમાજની સાહજિક પ્રક્રિયા છે. કેટલાક સમાજોમાં ઝડપી તો કેટલાક સમાજોમાં ધીમું પરિવર્તન થતું હોય છે. કોઈપણ સમાજ સંપૂર્ણપણે સ્થિર રહેતો નથી. કોઈપણ સમાજની તેના ભૂતકાળ અને વર્તમાનકાળને ધ્યાનમાં રાખીને તુલના કરવામાં આવે, તો ઘણા ફેરફારો જોવા મળે છે. આજે વ્યવસાયિક વૈવિધ્યથી આદિવાસી સમાજમાં પણ સામાજિક પરિવર્તન આવ્યું છે. લગ્નવ્યવસ્થા, સગાઈસંબંધ, ભાષાઓ, શૈલી, મૂલ્યો, ધર્મ અને પરંપરામાં નોંધપાત્ર સામાજિક પરિવર્તનો જોવા મળે છે. જાદુટોનામાં કે ભૂતપ્રેતમાં માનતા આદિવાસી હવે તેનાથી દુર ભાગતો જોવા મળે છે. બાળકોને શિક્ષણ આપી રહ્યો છે. આજે વ્યાવસાયિક વૈવિધ્યથી આદિવાસી સમાજમાં ઉદ્યોગીકરણ અને શહેરીકરણની અસર જોવા મળે છે. તેથી શહેરોમાં રહેવા લાગ્યા છે.

### 5.3.1 નવા વ્યવસાયથી સામાજિક જીવનમાં પરિવર્તન અંગેની માહિતી :

આદિવાસી સમાજમાં નવા વ્યવસાયોથી સામાજિક જીવનમાં પરિવર્તન આવ્યું છે. આદિવાસીઓમાં સામાજિક સંબંધોમાં પરિવર્તન આવતું ગયું છે. સામાજિક સંબંધોની સાથે તેમના જીવનમાં નોંધપાત્ર સુધારો થતો ગયો છે. તેના પાછળનું મુખ્ય કારણ શિક્ષણ છે.

પ્રસ્તુત અભ્યાસમાં વ્યવસાયિક વૈવિધ્યથી કે નવા વ્યવસાયથી આદિવાસીઓના સામાજિક જીવનમાં પરિવર્તન આવ્યું છે કે નહિ તે નીચે મુજબ જાણી શકાશે.

**કોષ્ટક નં.5.1**

**નવા વ્યવસાયથી સામાજિક જીવનમાં પરિવર્તન અંગેની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1 | સામાજિક જીવનમાં પરિવર્તન આવ્યું છે | 28 | 28.00 |
| 2 | સામાજિક જીવનમાં પરિવર્તન આવ્યું નથી | 72 | 72.00 |
| | **કુલ** | **100** | **100.00** |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં નવા વ્યવસાયથી સામાજિક જીવનમાં પરિવર્તન આવ્યું છે તેવું માનનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ 28 ટકા છે. જ્યારે નવા વ્યવસાયોથી સામાજિક જીવનમાં પરિવર્તન આવ્યું નથી તેવા માનનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ 72 ટકા છે.

આમ ઉપરોક્ત વર્ગીકરણ પરથી કહી શકાય કે નવા વ્યવસાયોથી સામાજિક જીવનમાં પરિવર્તન આવ્યું નથી તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ છે. કારણ કે આદિવાસી

સમાજમાં હજુ પણ નવા વ્યવસાયો ઘણાં ઓછા લોકોએ સ્વીકારેલા છે. પરંપરાગત વ્યવસાયો સાથે જ જોડાયેલા છે.

**5.3.2 કયા વ્યવસાયો સ્વીકારવાથી સમાજમાં પરિવર્તન આવશે તે અંગેની માહિતી :**

જે સમાજમાં શિક્ષણની પ્રમાણ વધારે છે તે સમાજે ઝડપી આર્થિક વિકાસ સાધેલો છે. તેઓ નવા-નવા વ્યવસાયો સાથે જોડાયેલા હોય છે. એ આદિવાસી સમાજમાં પણ શિક્ષણનું પ્રમાણ વધે તો નવા-નવા વ્યવસાયો સાથે જોડાશે. બંધારણમાં અનામતની નીતિના કારણે આજે આદિવાસી સમાજ પણ અન્ય સમાજની સમકક્ષ આવ્યો છે.

આદિવાસીઓ કયા વ્યવસાયો સ્વીકારશે તો સમાજમાં પરિવર્તન આવશે તે અને માહિતી નીચેના કોષ્ટક પરથી મળશે.

**કોષ્ટક નં.5.2**

**કયા વ્યવસાયો સ્વીકારવાથી સમાજમાં પરિવર્તન આવશે તે અંગેની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1 | સરકારી અને અર્ધસરકારી નોકરી | 79 | 79.00 |
| 2 | ગૃહઉદ્યોગો | 02 | 02.00 |
| 3 | વેપાર | 05 | 05.00 |
| 4 | ઔદ્યોગિક કામો | 14 | 14.00 |
| 5 | અન્ય | - | - |
| | **કુલ** | **100** | **100.00** |

ઉપરોક્ત કોષ્ટક ઉપરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળનાં ઉત્તરદાતાઓમાં કયો વ્યવસાય સ્વીકારવાથી સમાજમાં પરિવર્તન આવશે તે અંગે સરકારી કે અર્ધસરકારી નોકરીથી પરિવર્તન આવશે તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ 79 ટકા છે. ગૃહઉદ્યોગ દ્વારા સમાજમાં પરિવર્તન આવશે તેવું માનવાવાળા 2 ટકા છે. વેપાર દ્વારા સમાજમાં પરિવર્તન આવશે તેવું માનવાવાળાનું પ્રમાણ 5 ટકા છે. ઔદ્યોગિક કામો દ્વારા સમાજમાં પરિવર્તન આવશે તેવું માનનારા 14 ટકા છે.

આમ, અભ્યાસ હેઠળનાં ઉત્તરદાતાઓમાંથી સરકારી અને અર્ધસરકારી નોકરી દ્વારા સમાજમાં પરિવર્તન આવશે તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ 79 ટકા જોવા મળે છે. જ્યારે ગૃહઉદ્યોગ દ્વારા સમાજમાં પરિવર્તન આવશે તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી ઓછું 2 ટકા જોવા મળે છે.

### 5.3.3 નવો વ્યવસાય બાળકોને ભણવામાં ઉપયોગી છે તે અંગેની વિગત :

**કોષ્ટક નં.5.3**

**કયો વ્યવસાય બાળકોને ભણવામાં ઉપયોગી થાય તેની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1 | નવો વ્યવસાય બાળકોને ભણવામાં ઉપયોગી થાય છે | 35 | 35.00 |
| 2 | નવો વ્યવસાય બાળકોને ભણવામાં ઉપયોગી થતો નથી | 65 | 65.00 |
| | **કુલ** | **100** | **100.00** |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળનાં ઉત્તરદાતાઓમાંથી નવો વ્યવસાય બાળકોને ભણવામાં ઉપયોગી થાય છે. તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી ઓછું 35 ટકા છે. જ્યારે નવો વ્યવસાય બાળકોને ભણવામાં ઉપયોગી થતો નથી તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ 65 ટકા જોવા મળે છે.

આમ, ઉપરોક્ત માહિતી પરથી કહી શકાય છે કે નવો વ્યવસાય બાળકોને ભણવામાં ઉપયોગી થતો નથી તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે.

### 5.3.4 નવા વ્યવસાયથી વ્યક્તિનાં સ્થાનમાં પરિવર્તન અંગેની માહિતી :

નવા વ્યવસાયથી વ્યક્તિનાં માન-મોભામાં વધારો થાય છે. સમાજમાં એને મહત્વનું સ્થાન આપવામાં આવે છે. દરેક લોકો એને મહત્વ આપતા હોય છે. તેમની જીવનશૈલીમાં પરિવર્તન આવે છે. સમાજમાં એમને લોકો દરેક કામ વખતે એમના પાસેથી માર્ગદર્શન મેળવતા હોય છે.

પ્રસ્તુત અભ્યાસમાં નવા વ્યવસાયથી વ્યક્તિનાં સ્થાનમાં પરિવર્તન આવ્યું છે કે નહીં તે નીચેના કોષ્ટક પરથી જાણી શકાય છે.

**કોષ્ટક નં.5.4**

**નવા વ્યવસાયથી વ્યક્તિનાં સમાજમાં પરિવર્તન અંગેની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1 | વ્યક્તિનાં સ્થાનમાં પરિવર્તન આવ્યું છે | 85 | 85.00 |
| 2 | વ્યક્તિનાં સ્થાનમાં પરિવર્તન આવ્યું નથી | 15 | 15.00 |
| | **કુલ** | **100** | **100.00** |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળનાં ઉત્તરદાતાઓમાં નવા વ્યવસાયથી વ્યક્તિનાં સ્થાનમાં પરિવર્તન આવે છે તેવું માનનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ 85 ટકા છે. જ્યારે નવા વ્યવસાયથી વ્યક્તિનાં સ્થાનમાં પરિવર્તન આવતું નથી તેવું માનનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ 15 ટકા જોવા મળે છે.

આમ, પ્રસ્તુત અભ્યાસનાં વિવરણ ઉપરથી સ્પષ્ટ થાય છે કે નવો વ્યવસાય સ્વીકારવાથી વ્યક્તિનાં સ્થાનમાં પરિવર્તન આવે છે તેવું માનવાવાળા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે. આમ, કહી શકાય કે વ્યક્તિનો વ્યવસાય બદલવાથી વ્યક્તિનાં સ્થાનમાં પરિવર્તન આવ્યું છે.

5.3.5 નવા વ્યવસાયથી શિક્ષણમાં વધારો થયો છે કે નહિ તે અંગેની માહિતી :

**કોષ્ટક નં.5.5**

**નવા વ્યવસાયથી શિક્ષણમાં વધારો થયો છે કે નહિ તે અંગેની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1 | સમાજમાં શિક્ષણમાં વધારો થયો છે | 26 | 26.00 |
| 2 | સમાજમાં શિક્ષણમાં વધારો થયો નથી | 74 | 74.00 |
| | **કુલ** | **100** | **100.00** |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળનાં ઉત્તરદાતાઓમાંથી સમાજમાં શિક્ષણમાં વધારો થયો છે તેવું માનનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી ઓછું 26

ટકા છે. જ્યારે સમાજમાં શિક્ષણમાં વધારો થયો નથી તેવું માનનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ 74 ટકા જોવા મળે છે.

આમ, ઉપરોક્ત કોષ્ટકના વર્ગીકરણને આધારે નોંધી શકાય કે નવા વ્યવસાયથી શિક્ષણમાં વધારો થયો નથી તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે.

5.3.6 બાળકોને શિક્ષણ આપવા અંગેની વિગત :

આધુનિક સમયમાં કોઈપણ સમાજની સભ્યતાનું સ્તર નક્કી કરવા માટે શિક્ષણનું પ્રમાણ મહત્વનું માપદંડ ગણાય છે. યંત્ર યુગના આધુનિક સમાજમાં શિક્ષણ અનિવાર્ય બની ગયેલ છે. આધુનિક જીવન જરૂરી કૌશલ્યો વિકસાવવા માટે તેમજ સામાજિક ગતિશીલતા અને માનવીના બૌદ્ધિક અને વૈચારિક વિકાસ માટે શિક્ષણ જરૂરી છે.

**કોષ્ટક નં.5.6**

**બાળકોને શિક્ષણ આપવા અંગેની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1 | આર્ટસ | 60 | 60.00 |
| 2 | કોમર્સ | 17 | 17.00 |
| 3 | સાયન્સ | 18 | 18.00 |
| 4 | ટેકનિકલ | 05 | 05.00 |
| | **કુલ** | **100** | **100.00** |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસમાં લીધેલા ઉત્તરદાતાઓમાંથી બાળકોને આર્ટસમાં શિક્ષણ આપવા માંગતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 60 ટકા છે. કોમર્સમાં

શિક્ષણ આપવા માંગતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 17 ટકા છે. સાયન્સમાં શિક્ષણ આપવા માંગતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 18 ટકા છે. જ્યારે ટેકનિકલ શિક્ષણ આપવા માંગતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 05 ટકા જોવા મળે છે.

આમ, અભ્યાસ હેઠળનાં ઉત્તરદાતાઓમાંથી બાળકોને આર્ટસમાં શિક્ષણ આપવા માંગતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે. જ્યારે ટેકનિકલ શિક્ષણ આપવા માંગતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી ઓછું જોવા મળે છે.

### 5.3.7 કુટુંબના કોઈ સભ્યો નોકરી સાથે જોડાયેલા અંગેની વિગત

**કોષ્ટક નં.5.7**

**તમારા કુટુંબના કોઈ સભ્યો નોકરી સાથે જોડાયેલા અંગેની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1 | નોકરી સાથે જોડાયેલા છો | 22 | 22.00 |
| 2 | નોકરી સાથે જોડાયેલા નથી | 78 | 78.00 |
| | **કુલ** | **100** | **100.00** |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળનાં ઉત્તરદાતાઓમાંથી કુટુંબના કોઈ સભ્યો નોકરી સાથે જોડાયેલા છે તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ 22 ટકા છે. જ્યારે નોકરી સાથે જોડાયેલા નથી તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ 78 ટકા જોવા મળે છે.

આમ પ્રસ્તુત અભ્યાસનાં વિવરણ પરથી સ્પષ્ટ થાય છે કે નોકરી સાથે જોડાયેલા નથી તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે.

### 5.3.8 પુત્ર-પુત્રીના શિક્ષણ અંગેની માહિતી :

આદિવાસી સમાજમાં પુત્ર-પુત્રી વચ્ચે ભેદભાવ રાખવામાં આવતો નથી. પુત્ર હોય કે પુત્રી હોય બન્ને સમાન માનવામાં આવે છે. શિક્ષણની વાત તો શિક્ષણમાં પણ પુત્ર અને પુત્રીને સમાન શિક્ષણ આપવામાં આવતું હોય છે.

આમ, પ્રસ્તુત અભ્યાસ આદિવાસી સમાજમાં પુત્ર-પુત્રીને શિક્ષણ સમાન આપે છે કે નહિ તે નીચેના કોષ્ટક પરથી જાણી શકાશે.

**કોષ્ટક નં.5.8**

**પુત્ર-પુત્રીના શિક્ષણ અંગેની વિગત**

| **ક્રમ** | **વિગત** | **સંખ્યા** | **ટકા** |
|---|---|---|---|
| 1 | પુત્ર-પુત્રીને સમાન શિક્ષણ આપો છો | 100 | 100.00 |
| 2 | સમાન શિક્ષણ આપતા નથી | 00 | 00.00 |
| | **કુલ** | **100** | **100.00** |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાંથી પુત્ર-પુત્રીને સમાન શિક્ષણ આપતા છે તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ 100 ટકા છે. જ્યારે પુત્ર-પુત્રીને સમાન શિક્ષણ આપતા નથી તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ 00 ટકા છે.

આમ, પ્રસ્તુત અભ્યાસના વિવરણ પરથી સ્પષ્ટ થાય છે કે આદિવાસી સમાજમાં પુત્ર-પુત્રીને સમાન રીતે શિક્ષણ આપવામાં આવે છે તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ છે જે એક સારી બાબત છે.

5.3.9 નોકરી કરે તેને વિશેષ મહત્વ આપે તે અંગેની વિગત :

કોઈપણ સમાજ કે પછી આદિવાસી સમાજ હોય કે અન્ય સમાજ હોય જે નોકરીવાળા હોય તેમને વિશેષ મહત્વ આપવામાં આવતું હોય છે. આદિવાસી સમાજ ગણિયા ગાઠિયા લોકો નોકરીના વ્યવસાય સાથે જોડાયેલા હોય છે. તેથી સમાજમાં નોકરી કરતા વ્યક્તિને વિશેષ મહત્વ આપવામાં આવતું હોય છે.

આમ, પ્રસ્તુત અભ્યાસમાં નોકરી કરતા વ્યક્તિને વિશેષ મહત્વ આપવામાં આવે છે કે નહિ તેની માહિતી નીચેના કોષ્ટક પરથી જાણી શકાશે.

**કોષ્ટક નં.5.9**

**નોકરી કરતા વ્યક્તિને વિશેષ મહત્વ આપવા અંગેની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1 | નોકરી કરતા વ્યક્તિને વિશેષ મહત્વ આપવામાં આવે છે | 100 | 100.00 |
| 2 | વિશેષ મહત્વ આપવામાં આવતું નથી | 00 | 00.00 |
| | **કુલ** | **100** | **100.00** |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાંથી આદિવાસી સમાજમાં નોકરી કરતા વ્યક્તિને વિશેષ મહત્વ આપવામાં આવે છે તેવું માનનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ 100 ટકા છે. જ્યારે નોકરી કરતા વ્યક્તિને વિશેષ મહત્વ આપવામાં આવતું નહિ તેવું માનનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ 00 ટકા છે.

આમ, ઉપરોક્ત વર્ગીકરણ પરથી સ્પષ્ટ થાય છે અભ્યાસ હેઠળના મોટેભાગે ઉત્તરદાતાઓ નોકરી કરતા વ્યક્તિને વિશેષ મહત્વ આપવામાં આવે તેવું કહેનારા

ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ છે. કારણ કે આદિવાસી સમાજમાં બહુ જ ઓછા વ્યક્તિઓ નોકરી કરતા હોય છે.

5.3.10 બાળકોને કયા માધ્યમમાં ભણાવવા માગતા હોય તે અંગેની વિગત :

આદિવાસીઓ પોતાના બાળકોને કયા માધ્યમમાં ભણાવવા માગે છે તે અંગેની માહિતી નીચેના કોષ્ટક પરથી જાણી શકાશે.

**કોષ્ટક નં.5.10**

**બાળકોને કયા માધ્યમમાં ભણાવવા માંગો છો તે અંગેની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1 | ગુજરાતી માધ્યમ | 92 | 92.00 |
| 2 | અંગ્રેજી માધ્યમ | 06 | 06.00 |
| 3 | હિન્દી માધ્યમ | 02 | 02.00 |
| | **કુલ** | **100** | **100.00** |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં બાળકોને કયા માધ્યમમાં ભણાવવા માંગો છો જેમાં ગુજરાતી માધ્યમમાં ભણાવવા માંગતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 92 ટકા છે. અંગ્રેજી માધ્યમમાં ભણાવવા માંગતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 6 ટકા છે. જ્યારે હિન્દી માધ્યમમાં ભણાવવા માંગતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 2 ટકા છે.

આમ, ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં ગુજરાતી માધ્યમમાં ભણાવવા માંગતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે.

જ્યારે હિન્દી માધ્યમમાં ભણાવવા માંગતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી ઓછું છે. કારણ કે ડાંગ વિસ્તારમાં અંગ્રેજી માધ્યમ અને હિન્દી માધ્યમની શાળો બહુ જ ઓછી કે નહિવત્ પ્રમાણમાં છે.

### 5.3.11 વ્યવસાયિક પરિવર્તનોથી સામાજિક સંબંધોમાં પરિવર્તન અંગેની માહિતી :

વ્યવસાયિક પરિવર્તનોથી સામાજિક સંબંધોમાં ઘણું પરિવર્તન આવ્યું છે. જેમ કે નોકરી કરતા વ્યક્તિ ગામડાના લોકો સાથે પોતાનો સંબંધ ઓછો રાખતો હોય છે. તે શહેરોમાં રહેવાનું પસંદ કરતો હોય છે. તે પોતાના સમાજ વધારે ભણતો નથી. તેથી પોતાની જાતને તેમના સમાજના લોકોને અલગ માનતો હોય છે. અને સમાજના કાર્યમાં તેમની ભાગીદારી પણ ઘટાડી દેતો હોય છે.

આમ પ્રસ્તુત અભ્યાસમાં વ્યવસાયિક પરિવર્તનોથી આદિવાસી સમાજમાં સામાજિક સંબંધોમાં કેવા પ્રકારનું પરિવર્તન આવ્યું છે તેની માહિતી નીચેના કોષ્ટક પરથી જાણી શકાશે.

**કોષ્ટક નં.5.11**

**સમાજમાં સામાજિક સંબંધોમાં પરિવર્તન અંગેની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1 | સામાજિક સંબંધોમાં પરિવર્તન આવ્યું છે | 66 | 66.00 |
| 2 | સામાજિક સંબંધોમાં પરિવર્તન આવ્યું નથી | 34 | 44.00 |
| | **કુલ** | **100** | **100.00** |

આમ ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં વ્યવસાયિક પરિવર્તનોથી સમાજના સામાજિક સંબંધોમાં પરિવર્તન આવ્યું છે તેવું

માનવાવાળા ઉત્તરદાતાઓનું પ્રમાણ 66 ટકા છે. જ્યારે સમાજના સામાજિક સંબંધોમાં પરિવર્તન આવ્યું નથી તેવા માનવાવાળા ઉત્તરદાતાઓનું પ્રમાણ 34 ટકા જોવા મળે છે.

આમ ઉપરોક્ત વિવરણ ઉપરથી સ્પષ્ટ થાય છે કે આદિવાસીઓમાં વ્યવસાયિક પરિવર્તનથી સમાજના સામાજિક સંબંધોમાં પરિવર્તન આવ્યું છે તેવા માનવાવાળા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે.

5.3.12 નવા વ્યવસાયોથી યુવાવર્ગમાં ગતિશીલતા અંગેની માહિતી :

**કોષ્ટક નં.5.12**

**યુવાવર્ગમાં ગતિશીલતા અંગેની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1 | યુવાવર્ગ ગતિશીલ બન્યો છે | 46 | 46.00 |
| 2 | યુવાવર્ગ ગતિશીલ બન્યો નથી | 54 | 54.00 |
| | **કુલ** | **100** | **100.00** |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાંથી નવા વ્યવસાયોથી યુવાવર્ગ ગતિશીલ બન્યો છે તેવું જણાવનાર ઉત્તરદાતાઓનું પ્રમાણ 46 ટકા છે. જ્યારે યુવાવર્ગ ગતિશીલ બન્યો નથી તેવું જણાવનાર ઉત્તરદાતાઓનું પ્રમાણ 54 ટકા છે.

આમ, ઉપરના વિવરણ પરથી કહી શકાય કે નવા વ્યવસાયોથી યુવાવર્ગ ગતિશીલ બન્યો નથી તેવું જણાવનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે. કારણ કે

આજનો યુવાવર્ગ સંચાર વ્યવહાર માધ્યમો જેવા કે મોબાઈલ અને ટી.વી. પાછળ પોતાનો સમય વધારે ખર્ચે છે.

## 5.4 આર્થિક પરિવર્તનનો અર્થ :

કોઈપણ દેશનો વિકાસ શ્રમ, મૂડી સંશાધન આ ત્રણ વસ્તુઓ ઉપર રહેલો છે. સમાજમાં આર્થિક પરિવર્તન ત્યારે આવે છે. લોકોનું જીવનધોરણ સુધરે, માથાદીઠ આવકમાં વધારો થાય, આરોગ્ય સ્વસ્થ હોય તેવા દેશોને વિકસિત દેશો માનવામાં આવે છે. ત્યાં લોકો ખેતી પર નહિ પણ અન્ય કામો જેવા કે નોકરી, ધંધા, રોજગાર જેવા સાથે વધારે પ્રમાણમાં સંકળાયેલા હોય છે. આર્થિક પરિવર્તન માત્ર નાણાથી નથી આવતું પણ તેનું યોગ્ય મૂડીરોકાણ કરી વ્યવસાયિક ગતિશીલતા વધે ત્યારે પરિવર્તન શક્ય બને છે. આર્થિક ઉપાર્જન કરી દેશના તમામ લોકોને તેનો મહત્તમ લાભ પ્રાપ્ત થતો હોય. બેરોજગારીનું પ્રમાણ ઓછું હોય ત્યારે આર્થિક પરિવર્તનો શક્ય બનતા હોય છે. આમ, આર્થિક પરિવર્તન લોકોની સુવિધાઓમાં પરિવર્તન લાવતી પ્રક્રિયા છે.

## 5.5 વ્યવસાયિક વૈવિધ્યથી આર્થિક પરિવર્તન :

આર્થિક પરિવર્તનો એ આજના યુગની મહત્વની ઘટના છે. ભારતમાં આદિવાસી આ ઘટનાથી અલિપ્ત રહી શકે નહીં. આયોજન વિકાસને કારણે આદિવાસી સમાજ અનેક પ્રકારની અસરો તળે આવ્યો છે. કેટલીક અસરોએ આદિવાસીઓના જીવનને અસરકારક રીતે પલટાયું છે. આમ, આયોજિત વિકાસ અને આદિવાસીઓના આર્થિક જીવનના પાસાઓ વિશેની બારીકાઈથી તપાસ પરથી ખબર પડે છે. આદિવાસીઓની અર્થવ્યવસ્થા પણ બદલાઈ રહી છે.

સ્વાતંત્ર્યોત્તર ભારતમાં આદિવાસીઓના કલ્યાણ માટે અનેકવિધ આયોજન કાર્યક્રમો સમયાંતરે અપનાવવામાં આવ્યા છે. આદિવાસી ઉત્કર્ષ પાછળ રાજ્ય દ્વારા નાણાંકીય ફાળવણી કરવામાં આવી છે. આજે લોકોના વ્યવસાયો બદલાયેલા જેથી લોકોના જીવનમાં

પરિવર્તન સાથે આર્થિક સ્થિતિ પણ સુધરેલી જોવા મળે છે. લોકોની ભૌતિક સુવિધાઓ વધી છે. જીવનશૈલીમાં પરિવર્તન આવ્યું છે. બાળકોને શિક્ષણ આપતા થયા છે વગેરે આર્થિક પરિવર્તન થવાથી શક્ય બન્યું છે. વ્યવસાયો બદલાવાથી આદિવાસી સમાજની આર્થિક સ્થિતિ ખૂબ જ સારી થઈ છે. લોકોના જીવનધોરણમાં સુધારો થયો છે. આર્થિક પરિસ્થિતિ સુધરવાથી વપરાશી ખર્ચમાં પણ વધારો થયો છે. વાહનવ્યવહારનું પ્રમાણ પણ વધેલું જોવા મળે છે. લોકો કોઈપણ વ્યવસાય કરીને આર્થિક રીતે સદ્ધર બનવા લાગ્યા છે.

### 5.5.1 નવા વ્યવસાયોથી આર્થિક પરિસ્થિતિમાં સુધારા અંગેની વિગત :

આજના આદિવાસીઓને મૂળ પોતાના ગામમાં રહેવું નથી, તેને પણ બીજાની જેમ નજીકના મોટા ગામડામાં કે શહેરમાં સ્થાયી થવું છે. પોતાના બાળકોને સારું શિક્ષણ આપવું છે, સારી સુવિધાઓ આપવી છે. ઊચું જીવનધોરણ જીવવું છે, પોતાની આર્થિક સ્થિતિ સુધારવા માટે આદિવાસીઓ નવા-નવા વ્યવસાયો જેવા કે નોકરી, ઉદ્યોગ, મજુરી, ધંધા, વેપાર કરતા હોય છે.

આમ, પ્રસ્તુત અભ્યાસમાં નવા વ્યવસાયોથી આદિવાસીઓની આર્થિક પરિસ્થિતિમાં સુધારો થયો છે કે નહિ તે નીચેના કોષ્ટક પરથી જાણી શકાશે.

**કોષ્ટક નં.5.13**

**આર્થિક પરિસ્થિતિમાં સુધારા અંગેની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1 | આર્થિક પરિસ્થિતિમાં સુધારો થયો છે. | 26 | 26.00 |
| 2 | આર્થિક પરિસ્થિતિમાં સુધારો થયો નથી. | 74 | 74.00 |

| | | | |
|---|---|---|---|
| | **કુલ** | **100** | **100.00** |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં નવા વ્યવસાયોથી આર્થિક પરિસ્થિતિમાં સુધારો આવ્યો છે તેવું જણાવનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ 26 ટકા છે. જ્યારે આર્થિક પરિસ્થિતિમાં સુધારો આવ્યો નથી તેવું જણાવનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ 74 ટકા છે.

આમ, ઉપરના વિવરણથી પરથી સ્પષ્ટ થાય છે કે નવા વ્યવસાયોથી આર્થિક પરિસ્થિતિમાં સુધારો આવ્યો નથી તેવું જણાવનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે. કેમકે આદિવાસીઓમાં હજુ પણ વ્યવસાયિક ગતિશીલતાનું પ્રમાણ ખૂબ જ જૂજ પ્રમાણમાં છે.

### 5.5.2 નવા વ્યવસાયોથી આવકમાં વધારો થયો છે કે નહિ તે અંગેની વિગત :

પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં નવા વ્યવસાયોથી આવકમાં વધારો થયો છે કે નહિ તે અંગે જાણકારી નીચેના કોષ્ટક ઉપરથી જાણી શકાશે.

**કોષ્ટક નં.5.14**

**આવકમાં વધારો થયો છે કે તેની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1 | આવકમાં વધારો થયો છે. | 27 | 27.00 |
| 2 | આવકમાં વધારો થયો નથી. | 73 | 73.00 |

| | | | |
|---|---|---|---|
| | **કુલ** | **100** | **100.00** |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છેં કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં નવા વ્યવસાયોથી આવકમાં વધારો થયો છે તેવું જણાવનાર ઉત્તરદાતાઓનું પ્રમાણ 25 ટકા છે જ્યારે આવકમાં વધારો થયો નથી તેવું જણાવનાર ઉત્તરદાતાઓનું પ્રમાણ 73 ટકા છે.

આમ ઉપરના કોષ્ટક પરથી સ્ષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં નવા વ્યવસાયથી આવકમાં વધારો થયો નથી તેવું દર્શાવનાર ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે.

### 5.5.3 વ્યવસાયમાંથી મળતી આવકમાંથી બચત અંગેની વિગત :

દરેક વ્યક્તિ પોતાના વ્યવસાયમાંથી મળતી આવકમાંથી બચત કરતા હોય છે કેમકે ભવિષ્યમાં બાળકો માટે એ નાણા ઉપયોગી થવાના છે. આજે દરેક સમાજના લોકો પોતાના વ્યવસાયમાંથી મળતી આવકમાંથી થોડીઘણી બચત કરતા હોય છે.

પ્રસ્તુત અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓ પોતાના વ્યવસાયમાંથી મળતી આવકમાંથી બચત કરે છે કે નહિ તેની માહિતી નીચે મુજબ જાણી શકાશે.

**કોષ્ટક નં.5.15**

**વ્યવસાયમાંથી મળતી આવક બચત અંગેની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1 | બચત કરતા થયા છે. | 54 | 54.00 |
| 2 | બચત કરતા નથી. | 46 | 46.00 |

| | | | |
|---|---|---|---|
| | **કુલ** | **100** | **100.00** |

ઉપરોક્ત કોષ્ટક મુજબ સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓ પોતાના વ્યવસાયમાંથી મળતી આવકમાંથી બચત કરતા હોય તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ 54 ટકા છે જ્યારે પોતાના વ્યવસાયમાં બચત કરતા નથી તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ 46 ટકા છે.

આમ ઉપર મુજબના કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓ પોતાના વ્યવસાયમાંથી મળતી આવકમાંથી બચત કરતા ઉત્તરદાતાઓ સૌથી વધુ છે જે સૂચવે છે કે આદિવાસીઓમાં પણ ભવિષ્ય અંગે વિચારતા હોય છે.

5.5.4 નવા વ્યવસાય માટે દેવું કરેલ હોય તેની વિગત :

**કોષ્ટક નં.5.16**

**દેવું કરેલ હોય તે અંગેની વિગત**

| **ક્રમ** | **વિગત** | **સંખ્યા** | **ટકા** |
|---|---|---|---|
| 1 | દેવું કરેલ છે. | 22 | 22.00 |
| 2 | દેવું કરેલ નથી. | 78 | 78.00 |
| | **કુલ** | **100** | **100.00** |

ઉપરોક્ત કોષ્ટક ઉપરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં નવા વ્યવસાય માટે દેવું કરેલ હોય તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ 22 ટકા છે જ્યારે નવા વ્યવસાય માટે દેવું કરેલ નથી તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ 78 ટકા છે.

આમ, ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે નવા વ્યવસાયો શરૂ કરવા માટે દેવું કરેલ નથી તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ છે. જ્યારે દેવું કરેલ છે તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી ઓછું છે.

5.5.5 ખેતીની જે વસ્તુનું ઉત્પાદન અંગેની વિગત :

આજે સરકાર દ્વારા ઠેર ઠેર ખેતીવાડી કેન્દ્રો સ્થપાયા છે. જેથી ખેડુતોને ખેતીમાંથી જે વસ્તનું ઉત્પાદન કરતા હોય તેની યોગ્ય કિંમત મળી રહે. આદિવાસી વિસ્તારોમાં પણ આવા કેન્દ્રોની શરૂઆત થઈ નથી છે. જેનાથી ખેડૂતોને યોગ્ય બજાર ભાવ વસ્તુનું મળી રહેતું.

આમ, અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓને ખેતીમાંથી જે વસ્તુનું ઉત્પાદન કરે છે તેની યોગ્ય કિંમત મળે છે કે નહિ તે નીચેના કોષ્ટક પરથી જાણી શકાશે.

**કોષ્ટક નં.5.17**

**ખેતીની વસ્તુની યોગ્ય કિંમત મળી રહે તે અંગેની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1 | યોગ્ય કિંમત મળી રહે છે. | 12 | 12.00 |
| 2 | યોગ્ય કિંમત મળતી નથી. | 88 | 88.00 |
| | **કુલ** | **100** | **100.00** |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે, અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં ખેતીમાંથી જે વસ્તુનું ઉત્પાદન થાય તે માટે યોગ્ય કિંમત મળી રહે તેવું જણાવનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ 12 ટકા છે. જ્યારે યોગ્ય કિંમત મળતી નથી તેવું જણાવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ 88 ટકા છે.

આમ, ઉપરોક્ત કોષ્ટકના વિવરણ પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તર ઉત્તરદાતાઓમાં ખેતીમાંથી જે વસ્તુનું ઉત્પાદન થાય તે માટે યોગ્ય કિંમત મળતી નથી તેવું જણાવનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ છે.

### 5.5.6 ખેતી સુધરવાથી શાકભાજી-અનાજનું હાટ બજારમાં વેચાણ કરો છો :

આર્થિક સ્થિતિના સંદર્ભમાં ડાંગ જિલ્લામાં અન્ય વ્યવસાય કરતાં ખેતીના વ્યવસાયને વિશેષ પ્રાધાન્ય આપતા હોવાનું જણાવ્યું છે. તે જ રીતે જમીનનું પ્રમાણ, સિંચાઈની સગવડ, બિયારણો, ખેતીમાં રાસાયણિક ખાતરનો ઉપયોગ કરી પોતાનું ઉત્પાદન હાટ બજારમાં જઈને વેચવાનું કામ કેટલાક લોકો કરતા હોય છે. તો કેટલાક લોકો હાટ બજારમાંથી ખરીદી કરવા માટે જાય છે. આમ આદિવાસી સમાજમાં હાટ બજારનું વિશેષ મહત્વ રહેલું છે. લોકો પોતાની જીવન જરૂરિયાતની વસ્તુઓ હાટ બજારમાંથી ખરીદતા હોય છે. આદિવાસી સમાજની ખેતી એટલી સમૃદ્ધ નથી છતાં પણ ધીરે-ધીરે લોકો પરિવર્તન આવી રહ્યું છે.

**કોષ્ટક નં.5.18**

**શાકભાજી અનાજનું હાટ બજારમાં વેચાણ અંગેની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1 | હાટ બજારમાં વેચાણ કરતા છે. | 07 | 07.00 |
| 2 | હાટ બજારમાં વેચાણ કરતા નથી. | 93 | 93.00 |

| | | | |
|---|---|---|---|
| | **કુલ** | **100** | **100.00** |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં હાટ બજારમાં શાકભાજી અનાજનું વેચાણ કરતા હોય તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ 07 ટકા છે. જ્યારે અનાજ શાકભાજીનું વેચાણ કરતા નથી તેવા ઉત્તરદાતાઓનેં પ્રમાણ ૯૩ ટકા છે.

આમ, ઉપરોક્ત વિવરણ પરથી કહી શકાય કે અભ્યાસ હેઠળના મોટાભાગના ઉત્તરદાતાઓ હાટ બજારમાં અનાજ કે શાકભાજીનું વેચાણ કરતા નથી. ચોમાસામાં પોતાના વાડામાં દેશી મકાઈ, કાકડી, વાલની પાપડી, તુરિયા જેવું વાવેતર પોતાના ઉપયોગ પૂરતું કરતા હોય છે.

### 5.5.7 વધુ મહેનતાણું કયા વ્યવસાયમાંથી મળે છે તે અંગેની વિગત :

પ્રસ્તુત અભ્યાસમાં વધુ મહેનતાણું ઉત્તરદાતાઓને કયા વ્યવસાયમાંથી મળે છે તેની જાણકારી નીચેના કોષ્ટક પરથી મળી શકશે.

**કોષ્ટક નં.5.19**

**વધુ મહેનતાણું અંગેની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1 | પરંપરાગત વ્યવસાયમાંથી | 49 | 49.00 |

| | | | |
|---|---|---|---|
| 2 | નવા વ્યવસાયોમાંથી | 51 | 51.00 |
| | **કુલ** | **100** | **100.00** |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં વધુ મહેનતાણું કયા વ્યવસાયમાંથી મળે છે તેમાં પરંપરાગત વ્યવસાયમાંથી વધુ મહેનતાણું મળે છે એમ માનનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ 49 ટકા છે. જ્યારે નવા વ્યવસાયથી વધુ મહેનતાણું મળે એવું માનનારા ઉત્તરદાતાઓની સંખ્યા 51 ટકા છે.

આમ, ઉપરોક્ત કોષ્ટક પરથી કહી શકાય છે. વર્તમાન સમયમાં ઉત્તરદાતાઓને પૂછવામાં આવ્યું કે તમને કયા વ્યવસાયમાંથી વધુ મહેનતાણું મળે છે તો સૌથી વધુ નવા વ્યવસાયોમાંથી વધુ મહેનતાણું મળી શકે એવું કહેનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે. આમ કહી શકાય કે આદિવાસીઓ પણ હવે ધીમે ધીમે પરંપરાગત વ્યવસાયને છોડીને નવા વ્યવસાયો સ્વીકારવા તરફ જઈ રહ્યા છે.

5.5.8 નવા વ્યવસાયથી અર્થવ્યવસ્થા સમૃદ્ધ બની છે :

એમ માનવામાં આવતું હોય છે કે આદિવાસીઓની આર્થિક વ્યવસ્થા ખૂબ જ નબળી છે. આદિવાસીઓમાં અર્થવ્યવસ્થાનું સ્વરૂપ સભ્ય સમાજની દૃષ્ટિએ ઘણું અવિકસિત છે. શેર, ડિપોઝિટ અને બેન્ક વ્યવસ્થાને બદલે શાહુકારો દ્વારા ધિરાણ મેળવે છે. આદિવાસીઓનો મુખ્ય વ્યવસાય ખેતી છે. જમીન પણ એટલી નહિ અને હોય તોય ઓછી હોય છે. વિવિધ પાકો માટે સિંચાઈની સુવિધા ઉપલબ્ધ નથી પણ આજે આદિવાસીઓની અર્થવ્યવસ્થા મજબૂત બનાવવાના સરકારે વિવિધ પ્રયાસો શરૂ કર્યા છે. ખેતીમાં ખાતર, દવા, બિયારણ જેવું હાઈબ્રિડ આપીને તેમની વધારે ઉત્પાદન થાય તે માટે પ્રયત્ન થઈ રહ્યા છે.

આમ, પ્રસ્તુત અભ્યાસમાં નવા વ્યવસાયની આદિવાસી સમાજની અર્થવ્યવસ્થા સમૃદ્ધ બની છે કે નહિ તે નીચે મુજ જાણી શકાશે.

**કોષ્ટક નં.5.20**

**આદિવાસીઓની અર્થવ્યવસ્થા અંગેની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1 | અર્થવ્યવસ્થા સમૃદ્ધ બની છે. | 9 | 09.00 |
| 2 | અર્થવ્યવસ્થા સમૃદ્ધ બની નથી. | 91 | 91.00 |
| | **કુલ** | **100** | **100.00** |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં નવા વ્યવસાયથી આદિવાસીઓની અર્થવ્યવસ્થા સમૃદ્ધ બની છે તેવું જણાવનારા ઉત્તરદાતાઓની સંખ્યા 9 ટકા છે. જ્યારે આદિવાસીઓની અર્થવ્યવસ્થા સમૃદ્ધ બની નથી તેવું જણાવનારા 91 ટકા છે.

આમ, સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓનું માનવું છે કે નવા વ્યવસાયથી આદિવાસીઓની અર્થવ્યવસ્થા સમૃદ્ધ બની નથી તેવું માનનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ છે. આમ કહી શકાય છે કે આદિવાસીઓની અર્થવ્યવસ્થા ખૂબજ નબળી છે.

5.5.10 સહકારી મંડળીઓ સમાજમાં નવો આર્થિક પ્રવાહ :

ભારતની વસ્તીનાં કેટલાંક જૂથો આર્થિક, સામાજિક, શૈક્ષણિક અને રાજકીય કારણોસર બાકીની પ્રજાની સરખામણીમાં ઘણા પાછળ છે. આથી સરકાર દ્વારા આવા વિસ્તારમાં જુદી-જુદી સહકારી મંડળીઓની સ્થાપના કરી છે અને એમાં આદિવાસી વ્યક્તિઓ પણ જોડાઈ રહ્યા

છે. સરકારી મંડળીમાં દુધ ઉત્પાદન, સહકારી મંડળી, કિસાન મંડળી, સખી મંડળ જેવા સરકારી મંડળીઓ આદિવાસી સમાજમાં સ્થાપી સમાજમાં નવો આર્થિક પ્રવાહ શરૂ થયો છે.

પ્રસ્તુત અભ્યાસમાં શું સરકારી મંડળીઓના કારણે આદિવાસી સમાજમાં નવો આર્થિક પ્રવાહ શરૂ થયો છે કે નહિ તેની માહિતી નીચેના કોષ્ટક પરથી મળશે.

**કોષ્ટક નં.5.21**

**સરકારી મંડળીથી સમાજનો આર્થિક પ્રવાહ અંગેની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1 | નવો આર્થિક પ્રવાહ શરૂ થયો છે. | 8 | 08.00 |
| 2 | નવો આર્થિક પ્રવાહ શરૂ થયો નથી. | 92 | 92.00 |
| | **કુલ** | **100** | **100.00** |

ઉપરોક્ત કોષ્ટક ઉપરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં સરકારી મંડળીઓના કારણે સમાજમાં નવો આર્થિક પ્રવાહ શરૂ થયો છે તેમ માનવાવાળા ઉત્તરદાતાઓનું પ્રમાણ 8 ટકા છે જ્યારે નવો આર્થિક પ્રવાહ શરૂ થતો નથી તેવું માનનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ 92 ટકા છે.

આમ, ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓનું માનવું છે કે સરકારી મંડળીથી સમાજમાં નવો આર્થિક પ્રવાહ શરૂ થયો નથી માનનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ છે. કેમકે સહકારી મંડળીના સભ્યો જનતાનો નહિ પણ પોતાનો વિકાસ કરવા સહકારી મંડળીમાં જોડાયા છે એમ એમનું માનવું છે.

**5.5.11 નવી આર્થિક વ્યવસ્થા સાથે જોડાતા ભૌતિક સંસ્કૃતિમાં પરિવર્તન :**

આદિવાસી સમાજ પણ ધીમે-ધીમે હવે પોતાનો નાના-મોટા વેપાર-નોકરી તથા આધુનિક પ્રકારની ખેતી કરવા લાગ્યા છે. આજના આદિવાસીઓ નવી આર્થિક વ્યવસ્થા સાથે જોડાઈને પોતાને સમૃદ્ધ કરવા માટે પ્રયત્ન કરતા હોય છે. આર્થિક પરિસ્થિતિ સુધરે એટલે તેની અસર ભૌતિક સંસ્કૃતિ ઉપર દેખાય છે. જેની આર્થિક સ્થિતિ જેટલી સારી તેટલી તેની ભૌતિક સુવિધા વધુ સારી હોય છે. આમ કહી શકાય કે આદિવાસીઓ પોતાના કાચા કે ભીત કે છાપરું ધરાવતા ઘર છોડી નવા પાકા ઘરોમાં વસવાટ કરવાનું શરૂ કરી દીધું છે. ભૌતિક સુવિધાનો ઉપયોગ પણ સારો એવો કરે છે. આમ ભૌતિક સંસ્કૃતિમાં પરિવર્તન આવ્યું છે કે નહિ તે નીચેના કોષ્ટક પરથી જાણી શકાશે.

**કોષ્ટક નં.5.22**

**નવા આર્થિક વ્યવસ્થા સાથે જોડાતા ભૌતિક સંસ્કૃતિમાં પરિવર્તન અંગેની વિગત**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| 1 | ભૌતિક સુવિધાઓમાં પરિવર્તન આવ્યું છે. | 39 | 39.00 |
| 2 | ભૌતિક સુવિધાઓમાં પરિવર્તન આવ્યું નથી. | 61 | 61.00 |
| | **કુલ** | **100** | **100.00** |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં નવી આર્થિક વ્યવસ્થા સાથે જોડાતા ભૌતિક સંસ્કૃતિમાં પરિવર્તન આવ્યું છે એવું દર્શાવનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ 39 ટકા છે જ્યારે ભૌતિક સુવિધાઓમાં પરિવર્તન આવ્યું નથી તેવું દર્શાવનાર ઉત્તરદાતાઓનું પ્રમાણ 61 ટકા છે.

આમ, ઉપર મુજબ કહી શકાય કે અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં નવા આર્થિક વ્યવસ્થા જોડાતા ભૌતિક સંસ્કૃતિમાં પરિવર્તન આવ્યું નથી દર્શાવનાર ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ છે કેમકે આદિવાસીઓને અર્થવ્યવસ્થા એટલી સમૃદ્ધ નથી.

# પ્રકરણ-6

# સંશોધનના તારણો

6.1 પ્રસ્તાવના

6.2 સંશોધનના તારણો

# પ્રકરણ-6

# સંશોધનના તારણો

## 6.1 પ્રસ્તાવના :

દરેક સંશોધન પૂર્ણ થાય અને તેનું માપન થાય ત્યારે સંશોધકને તેના પોતાના સંશોધનને અંતે પૂછવા જેવા સવાલ એટલે આ સંશોધનમાંથી શું મળ્યું અને જે સંશોધનને અંતે મળે છે તે સંશોધનનું ફળશ્રુતિ એટલે કે તારણો.

આ દૃષ્ટિએ સંશોધન અહેવાલનું છેલ્લું પ્રકરણ મહત્વનું બને છે. વૈજ્ઞાનિક સંશોધનની પરિણામલક્ષી રજૂઆત છે એ સંશોધન અહેવાલનો છેલ્લો પણ મહત્વનો ભાગ ગણાય છે. એટલે કે, વ્યવસ્થિત અને સંશોધન અહેવાલના અંતિમ પ્રકરણમાં સંશોધનના તારણો રજૂ કરવામાં આવે છે. સંશોધકે વૈજ્ઞાનિક પદ્ધતિને અનુસરીને સંશોધનના પ્રશ્નો નિરૂપણથી શરૂ કરી સંશોધનના ફલિતાર્થો સુધીની યાત્રા દરમ્યાન જે કાર્યવાહી કરી હોય તેનો સારાંશ આ પ્રકરણના તારણો રૂપે રજૂ થાય છે.

પ્રસ્તુત સમાજશાસ્ત્રીય સંશોધનમાં આદિવાસીઓમાં વ્યવસાયિક વૈવિધ્યતાના પ્રવાહો જાણવાનો તેમજ તેઓમાં સામાજિક, આર્થિક પરિવર્તન આવ્યું છે કે નહિ તે તપાસવાનો છે.

સમગ્ર સંશોધન કાર્યમાં મળેલ માહિતી પરથી તારણો મેળવવા તેના પરથી સૂચનો આપવા એ ઝીણવટભર્યું અને મહત્વનું કાર્ય છે. તારણોને સંશોધનનું હાર્દ ગણવામાં આવે છે. તારણો વગરનું સંશોધન સંશોધન ગણાય નહીં અથવા અર્થહીન બની રહે છે.

## 6.2 સંશોધનના તારણો :

પ્રસ્તુત અભ્યાસ આદિવાસીઓમાં વ્યવસાયિક વૈવિધ્યતાના પ્રવાહો અંગે ક્ષેત્રિય માહિતી મેળવી તેનું વર્ગીકરણ કરી વિશ્લેષણ કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે અને પ્રસ્તુત અભ્યાસનાં તારણો નીચે મુજબ છે.

- અભ્યાસ હેઠળનાં ઉત્તરદાતાઓમાં 42 થી 50 વર્ષની ઉંમર ધરાવનાર ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે. જ્યારે 50 થી વધુ ઉંમર ધરાવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી ઓછું જોવા મળે છે. જેમાં 100 ઉત્તરદાતાઓમાંથી 30 ટકા ઉત્તરદાતાઓ સ્ત્રીઓ જોવા મળે છે.
- અભ્યાસમાં પસંદ કરેલા 100 ઉત્તરદાતાઓમાંથી પુરુષ ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ 97 ટકા જોવા મળે છે જ્યારે સ્ત્રી ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી ઓછું 3 ટકા જોવા મળે છે.
- અભ્યાસ હેઠળનાં ઉત્તરદાતાઓમાં હિન્દુ ધર્મ પાળતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ 84 ટકા જોવા મળે છે.
- અભ્યાસ હેઠળનાં ઉત્તરદાતાઓમાંથી ખેતીનો વ્યવસાય કરતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ 72 ટકા જોવા મળે છે જ્યારે ખેતમજૂરી કરતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી ઓછું 07 ટકા જોવા મળે છે.

- અભ્યાસ હેઠળનાં 100 ટકા ઉત્તરદાતાઓમાંથી સંયુક્ત કુટુંબમાં રહેતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ 74 ટકા જોવા મળે છે જ્યારે વિભક્ત કુટુંબમાં રહેતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી ઓછું 26 ટકા જોવા મળે છે.
- અભ્યાસ હેઠળનાં ઉત્તરદાતાઓમાંથી વૈવાહિક દરજ્જા દ્વારા ઉત્તરદાતાઓમાં પરણિત ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે.
- અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાંથી 6 થી 35 વર્ષની ઉંમર ધરાવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે.
- અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓની અભણ, આશ્રિત અને શિક્ષણ અંગેની વિગત જોઈએ તો 87 ટકા અભણ છે, જ્યારે 62 આશ્રિત છે, 32.2 ટકા શિક્ષિત છે, જ્યારે 54 ટકા સભ્યો બંધ શિક્ષણ જોવા મળે છે. આમ અંધ શિક્ષણવાળા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે.
- ઉત્તરદાતા કુટુંબના સભ્યોમાં ચાલુ શિક્ષણ અંગેની વિગત જોઈએ તો 33.26 ટકા પ્રાથમિક શિક્ષણ, 19.87 ટકા પ્રાથમિક શિક્ષણ, 16.68 ટકા ઉચ્ચ માધ્યમિક શિક્ષણ, 28.19 ટકા ઉચ્ચ શિક્ષણ જોવા મળે છે.
- અભ્યાસ હેઠળના ઉત્તરદાતાના કુટુંબની વાર્ષિક આવક જોતાં 10 થી 30 હજાર સુધીની આવક ધરાવનાર કુટુંબોની સંખ્યા સૌથી વધુ 57 ટકા જોવા મળે છે. જ્યારે સૌથી ઓછી સંખ્યા 51 થી 91 હજાર સુધીની આવક ધરાવનારાઓની છે જેનું પ્રમાણ 03 ટકા જોવા મળે છે.
- અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાંથી આધુનિક સાધનોમાં સૌથી વધુ મોબાઈલ ધરાવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવામાં આવે છે જ્યારે કમ્પ્યુટર ધરાવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી ઓછું જોવા મળે છે.

- અભ્યાસ હેઠળનાં 100 ઉત્તરદાતાઓમાંથી જમીનની માલિકી ધરાવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ 87 ટકા જોવા મળે છે. જ્યારે જમીનની માલિકી ધરાવતા નથી તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી ઓછું 13 ટકા જોવા મળે છે.
- અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાંથી 1 થી 5 એકર જમીન ધરાવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ 52.81 ટકા જોવા મળે છે. જ્યારે 1 એકરથી ઓછી જમીન ધરાવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી ઓછું 16.86 ટકા જોવા મળે છે.
- અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાંથી પરંપરાગત વ્યવસાય સાથે જોડાયેલા છે તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે જ્યારે પરંપરાગાત વ્યવસાય સાથે જોડાયેલા નથી તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી ઓછું જોવા મળે છે.
- અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાંથી ખેતી કરતાં ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે.
- અભ્યાસ હેઠળના 100 ઉત્તરદાતાઓમાંથી પરંપરાગત વ્યવસાય કરવાનું ગમે છે તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ 87 ટકા જોવા મળે છે. જ્યારે પરંપરાગત વ્યવસાય કરવાનું ગમતું નથી તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી ઓછું 13 ટકા જોવા મળે છે.
- અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાંથી ડાંગરનું વાવેતર કરતાં ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે.
- અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં ખેતીના વાવેતરમાં બિયારણનો ઉપયોગ કરતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે. કેમકે આજે પણ આદિવાસીઓ પરંપરાગત રીતે જે ખેતી કરે છે તે બાબત સૂચવે છે.
- અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાંથી પરંપરાગત વ્યવસાય જાળવી રાખવો જોઈએ તેવું ઈચ્છતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ 54 ટકા જોવા મળે છે. કેમકે આદિવાસી એમ વિચારતા હોય છે કે પોતાના બાળકો પણ પરંપરાગત વ્યવસાય કરે.

- અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાંથી પરંપરાગત વ્યવસાયથી કુટુંબનું ગુજરાન ચાલી રહે છે તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ 53 ટકા છે જ્યારે પરંપરાગત વ્યવસાયથી ગુજરાત ચાલતું નથી તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી ઓછું છે જે 47 ટકા છે.
- અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાંથી બહારગામ કામે જતાં ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે.
- અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાંથી ગૌણ વ્યવસાય તરીકે પશુપાલન કરતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે જે 73 ટકા છે.
- અભ્યાસ હેઠળનાં ઉત્તરદાતાઓમાંથી ગૌણ વ્યવસાય તરીકે મરઘા પાલન કરતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે.
- અભ્યાસ હેઠળનાં 100 ઉત્તરદાતાઓમાંથી ખેતીમાં સિંચાઈનો ઉપયોગ કરતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી ઓછું જોવા મળે છે. જ્યારે ખેતીમાં સિંચાઈનો ઉપયોગ કરતા નથી તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે. જે 77.90 ટકા છે કારણ કે આદિવાસી વિસ્તારોમાં સિંચાઈ માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી.
- અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાંથી સેન્દ્રીય ખાતરનો ઉપયોગ કરતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ 72 ટકા જોવા મળે છે જ્યારે ફર્ટિલાઈઝર ખાતરનો ઉપયોગ કરતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી ઓછું જોવા મળે છે.
- અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાંથી શિકાર કરવા જતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી ઓછું જોવા મળે છે. જ્યારે શિકાર કરવા જતા નથી તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ 78 ટકા જોવા મળે છે. કારણ કે આજે જંગલખાતા કાયદા ખૂબ કડક બન્યા છે અને તેના કારણે સજા થાય છે તેથી શિકાર કરતા ઉત્તરદાતાઓનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

- અભ્યાસ હેઠળનાં ઉત્તરદાતાઓમાંથી જંગલમાંથી મળતી વન્ય પેદાશોમાં લાકડું મેળવતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે. કારણ કે લાકડું એ લોકોની પ્રાથમિક જરૂરિયાત છે. રસોઈ બનાવવા માટે લોકો મોટેભાગે લાકડાંનો ઉપયોગ કરતા હોય છે.
- અભ્યાસ હેઠળનાં ઉત્તરદાતાઓમાંથી પરંપરાગત વ્યવસાયનું જ્ઞાન આપનાર ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે.
- અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાંથી વ્યવસાયમાં પરિવર્તન આવ્યું છે તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ ઓછું 27 ટકા છે જ્યારે વ્યવસાયમાં પરિવર્તન આવ્યું નથી તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી 73 ટકા જોવા મળે છે. કારણ કે મોટાભાગના લોકો અભણ અને નવા વ્યવસાય અંગેની માહિતી ન હોવાથી તેવો નવો વ્યવસાય સ્વીકારી શક્યા નથી.
- અભ્યાસ હેઠળનાં ઉત્તરદાતામાંથી ડેરી ઉદ્યોગ સ્વીકારનાર ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે.
- અભ્યાસ હેઠળનાં ઉત્તરદાતાઓમાંથી નવો વ્યવસાય સ્વીકારવાની પ્રેરણા મળી છે તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી ઓછું જોવા મળે છે જ્યારે નવો વ્યવસાય સ્વીકારવાની પ્રેરણા મળી નથી તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે જે 73 ટકા છે.
- અભ્યાસ હેઠળનાં ઉત્તરદાતાઓમાંથી નવો વ્યવસાય સ્વીકારવાની પ્રેરણા સંચાર માધ્યમો દ્વારા મળી એવું કહેનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે.
- અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાંથી ખેતી સિવાયના અન્ય વ્યવસાયમાં જોડાવા માંગતા ઉત્તરદાતાઓમાંથી નોકરીના વ્યવસાયમાં જોડાયા ઉત્તરદાતાઓનું પ્રમાણ

સૌથી વધુ જોવા મળે છે કારણ કે નોકરી વ્યક્તિને સમાજમાં માન, તેનું મહત્વ અને મોભો આપે છે.

- અભ્યાસ હેઠળનાં ઉત્તરદાતાઓમાંથી બાળકોને શિક્ષણ આપવા માંગતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ 92 ટકા જોવા મળે છે. જ્યારે બાળકોને શિક્ષણ આપવા માંગતા નથી તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી ઓછું જોવા મળે છે કારણ કે તેમની આર્થિક પરિસ્થિતિ ખરાબ/સારી ન હોવાના કારણે શિક્ષણ આપી શકતા નથી.
- અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાંથી નવો વ્યવસાય સ્વીકારવામાં મુશ્કેલી પડી છે તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે જે 78 ટકા છે.
- અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાંથી નવા વ્યવસાયમાં સરકાર પાસેથી તાલીમ મળતી નથી તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ 75 ટકા જોવા મળે છે.
- અભ્યાસ હેઠળનાં ઉત્તરદાતાઓમાંથી બાળકો માટે નવો વ્યવસાય વધુ ફાયદાકારક છે તેવું માનનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ 76 ટકા જોવા મળે છે કેમકે બધા લોકો એમ જ વિચારતા હોય છે કે બાળકો આરામની જીંદગી જીવે.
- અભ્યાસ હેઠળનાં ઉત્તરદાતામાંથી બાળકોને ઔદ્યોગિક કામે મોકલતા નથી તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ 91 ટકા જોવા મળે છે કારણ કે ડાંગ જેવા વિસ્તારોમાં એક પણ ઉદ્યોગ હજુ સુધી સ્થપાયો નથી.
- અભ્યાસ હેઠળનાં ઉત્તરદાતાઓમાંથી સહકારી મંડળીના સભ્યો નથી તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે જે 75 ટકા છે.
- અભ્યાસમાં લીધેલા ઉત્તરદાતાઓમાંથી રહેણીકરણીમાં પરિવર્તન આવ્યું છે તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી ઓછું જોવા મળે છે જ્યારે રહેણીકરણીમાં પરિવર્તન

આવ્યું નથી તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ 71 ટકા જોવા મળે છે કેમકે આદિવાસી વિસ્તારોમાં નવા વ્યવસાયો ઓછા પ્રવેશેલા છે.

- અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાંથી નવા વ્યવસાય માટે લોન લીધી નથી તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે જે 86 ટકા છે.
- અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાંથી કામ માટે બહારગામ જતાં ઉત્તરદાતાઓમાંથી શેરડીના કામે બહારગામ કામ કરવા જતા હોય છે તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે.
- અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાંથી નવા વ્યવસાયમાંથી સામાજીક જીવનમાં પરિવર્તન આવ્યું નથી તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે. કારણ કે આદિવાસી સમાજમાં હજુ પણ નવા વ્યવસાયો ઘણાં ઓછા લોકોએ સ્વીકારેલા છે. પરંપરાગત વ્યવસાયો સાથે જ સંકળાયેલા છે.
- અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાંથી નવા વ્યવસાયથી વ્યક્તિના સ્થાનમાં પરિવર્તન આવ્યું છે તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે. જે 85 ટકા છે અને આમ કહી શકાય કે વ્યક્તિનો વ્યવસાય બદલવાથી વ્યક્તિનાં સ્થાનમાં પરિવર્તન આવશે.
- અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાંથી નવા વ્યવસાયથી શિક્ષણમાં વધારો થયો નથી તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ 74 ટકા જોવા મળે છે.
- અભ્યાસ હેઠળનાં ઉત્તરદાતાઓમાંથી બાળકોને શિક્ષણ આપવા માંગતા ઉત્તરદાતાઓમાંથી આર્ટસમાં શિક્ષણમાં લેવા માંગતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ 60 ટકા જોવા મળે છે. જ્યારે ટેકનિકલ શિક્ષણ આપવા માંગતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી ઓછું 5 ટકા જોવા મળે છે.

- અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાંથી કુટુંબના સભ્યો નોકરી સાથે જોડાયેલા હોય તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી ઓછું જોવા મળે છે. જ્યારે નોકરી સાથે જોડાયેલા નથી તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ 78 ટકા જોવા મળે છે.
- અભ્યાસ હેઠળનાં ઉત્તરદાતાઓમાંથી આદિવાસી સમાજમાં પુત્ર-પુત્રીને સમાન રીતે શિક્ષણ આપવામાં આવે તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે. જે 100 ટકા છે.
- અભ્યાસ હેઠળનાં ઉત્તરદાતાઓમાંથી નોકરી કરતા વ્યક્તિને વિશેષ મહત્વ આપવામાં આવે છે તેવું કહેનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે કારણ કે આદિવાસી સમાજમાં બહુ જ ઓછા વ્યક્તિઓ નોકરી કરતા હોય છે.
- અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાંથી બાળકોને કયા માધ્યમમાં ભણાવવા માંગો છો તેમાં ગુજરાતી માધ્યમમાં ભણાવવા માંગતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ 92 ટકા જોવા મળે છે. જ્યારે હિન્દી માધ્યમમાં ભણાવવા માગતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી ઓછું 2 ટકા જોવા મળે છે કારણ કે ડાંગ વિસ્તારમાં અંગ્રેજી માધ્યમ અને હિન્દી માધ્યમની શાળાઓ બહુ જ ઓછી કે નહીંવત્ પ્રમાણમાં છે.
- અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાંથી આદિવાસીઓમાં વ્યવસાયિક પરિવર્તનથી સમાજના સામાજિક સંબંધોમાં પરિવર્તન આવ્યું છે તેવું માનવાવાળા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે.
- અભ્યાસ હેઠળનાં ઉત્તરદાતાઓમાંથી નવા વ્યવસાયોથી યુવાવર્ગ ગતિશીલ બન્યો નથી તેવું કહેનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે. કારણ કે આજનો યુવાવર્ગ સંચારવ્યવહારના માધ્યમો જેવા કે મોબાઈલ અને ટી.વી. પાછળ પોતાનો સમય વધારે ખર્ચી રહ્યા છે.

- અભ્યાસ હેઠળનાં ઉત્તરદાતાઓમાંથી નવા વ્યવસાયોથી આર્થિક પરિસ્થિતિમાં સુધારો આવ્યો નથી તેવું જણાવનાર ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે. કેમકે આદિવાસીઓમાં હજુ પણ વ્યવસાયિક ગતિશીલતાનું પ્રમાણ ખૂબ જ જૂજ પ્રમાણમાં છે.
- અભ્યાસ હેઠળનાં ઉત્તરદાતાઓમાંથી નવા વ્યવસાયથી ઉત્તરદાતાની આવકમાં વધારો થયો નથી તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે જે 73 ટકા છે.
- અભ્યાસ હેઠળનાં ઉત્તરદાતાઓમાંથી વ્યવસાયમાંથી મળતી આવકમાંથી બચત કરતા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે.
- અભ્યાસ હેઠળનાં ઉત્તરદાતાઓમાંથી નવો વ્યવસાય શરૂ કરવા માટે દેવું કરેલ નથી તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે જ્યારે દેવું કરેલ છે તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી ઓછું છે.
- અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાંથી ખેતીમાંથી જે વસ્તુનું ઉત્પાદન થાય તે માટે યોગ્ય કિંમત નથી મળતી તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે.
- અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાંથી હાટ બજારમાં અનાજ કે શાકભાજીનું વેચાણ કરતા નથી તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે જે 33 ટકા છે. કેમકે આદિવાસીઓ મોટાભાગે ચોમાસામાં ખાવા પૂરતી જ શાકભાજી કરે છે.
- અભ્યાસ હઠળનાં ઉત્તરદાતાઓમાંથી વધુ મહેનતાણું કયા વ્યવસાયમાંથી મળે તેવા ઉત્તરદાતાઓ નવા વ્યવસાયોમાંથી વધુ મહેનતાણું મળે છે તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે.
- અભ્યાસ હેઠળનાં ઉત્તરદાતાઓમાંથી નવા વ્યવસાયથી આદિવાસીઓની અર્થવ્યવસ્થા સમૃદ્ધ બની નથી તેવું માનનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે.

આથી આમ કહી શકાય કે આજે પણ આદિવાસીઓની અર્થવ્યવસ્થા ખૂબ જ નબળી છે.

- અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાંથી સહકારી મંડળીથી સમાજમાં નવો આર્થિક પ્રવાહ શરૂ થયો નથી તેવું માનનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે. કેમકે સહકારી મંડળના સભ્યો જનતાનો નહિ પણ પોતાનો વિકાસ કરવા માટે સહકારી મંડળીમાં જોડાતા હોય છે.
- અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાંથી નવા આર્થિક વ્યવસ્થા જોડાતા ભૌતિક સંસ્કૃતિમાં પરિવર્તન આવ્યું નથી તેવું માનનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ વધુ જોવા મળે છે. કારણ કે આદિવાસીઓની અર્થવ્યવસ્થા એટલી સમૃદ્ધ નથી. તેની ભૌતિક સુવિધાઓ પણ તેમના પાસે ઓછી જોવા મળે છે.

# સંદર્ભસૂચિ


| ક્રમ | લેખકનું નામ | પુસ્તકનું નામ, પ્રકાશન |
|---|---|---|
| 1 | પ્રો.એ.જી.શાહ<br>પ્રો.જે. કે. દવે | સંશોધન પદ્ધતિઓ,<br>અનડા પ્રકાશન,<br>1992 |
| 2 | પ્રો.એ.જી.શાહ<br>પ્રો.જે. કે. દવે | આદિવાસીનું સમાજશાસ્ત્ર (2006-07)<br>અનડા પ્રકાશન, અમદાવાદ |
| 3 | ડૉ.મુસ્તાકઅલી | આદિવાસીઓની પલટાતી આર્થિક સ્થિતિનો અભ્યાસ<br>(1995), ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-380014 |
| 4 | મુસ્તાલી મસવી | ગુજરાતના આદિવાસીઓની અર્થવ્યવસ્થા (1983)<br>ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-380014 |
| 5 | ડૉ.વિદ્યુત જોષી | આદિવાસી વિકાસદર્શન (2009)<br>આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર,<br>ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-380014 |
| 6 | વિમલ શાહ | ગુજરાતના આદિવાસીઓ (1966) |

| | | |
|---|---|---|
| | | ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-380014 |
| 7 | ડૉ.મીતાશ્રી ઠાકર | આદિવાસી વિકાસ અને વન (2004)<br><br>યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ. |
| 8 | એફ. દીપક ચૌધરી | જંગલખેતી : ડાંગનો સળગતો પ્રશ્ન (2003)<br><br>ઢોલ આદિવાસી ચેતનાનું સામયિક, ભાષા સંશોધન કેન્દ્ર, પ્રકાશન દિનેશ મિ સામે, વડોદરા. |
| 9 | ગુલાબભાઈ ડી. પટેલ | ઉદ્યોગીકરણથી આદિવાસીઓમાં આવેલ આર્થિક, સાંસ્કૃતિક અને સામાજીક પરિવર્તન (1999)<br><br>ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |
| 10 | માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર | આદિવાસીઓની પલટાતી આર્થિક સ્થિતિનો અભ્યાસ,<br><br>ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |
| 11 | ડૉ. હર્ષિદા દવે | માનવશાસ્ત્ર (2005)<br><br>યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ. |
| 12 | ડેવિડ હાર્ટિમેન | જંગલ ખેતી : ડાંગ (1830-1932) |

| | | |
|---|---|---|
| | | ‘ઢોલ’ આદિવાસી ચેતનાનું સામયિક (2003)<br><br>ભાષા સંશોધન કેન્દ્ર, પ્રકાશન, દિનેશ મિલ સામે |
| 13 | ઠોકરભાઈ નાયક<br><br>ગૌરીશંકર પંડ્યા | ગુજરાતના સીદી (એક અનુસૂચિત જનજાતિનો વિકાસલક્ષી સામાજિક આર્થિક અભ્યાસ) (1980)<br><br>ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |

**વર્ષ : 2017-18**

**અનુસૂચિ**

**વિષય : આદિવાસીઓમાં વ્યાવસાયિક વૈવિધ્યતાના પ્રવાહો એક સમાજશાસ્ત્રીય અભ્યાસ**

**(ડાંગ જિલ્લાના આહવા તાલુકાને કેન્દ્રમાં રાખીને)**

માર્ગદર્શક — **ડૉ.અશોકભાઈ પટેલ**

સંશોધક — **ધર્મેન્દ્રભાઈ બી. ગાયકવાડ**

(1) ઉત્તરદાતાની સામાન્ય માહિતી :

1.1 ઉત્તરદાતાનું નામ : ...............................................................................................

1.2 ગામ : ..........................

1.3 ઉંમર : ..........................

1.4 જાતિ : (1)પુરુષ ☐ (2) સ્ત્રી ☐

1.5 ધર્મ : ..........................

1.6 વ્યવસાય : (1) ખેતી ☐ (3) નોકરી ☐ (4) ધંધો ☐
(2) ખેતમજુરી ☐ (5) અન્ય ..............................

1.7 કુટુંબનો પ્રકાર : (1) સયુંક્ત ☐ (2) વિભક્ત ☐

1.8 વૈવાહિક દરજ્જો : (1) પરણિત ☐ (2) અપરણિત ☐ (3) વિધુર ☐
(4) વિધવા ☐ (5) ત્યક્તા ☐

| ક્રમ | કુટુંબના સભ્યોના નામ | ઉત્તરદાતા સાથેનો સંબંધ | જાતિ | | ઉંમર | શિક્ષણ | | | વૈવાહિક દરજ્જો | વ્યવસાય | વાર્ષિક આવક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | સ્ત્રી | પુરુષ | | અભણ | ચાલુ | બંધ | | | |
| 1 | | | | | | | | | | | |
| 2 | | | | | | | | | | | |
| 3 | | | | | | | | | | | |
| 4 | | | | | | | | | | | |
| 5 | | | | | | | | | | | |
| 6 | | | | | | | | | | | |
| 7 | | | | | | | | | | | |
| 8 | | | | | | | | | | | |
| 9 | | | | | | | | | | | |
| 10 | | | | | | | | | | | |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 11 | | | | | | | | | | | |

## (2) ભૌતિક માહિતી :

2.1 તમારા ઘરમાં કયા કયા આધુનિક ભૌતિક સાધનો છે ?

| ક્રમ | ભૌતિક સાધનો | હા | ના |
|---|---|---|---|
| 1 | ટી.વી. | | |
| 2 | ફ્રિજ | | |
| 3 | ટુવિલર | | |
| 4 | ફોરવિલર | | |
| 5 | સાયકલ | | |
| 6 | કમ્પ્યુટર | | |
| 7 | પંખો | | |
| 8 | મોબાઈલ | | |
| 9 | વોશિંગ મશીન | | |
| 10 | અન્ય | | |
| | કુલ | | |

2.2 મકાન પોતાનું છે ? હા ☐ ના ☐

જો 'હા' તો (1) કાચું મકાન ☐ (2) પાકું મકાન ☐ (3) અર્ધ કાચું ☐ (4) ઝુપડું ☐

## (3) પરંપરાગત વ્યવસાય અંગેની માહિતી :

3.1 તમારા પાસે જમીન છે ? હા ☐ ના ☐ હા તો કેટલી .....................

(1) વીઘા .................. (2) એકર ................ (3) હેકટર ...................

3.2 શું તમે પરંપરાગત વ્યવસાય સાથે જોડાયેલા છો ? હા ☐ ના ☐

જો 'હા' તો કયા ?

(1) ખેતી ☐ (2) ખેતમજુરી ☐ (3) છૂટક મજૂરી ☐

(4) અન્ય ..................

3.3 શું તમને પરંપરાગત વ્યવસાય કરવાનું ગમે છે ? હા ☐ ના ☐

3.4 પરંપરાગત ખેતીના વ્યવસાયમાં તમે કયા પાકોનું વાવેતર કરો છો ?

(1) નાગલી ☐ (2) વરઈ ☐ (3) ડાંગર ☐

(4) તુવેર ☐ (5) અડદ ☐ (6) મગફળી ☐

(7) અન્ય .....................

3.5 પરંપરાગત વ્યવસાય ખેતી સાથે બિયારણ ક્યાંથી લાવો છો ?

(1) પરંપરાગત બિયારણ ☐ (2) બીજ નિગમમાંથી ☐ (3) ખાનગી એગ્રોની ☐ દુકાનેથી

3.6 પરંપરાગત ખેતીના વ્યવસાય માટે કયા સાધનોનો ઉપયોગ કરો છો ?

(1) હળ ☐ (2) લાકડાનું શુળ ☐ (3) દાતરડા ☐

(4) કુહાડી ☐ (5) ગાડલું ☐ (6) ત્રિકમ, કોદાણી ☐

(7) અન્ય ..........................

3.7 પરંપરાગત વ્યવસાય તમારા બાળકોએ જાણવી રાખવો જોઈએ ? હા ☐ ના ☐

3.8 વંશપરંપરાગત વ્યવસાયથી તમારા કુટુંબનું ગુજરાન ચાલે છે ? હા ☐ ના ☐

જો 'ના' તો કઈ રીતે ગુજરાન ચલાવો છો ?

(1) જંગલખાતાના કામે જાવ છો. ☐

(2) બહારગામ કામ કરવા જાવ છો. ☐

(3) ખેતમજુરી કરો છો. ☐

(4) ઔદ્યોગિક મજુરીએ જાવ છો. ☐

(5) અન્ય .......................

3.9 પરંપરાગત વ્યવસાયમાં ગૌણ વ્યવસાય તરીકે તમે પશુપાલન કરો છો ?હા ☐ ના ☐

જો 'હા' તો કયા ?

(1) ગાય ☐ (2) બળદ ☐ (3) બકરા ☐

(4) ઘેટા ☐ (5) ભેંસ ☐ (6) અન્ય .............................

3.10 પરંપરાગત વ્યવસાયમાં ખેતી કરવા માટે તમે નાણા ક્યાંથી મેળવો છો ?

(1) ખેતીનાં આવકમાંથી ☐ (2) શાહુકાર પાસેથી ☐

(3)સગાસંબંધી પાસેથી ☐ (4) મિત્રો પાસેથી ☐

(5) અન્ય ...............................

3.11 ખેતી કરવા માટે સિંચાઈ પદ્ધતિનો ઉપયોગ કરો છો ? હા ☐ ના ☐

3.12 પરંપરાગત ખેતીના વ્યવસાયમાં કયા ખાતરનો ઉપયોગ કરો છો ?

(1)સેન્દ્રિય ખાતર ☐ (2) ફર્ટિલાઈઝર ખાતર ☐ (3) અન્ય ................

3.15 તમે જંગલમાં શિકાર કરવા જાવ છો ?હા ☐ ના ☐

જો 'હા' તો કયા પ્રાણી, પક્ષીઓનો શિકાર કરો છો ?

3.14 તમે જંગલમાંથી કઈ વનપેદાશો મેળવો છો ?

(1) મધ ☐ (2) લાકડુ ☐ (3) ફળ અને ફુલ ☐

(4) ટિમરુના પાંદડાઓ ☐ (5) જડીબુટી ☐ (6) અન્ય ................

3.15 શું તમે તમારા બાળકોને પરંપરાગત વ્યવસાયનું જ્ઞાન આપો છો ? હા ☐ ના ☐

## (4) વ્યવસાયિક વૈવિધ્યતાના પ્રવાહ અંગેની માહિતી :

4.1 વર્તમાન સમયમાં તમારા વ્યવસાયમાં પરિવર્તન આવ્યું છે ? હા ☐ ના ☐

જો 'હા' તો કયા ? ..........................................................

4.2 શું તમને કોઈ નવો વ્યવસાય સ્વીકારવાની પ્રેરણા મળી છે ? હા ☐ ના ☐

જો 'હા' તો ક્યાંથી ? ..................................................................

(1) કુટુંબ પાસેથી ☐ (2) સગાસંબંધીઓ પાસેથી ☐

☐ ☐

(3) મિત્રો પાસેથી (4) સંચાર માધ્યમોથી

(5) અન્ય ............................................

4.3 તમને ખેતી સિવાયના અન્ય કયા નવા વ્યવસાયમાં જોડાવવું ગમે છે ?

(1) નોકરી ☐ (2) કંપનીના કામો ☐ (3) તાલીમી વ્યવસાય ☐

(4) ધંધો ☐ (5) અન્ય ..........................

4.4 તમે તમારા બાળકોને શિક્ષણ આપવા માંગો છો ? હા ☐ ના ☐

4.5 નવા વ્યવસાયો તમારા મતે કેવો છે ?

(1) ફાયદાકારક છે. ☐ (2) ખર્ચાળ છે. ☐

(3) નુકશાનકાક છે ☐ (4) અન્ય .............

4.6 જ્યારે તમે નવા વ્યવસાય સ્વીકારો છો ત્યારે તમને મુશ્કેલી પડે છે ? હા ☐ ના ☐

4.7 નવા વ્યવસાયો માટે સરકાર પાસેથી કોઈ તાલીમ મળે છે ? હા ☐ ના ☐

4.8 કયો વ્યવસાય બાળકો માટે વધુ ફાયદાકારક છે ?

(1) નવો વ્યવસાય ☐ (2) વશંપરાપરંગત વ્યવસાય ☐

4.9 તમારા બાળકોને તમે ઔદ્યગિક કામ કરવા મોકલો છો ? હા ☐ ના ☐

4.10 તમે કોઈ સહકારી મંડળીમાં સદસ્ય છો ? હા ☐ ના ☐

4.11 વ્યવસાયિક વૈવિધ્યથી તમારી રહેણીકરણીમાં પરિવર્તન આવ્યું છે ? હા ☐ ના ☐

4.12 તમે નવા વ્યવસાય માટે કોઈ લોન બેન્કમાંથી લીધી છે ? હા ☐ ના ☐

4.13 તમે કયા પ્રકારના કામો માટે બહાગામ જાવ છો ?

(1) શેરડીના ☐ (2) દ્રાક્ષના ☐ (3) દાડમના ☐ (4) ડુંગળીના ☐

## (5) વ્યવસાયિક વૈવિધ્યથી આવેલું સામાજિક પરિવર્તન અંગેની માહિતી :

5.1 નવા વ્યવસાયથી તમારા સામાજિક જીવનમાં પરિવર્તન આવ્યું છે ? હા ☐ ના ☐

5.2 કયા વ્યવસાયો સ્વીકારવાથી સમાજમાં પરિવર્તન આવશે ?

(1) સરકારી અને અર્ધસરકારી નોકરી ☐ (2) ગૃહ ઉદ્યોગો ☐

(3) વેપાર ☐ (4) ઔદ્યોગિક કામો ☐

(5) અન્ય ....................

5.3 નવો વ્યવસાય બાળકોને ભણાવામાં ઉપયોગી થાય છે ? હા ☐ ના ☐

5.4 નવા વ્યવસાયથી વ્યક્તિના સ્થાનમાં પરિવર્તન આવે છે ? હા ☐ ના ☐

5.5 નવો વ્યવસાય સ્વીકારવાથી તમારા સમાજમાં શિક્ષણમાં વધારો થયો છે ? હા ☐ ના ☐

5.6 તમારા બાળકોને કેવા પ્રકારનું શિક્ષણ આપવા માગો છો ?

(1) આર્ટ્સ ☐ (2) કોમર્સ ☐ (3) સાયન્સ ☐ (4) ટેક્નિકલ ☐

5.7 તમે તમારા પુત્ર-પુત્રીને સમાન શિક્ષણ આપો છો ? હા ☐ ના ☐

5.8 તમારા કુટુંબના કોઈ સભ્યો નોકરી સાથે જોડાયેલાં છો ? હા ☐ ના ☐

5.9 આદિવાસી સમાજમાં કોઈ નોકરી કરે તેને વિશેષ મહત્વ આપવામાં આવે છે ? હા ☐ ના ☐

5.10 તમે તમારા બાળકોને કયા માધ્યમમાં ભણાવો છો ?

(1) ગુજરાતી માધ્યમમાં ☐ (2) અંગ્રેજી માધ્યમમાં ☐ (3) હિન્દી માધ્યમમાં ☐

5.11 વ્યવસાયિક પરિવર્તનોથી સમાજના સામાજિક સંબંધોમાં પરિવર્તન આવ્યું છે ? હા ☐ ના ☐

5.12 નવા વ્યવસાયોથી યુવાવર્ગ ગતિશીલ બન્યો છે ? હા ☐ ના ☐

## (6) વ્યવસાયિક વૈવિધ્યથી આવેલું આર્થિક પરિવર્તન અંગેની માહિતી :

6.1 નવા વ્યવસાયોથી તમારી આર્થિક પરિસ્થિતિમાં સુધારો આવ્યો છે ? હા ☐ ના ☐

જો 'હા' તો કેવો ?

(1) આવક વધી છે. ☐ (2) રહેણીકરણી બદલાઈ છે. ☐

(3) ભૌતિક સુખ-સુવિધાઓ વધી છે ☐ (4) અન્ય ............................

6.2 તમારા વ્યવસાયમાંથી આવક મળે છે તેમાંથી બચત કરો છો ? હા ના

6.3 નવા વ્યવસાય શરૂ કરવા માટે તમે દેવું કરેલ છે ? હા ☐ ના ☐

6.4 ખેતીમાંથી જે વસ્તુનું ઉત્પાદન થાય છે તે માટે યોગ્ય કિંમત મળી રહે છે ? હા ☐ ના ☐

6.5 ખેતી સુધરવાથી તમે કયા શાકભાજી-અનાજનું બજારમાં વેચાણ કરો છો ?

6.6 વધુ મહેનતાણું તમને કયા વ્યવસાયમાંથી મળી રહે છે ?

(1) પરંપરાગત વ્યવસાયમાંથી ☐ (2) નવા વ્યવસાયમાંથી ☐

6.7 નવા વ્યવસાયથી તમારી અર્થવ્યવસ્થા સમૃદ્ધ બની છે ? હા ☐ ના ☐

6.11 શું સહકારી મંડળીઓના કારણે સમાજમાં નવો આર્થિક પ્રવાહ શરૂ થયો છે ?હા ☐ ના ☐

જો 'હા' તો કેવો ?

...............................................................................................................

જો 'હા' તો કેમ નહિ

?...............................................................................................................

6.12 નવી આર્થિક વ્યવસ્થા સાથે જોડાતા તમારી ભૌતિક સંસ્કૃતિમાં પરિવર્તન આવ્યું છે ?

હા ☐ ના ☐